# વિજ્ઞાન અને અધ્યાત્મ

મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી

# વિજ્ઞાન અને અધ્યાત્મ


લેખક

મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી



પ્રકાશક

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીમાર્ગ, ફુવારા સામે, અમદાવાદ ૧.

©

જ્ઞાનપ્રસારાર્થે

આ પુસ્તકનું પુનર્મુદ્રણ કે ભાષાંતર કરવાની સંમતિ લેખક પાસેથી મળી શકશે.

પ્રથમ પ્રકાશન : નવેમ્બર ૧૯૭૧

બીજી આવૃત્તિ : નવેમ્બર ૧૯૭૨

ત્રીજી આવૃત્તિ : જાન્યુઆરી ૧૯૭૮

કિંમત : રૂપિયા ચાર

પ્રકાશક :

કાન્તિલાલ ગોવિંદલાલ શાહ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,

ગાંધીમાર્ગ, ફુવારા સામે, અમદાવાદ.

અન્ય પ્રાપ્તિસ્થાનો

(૧) સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ, અમદાવાદ–૧.

(૨) સેવંતીલાલ વી. જૈન, બુકસેલર,
૨૦, મહાજન ગલી, પહેલે માળે, ઝવેરી બજાર, મુંબઈ–૨.

(૩) નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨.

(૪) સોમચંદ ડી. શાહ, પાલીતાણા (સૌરાષ્ટ્ર).

(૫) વિદ્યાર્થી વસ્તુ ભંડાર, વાણિયાવાડ, ભૂજ (કચ્છ).

મુદ્રક :

ડાહ્યાભાઈ એમ. પટેલ, ભગવતી મુદ્રણાલય,

૧૯, અજય એસ્ટેટ, દુધેશ્વર રોડ, અમદાવાદ.

## સમર્પણ

જેમની આતુર જ્ઞાનપિપાસાએ
આ કૃતિનું સર્જન કરવા મને પ્રેર્યો
તે
સર્વ જિજ્ઞાસુઓને

# મનની વાત

## ( પહેલી આવૃત્તિના નિવેદનનો સંક્ષેપ )

જુલાઈ, ૧૯૬૯માં સમાચાર આવ્યા કે, માનવી ચંદ્રની ધરતી ઉપર પગ દઈ ચૂક્યો છે. તે પછી થોડા જ દિવસે છાપાંઓએ મથાળાં ચમકાવ્યાં કે ચંદ્રની બીજી સફળ સફર કરીને માનવી ત્યાંની માટી લઈ આવ્યો છે. આ સમાચારે ધાર્મિક વર્તુળોમાં સારો એવો ખળભળાટ મચાવ્યો. શ્રદ્ધાળુ ગણાતા વર્ગમાં પણ એક પ્રશ્ન ઘૂમરાવા લાગ્યો : કોણ સાચું, વિજ્ઞાન કે ધર્મશાસ્ત્રો ? ભાવિકોની ધર્મશ્રદ્ધા ટકાવી રાખવા, ધાર્મિક વર્તુળોમાં ખુલાસો થતો રહ્યો કે "ચંદ્ર ઉપર પહોંચવાની વાત એ વૈજ્ઞાનિકોએ ઉડાવેલો એક ગપગોળો માત્ર છે." પરંતુ બુદ્ધિજીવીઓના ગળે આ વાત ઊતરે ખરી ?

પ્રૌઢોની ધર્મશ્રદ્ધા પણ આ રીતે હચમચી ઊઠી હોય, ત્યાં નવી પેઢીની તો વાત જ શી ? યુવાન પેઢીમાં તો આધ્યાત્મિક માન્યતાઓને વાંકી નજરે જોવામાં ગૌરવ અનુભવનારો વર્ગ સદા રહ્યો જ છે. તેમાં વળી આજે બીજો એક એવો વર્ગ ઊભો થઈ રહ્યો છે કે જે આધ્યાત્મિક તથ્યો પ્રત્યે કંઈક આદર અને જિજ્ઞાસાવૃત્તિ તો ધરાવે છે, પણ વિજ્ઞાનની ઉપલબ્ધિઓથી અંજાઈ જઈ આધ્યાત્મિક તથ્યોમાં વિશ્વાસ મૂકતાં અચકાય છે. યુવક-યુવતીઓમાં એક એવો વર્ગ પણ દેખાશે કે જેને પોતાને તો આધ્યાત્મિક જગતના જ્યોતિર્ધરોનાં વચનોમાં શ્રદ્ધા બેસતી હોય છે, છતાં, જ્યાં આધ્યાત્મિક જગતને વાંકી દૃષ્ટિએ જોવામાં બુદ્ધિમત્તા મનાય છે એવા, સ્કૂલ-કોલેજોના આજના વાતાવરણમાં તે પોતાની આ શ્રદ્ધાને વ્યક્ત કરતાં સંકોચ અનુભવે છે, એટલું જ નહિ, એ મિત્ર-વર્તુળમાં અતડા ન પડી જવાય તે માટે એની વાતમાં પોતે પણ ટાપસી પુરાવતો થઈ જાય છે. આ પરિસ્થિતિમાં, આજની પેઢીને અને નવી પેઢીને આધ્યાત્મિક તથ્યોનું યથાર્થ મૂલ્યાંકન કરવાની સાચી દૃષ્ટિ મળે એ દિશામાં આંગળી ચીંધવાની આવશ્યકતા મને લાગ્યા કરતી હતી.

એક અણધારી ઘટનાએ અંતરમાં ઘોળાયા કરતા આ વિચારને મૂર્ત સ્વરૂપ અપાવ્યું. વિક્રમ સંવત ૨૦૨૫નું વર્ષ હતું. અમારું ચાતુર્માસ પિંડવાડા (રાજસ્થાન)-

માં હતું. પર્યુષણા મહાપર્વ આવતાં, તત્રસ્થ અમારા વડીલ, પરમપૂજ્ય પંન્યાસ શ્રી હેમંતવિજયજી ગણિવરશ્રી ઇચ્છતા હતા કે પર્યુષણનાં વ્યાખ્યાનો ત્યાં રહેલ તેમના નિશ્રાવર્તી અઠ્ઠાવીશ મુનિઓ પૈકી જુદા જુદા મુનિઓ વાંચે. તદનુસાર કલ્પસૂત્રનું છઠ્ઠું વ્યાખ્યાન, કે જેમાં ગણધરવાદનો સમાવેશ છે તે, મને સોંપાયું. આત્મા, કર્મ, પરલોક, પુનર્જન્મ આદિ અંગે પોતપોતાના મનમાં રહેલ દીર્ઘ કાળની શંકાઓનું ભગવાન મહાવીર પાસેથી સમાધાન મળતાં, ઇન્દ્રભૂતિ આદિ અગિયાર પ્રખર પંડિતો પ્રભુ વીરના ચરણે કઈ રીતે બેસે છે એનો ટૂંક અહેવાલ આ વ્યાખ્યાનમાં આવે છે. એ પ્રસંગના અનુસંધાનમાં, શ્રોતાઓની શ્રદ્ધા દૃઢ કરવાના આશયે, આ વ્યાખ્યાનમાં સામાન્યતઃ લાંબી દાર્શનિક ચર્ચા રજૂ કરવાની પ્રણાલિકા ચાલી આવી છે. મને વિચાર આવ્યો કે 'આજના શ્રોતાને ષડ્દર્શનની ચર્ચાનો ઝાઝો ઉપયોગ રહ્યો નથી; આજે દર્શનોની ભિન્ન ભિન્ન માન્યતાઓ નહિ, પણ તાજેતરમાં ચંદ્ર ઉપર માનવીએ કરેલ પદાર્પણ જેવી વૈજ્ઞાનિક સિદ્ધિઓની વાત એના મનમાં અનેક શંકાઓ જન્માવી રહી છે. તેથી તે, શ્રદ્ધા અને શંકા વચ્ચે ઝોલા ખાતી માનસિક સ્થિતિમાં, માત્ર રૂઢી મુજબ ધર્મમાં પ્રવર્તે છે; જ્યારે નવી પેઢી તો અશ્રદ્ધા તરફ જ વધુ ને વધુ ઢળતી જાય છે. ચાલુ પેઢીની બુદ્ધિને સમાધાન મળે, અને નવી પેઢીને આત્માનું અસ્તિત્વ, પુનર્જન્મ, પરલોક અને કર્મ જેવા ધર્મ-શ્રદ્ધાના પાયાભૂત તથ્યોમાં વિશ્વાસ જાગે એ રીતે ગણધરવાદની રજૂઆત થાય એ આજની આવશ્યકતા છે.' આ પાર્શ્વભૂમાં મેં એ વ્યાખ્યાન માટે કેટલાક મુદ્દા પસંદ કર્યા. તે દિવસના વ્યાખ્યાનમાં તો એમાંની થોડીક જ વાત થઈ શકી, પરંતુ એમાં યુવાનોએ દાખવેલો રસ જોઈને મને થયું કે આ વ્યાખ્યાન માટે જે વિચારી રાખ્યું છે એને સંકલિત કરીને શબ્દદેહ આપી દેવો જોઈએ.

અહીં, મુખ્યતઃ નવી પેઢીને દૃષ્ટિ સમક્ષ રાખી, તેને કંઈક સહાયભૂત થવાના હેતુએ, થોડી વાતો મેં કરી છે. તેથી એ સ્વાભાવિક છે કે આત્માદિ વિષયક, વૈજ્ઞાનિક સ્તરે, વિસ્તૃત અને ઊંડી સમીક્ષાની કે આધ્યાત્મિક સાધનાનાં ગહન રહસ્યોની વિવેચનાની અહીં જેમણે અપેક્ષા રાખી હોય તેમની એ અપેક્ષા આ પુસ્તિકા સંતોષી ન શકે. આધ્યાત્મિક મૂલ્યોમાં જેમને શ્રદ્ધા છે જ તેમને ય, ઉપલક નજરે, કદાચ, આ પુસ્તિકા ઉપયોગી ન જણાય. 'ઉપલક નજરે' એટલા માટે કહું છું કે વિજ્ઞાન પણ જ્ઞાનીઓનાં વચનોને પુષ્ટિ આપી રહ્યું છે એ જાણકારી એ શ્રદ્ધાસંપન્નોને પણ રસદાયી નીવડી છે; એટલું જ નહિ, તેમાંના

ઘણાએ તો આના વાચનથી પોતાની શ્રદ્ધા દઢતર થઈ હોવાના પોતાના જાત-અનુભવ મારી આગળ અત્યંત પ્રમોદ, આશ્ચર્ય અને આનંદ સહ જણાવ્યા યે છે. છતાં, સંભવ છે કે, પ્રથમ નજરે એ વર્ગને, પોતાને માટે, આ પુસ્તિકા ઉપયોગી ન જણાય. પરંતુ, મને વિશ્વાસ છે કે, આ પુસ્તિકાના પરિશીલનથી નવી પેઢીનો ધર્મશ્રદ્ધારહિત પણ મધ્યસ્થ દૃષ્ટિએ વિચાર કરી શકનાર વર્ગ આધ્યાત્મિક જગતનાં તથ્યોનું યથાર્થ મૂલ્યાંકન કરવાની દૃષ્ટિ પ્રાપ્ત કરી શકશે, શ્રદ્ધાળુ યુવકવર્ગ પોતાનો શ્રદ્ધાદીપ વધુ સતેજ કરી ધન્યતા અનુભવશે અને પોતાની એ શ્રદ્ધાને પોતાના મિત્રવર્તુળમાં, નાનમ અનુભવ્યા વિના કે ઉપહાસનો ભય સેવ્યા વિના, ગૌરવભેર વ્યક્ત કરવાનો આત્મવિશ્વાસ પણ મેળવશે. આથી રૂડું શું ?

૫૮, શાંતિનગર સોસાયટી,
આશ્રમ રોડ, અમદાવાદ–૧૩.
અમરેન્દ્રવિજય
૧૦ ઑક્ટોબર, ૧૯૭૧

## બીજી આવૃત્તિ વેળાએ

એક વર્ષની અંદર આ પુસ્તક બીજી વાર પ્રકાશિત થાય છે. ગુજરાતમાં કોઈ પુસ્તક એના પ્રકાશનનું એક વર્ષ પૂરું કરે એટલામાં જ તેની બીજી આવૃત્તિ કાઢવી પડે એ હકીકત એના લેખક માટે સંતોષપ્રદ અને ઉત્સાહજનક ગણાય.

આ પુસ્તકનો સંક્ષેપ 'મુંબઈ સમાચારે' અને 'જૈન' સાપ્તાહિકે પ્રસિદ્ધ કર્યો એ પછી, ગુજરાતના દૈનિક 'જયહિંદે' પણ નવેંબર ૧૯૭૧થી માર્ચ ૧૯૭૨ સુધીના ગાળા દરમ્યાન છ-સાત હપ્તાઓમાં આ પુસ્તકનો સંક્ષેપ પોતાના વાચકોને પીરસ્યો હતો. ઉપરાંત, બિનગુજરાતી-ભાષી વાચકોને આ પુસ્તક સુલભ બને તે માટે અંગ્રેજી, હિંદી તેમ જ મરાઠી ભાષામાં તેના અનુવાદો પ્રસિદ્ધ કરવાનાં સૂચનો પણ મળ્યાં છે. વળી, માત્ર નવી પેઢીની જ નહિ પણ ધર્મશ્રદ્ધાળુ ગણાતા વર્ગની પણ અનેક વ્યક્તિઓએ આના વાચનથી પોતાની ધર્મશ્રદ્ધા દઢતર થઈ હોવાનું મને સહર્ષ જણાવ્યું છે. આ બધું જોતાં હું આજે સંતોષ લઈ શકું કે આ પુસ્તક તૈયાર કરતાં વ્યક્તિગત સાધનામાં મારે જે વિક્ષેપ રહ્યો તે એળે નથી ગયો.

આની પ્રથમ આવૃત્તિ વાંચીને ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ ખગોળવિદ્ ડૉ. છોટુભાઈ સુથારે, પુસ્તકમાં અંગત રસ લઈ, જે સૂચનો આપ્યાં છે તેથી આ આવૃત્તિમાં ખગોળવિષયક નિરૂપણ અદ્યતન અને વધુ પ્રમાણભૂત બન્યું છે.

વળી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પણ, વ્યવસાયી દૃષ્ટિ રાખ્યા વિના, પોતાનાં અનુભવ અને કાર્યદક્ષતાનો લાભ નિષ્કામ ભાવે આ પ્રકાશનને આપી ઓછી કિંમતે આ પુસ્તક ગુજરાતી વાચકોને સુલભ બનાવ્યું છે; એ ઋણસ્વીકાર પણ હું અહીં કરું એ સ્થાને લેખાશે.

અંતે, અનુવાદ માટેનાં સૂચનો કરનાર ગુજરાતી વાચકોને એક વધામણી આપું કે આના હિંદી અનુવાદનું પ્રકાશન કરવા એક હિંદી પ્રકાશન સંસ્થા ગતિશીલ છે; સંભવતઃ ટૂંક સમયમાં જ તે આની હિંદી આવૃત્તિ બહાર પાડશે.

તપગચ્છ જૈન ઉપાશ્રય, ભુજપુર (તા૦ મુંદ્રા), કચ્છ.
નવેમ્બર, ૧૯૭૨. **અમરેન્દ્રવિજય**

## ત્રીજી આવૃત્તિ વેળાએ

આ પુસ્તકના પ્રશંસક વાચક વર્ગને એ જાણીને આનંદ થશે કે પૂર્વે નિર્દેશ કર્યા મુજબ, આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રકાશિત થયા પછી બે-એક મહિને શ્રી જિનદત્તસૂરિ મંડલ–અજમેર–તરફથી પુસ્તકનો હિંદી અનુવાદ બહાર પાડવામાં આવેલો, તે ખલાસ થઈ જતાં, હાલ તેનું પુનર્મુદ્રણ થઈ રહ્યું છે. તેની ભૂમિકા લખશે હિંદી સાહિત્ય જગતના એક લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર, 'અનુત્તર યોગી'ના લેખક શ્રી વીરેન્દ્રકુમાર જૈન. મારા ઉપરના એક પત્રમાં તેઓ લખે છે કે "અધિકતમ વિદ્યાલયોના ઉચ્ચ વર્ગોમાં આ પાઠ્યપુસ્તક બનવું જોઈએ." આ ઉદ્ગાર બીજા કેટલાક વાચકોએ પણ કાઢ્યા છે. તેમની આ ઇચ્છામાં પુસ્તક પ્રત્યેનો વાચકોનો આદર પ્રતિબિંબિત થયો છે.

દરમ્યાનમાં, મુંબઈથી પ્રકાશિત થતા 'પગદંડી' માસિકે આ પુસ્તકનો સંક્ષેપ ગયા બે વર્ષમાં તેના વાચકોને પીરસ્યો છે. એ જ રીતે, અખિલ ભારત શ્વેતાં૦ સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના મુખપત્ર–'જૈન પ્રકાશ' સાપ્તાહિકના તંત્રી શ્રી મહાસુખભાઈ દેસાઈએ પણ '૭૭ના જૂન અને જુલાઈ મહિનામાં, સળંગ સાત લેખોમાં, ક્રમશઃ આ પુસ્તકનો આસ્વાદ એમના વાચકોને કરાવ્યો છે. આમ, આ પુસ્તક વધુને વધુ વાચકો સુધી સ્વયં પહોંચી રહ્યું છે એ હકીકત, એના લેખકના નાતે, મારા માટે સંતોષપ્રદ છે.

અહીં સખેદ એક નોંધ લેવી પડે છે કે આ પુસ્તકના 'આમુખ'ના લેખક, પ્રકાશ વિદ્યાભવનના સ્થાપક અને બાહોશ સંચાલક શ્રી જેઠાલાલભાઈ સી. શાહ, આની બીજી આવૃત્તિ બહાર પડે એ પૂર્વે જ, ઈ. સ. ૧૯૭૨ના સપ્ટેમ્બરની વીશમી તારીખે, આ ફાની દુનિયા છોડી ગયા છે.

જૈન ઉપાશ્રય, સુખપર (તા૦ ભૂજ) કચ્છ.
૧૯ જાન્યુ૦ ૧૯૭૮ **અમરેન્દ્રવિજય**

# આમુખ

વિજ્ઞાન કે અધ્યાત્મ એ બેમાંથી એકે મારું ક્ષેત્ર નથી; એના વિશે કાંઈ પણ લખવું એ મારે માટે અનધિકાર ચેષ્ટા ગણાય. એટલે, આ પુસ્તકની એક નાનકડી પ્રસ્તાવના મારે લખવી એવું સૂચન પૂજ્ય મુનિરાજ શ્રી અમરેન્દ્રવિજયજીએ કર્યું ત્યારે એ માટેની મારી અશક્તિ બતાવી હું છૂટી ગયો. પણ ભાઈ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ આગ્રહ જ કર્યો કે આ પુસ્તક ઊગતી પેઢીને ઉદ્દેશીને લખાયું હોવાથી મારે—આ પેઢી સાથે શિક્ષણક્ષેત્રે જીવન વ્યતીત કરનાર વ્યક્તિના નાતે—આ પુસ્તક અંગે બે બોલ લખવા ઉચિત છે. એમના એ આગ્રહવશ આ પુસ્તક વિશે બે શબ્દો કહેવા પ્રેરાઉં છું, પણ આ પુસ્તકને હું પૂરો ન્યાય આપી શકીશ કે કેમ તે વિશે તો હું હજુ સાશંક જ છું.

પ્રથમ દૃષ્ટિએ, શીર્ષક જોતાં, મનમાં દ્વિધા ઊભી થાય કે વિજ્ઞાન અને અધ્યાત્મને સંબંધ ખરો ? એક કેવળ કસોટી અને નજરે દેખી શકાય એવી વાસ્તવિકતા પર નિર્ભર છે અને માનવીના ઐહિક સુખની જ ચિંતા કરે છે; બીજો, આત્મા અને પરલોક જેવી અતીન્દ્રિય બાબતો અને પારલૌકિક કલ્યાણ સાથે સંકળાયેલ છે. પરંતુ આત્મા, પુનર્જન્મ, પરલોક અને કર્મ જેવી ધર્મ-શ્રદ્ધાની પાયાભૂત બાબતો વિષયક આજના માનવીની જિજ્ઞાસાને વૈજ્ઞાનિક સંશોધનોના પ્રકાશ વડે સંતોષવાનો સફળ પ્રયાસ કરીને પૂ૦ મુનિશ્રીએ અહીં વિજ્ઞાન અને અધ્યાત્મને નિકટ લાવી મૂક્યાં છે.

વિજ્ઞાન દિન-પ્રતિદિન મોટાં સોપાન સર કરતું જાય છે. ચંદ્ર ઉપર ઉતરાણ, રોકેટનું પૃથ્વી પર અને પૃથ્વીના વાતાવરણથી પર રહી પૃથ્વીદર્શન, બ્રહ્માંડનાં અન્ય ગ્રહો અને ઉપગ્રહો વિશે સંશોધનો, માનવીના સ્થાને કામ કરતાં કોમ્પ્યુટરો, અણુની શક્તિને નાથીને તેનો ઉપયોગ માનવીની ઇચ્છાનુસાર કરવાની ક્ષમતા આપતા આવિષ્કારો—આ બધી ફલશ્રુતિ વિજ્ઞાનની પ્રગતિની છે. સ્થળ અને કાળની મર્યાદાઓ ભૂંસી નાખતી ટેલિફોન, વાયરલેસ, રેડિયો અને ટેલિવિઝન જેવી વૈજ્ઞાનિક શોધો તો આપણા રોજિંદા જીવનવ્યહારમાં એટલી બધી ઓતપ્રોત થઈ ચૂકી છે કે આજનો માનવી વિજ્ઞાનને જ અંતિમ

સત્ય તરીકે સ્વીકારતો થઈ ગયો છે. સામાન્ય જનસમૂહની જ્યાં આ સ્થિતિ છે ત્યાં વિજ્ઞાનની બોલબાલાના વાતાવરણમાં ઊછરેલો આજનો યુવાન, માત્ર જે નરી આંખે દેખાય, પ્રત્યક્ષ અનુભવાય અને વૈજ્ઞાનિક પદ્ધતિએ પુરવાર થાય તેને જ વાસ્તવિકતા માને એ સહજ છે. નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોમાં એને વિશ્વાસ રહ્યો નથી. જીવનના આધારસ્તંભ ધર્મમાં તેને શ્રદ્ધા જ નથી. તો, વર્તમાન જીવનને સંસ્કારી બનાવી, ઊર્ધ્વ માર્ગે પ્રયાણ કરી, આધ્યાત્મિક કલ્યાણ સાધવાની તમન્ના તો તેને જાગે જ ક્યાંથી? એ વર્ગને અપાતો ધર્મનો ઉપદેશ બહેરા કાન પર અથડાય એમાં શંકા ખરી?

આ પેઢીને ધર્મના સિદ્ધાંતોનો ઉપદેશ આપવો એ નિરર્થક શક્તિવ્યય છે, સમયવ્યય છે. ત્યારે એમાંથી માર્ગ કયો શોધવો? આ પ્રશ્નનો પ્રત્યુત્તર વિદ્વાન મુનિશ્રીનું આ નાનું પુસ્તક આપે છે. યુવાનો, યુવતિઓ કે પ્રૌઢો—જે કોઈ વાંચે તેના મનને સ્પર્શે, ડગમગતી શ્રદ્ધાને દૃઢ કરે તેવું આ નિરૂપણ છે.

પુસ્તકમાં આલેખાયેલાં પ્રકરણો, અલબત્ત, અમુક અમુક વિષયોનું જ નિરૂપણ કરે છે, છતાં તે બધાંય મનનપૂર્વક વાંચ્યા પછી, અધ્યાત્મને 'હંબગ' કહેનારો વર્ગ ધર્મનું શરણું સ્વીકારતો થાય એ નિઃશંક છે.

'આત્મા અને ઇ. એસ. પી. સંશોધનો'–Extra Sensory Perceptions–ના પ્રકરણમાં જે દૃષ્ટાન્તો ટાંક્યાં છે તે પરથી એટલું ચોક્કસ પુરવાર થાય છે કે યોગસાધના દ્વારા દિવ્ય દૃષ્ટિ સાધ્ય બને છે અને એ વિષયમાં વિજ્ઞાને હાથ ધરેલાં સંશોધનોનાં પરિણામોએ એ બતાવી દીધું છે કે માનવી કોઈ અતીન્દ્રિય શક્તિ ધરાવે છે, જેના ફળસ્વરૂપે આજે વિજ્ઞાન-જગતમાં એ સત્ય ગુંજતું થયું છે કે "શરીરના નાશ પછી પણ કંઈક કાયમ રહે છે." આ 'કંઈક' એ ભૌતિક નથી, પણ ચૈતન્ય અને આત્મા છે, એ વાત મુનિશ્રી, ખુદ વૈજ્ઞાનિક સંશોધકોના જ અહેવાલો ટાંકીને, પછીનાં પ્રકરણોમાં સિદ્ધ કરે છે.

'ચૈતન્ય શું રાસાયણિક પ્રક્રિયાઓની નીપજ છે?'—એ પ્રકરણ વાંચતાં તો એમ જ ભાસ થાય છે કે વિજ્ઞાનના જ કોઈ ગ્રંથનો જાણે આપણે અભ્યાસ કરતા હોઈએ. જીવવિજ્ઞાનની તલસ્પર્શી સમીક્ષા આ પ્રકરણમાં મળે છે. વિજ્ઞાનની મર્યાદાનો સ્પષ્ટ ખ્યાલ પૂ૦ મુનિશ્રી અહીં આપે છે. વિજ્ઞાન રોકેટો છોડી શકે છે, પણ એક પુષ્પની પાંખડીનું ય સર્જન કરી શકે છે? પ્રાથમિક કક્ષાની જીવસૃષ્ટિનું નિર્માણ, સજીવ બીજની મદદ વિના, વિજ્ઞાન કરી શકતું નથી, તો તે માનવચેતના ક્યાંથી પ્રગટાવી શકે? વિજ્ઞાન જ્યાં

અટકે છે, ત્યાં આધ્યાત્મિક પ્રજ્ઞા પ્રકાશ પાથરે છે. ચૈતન્ય રાસાયણિક પ્રક્રિયાની નીપજ નથી, તે કોઈ અગમ્ય–અપાર્થિવ શક્તિ છે, એ હકીકત આ પ્રકરણ વાંચતાં કોઈ પણ વિમર્શશીલ માનવીને સ્વીકારવાની ફરજ પડે છે.

આત્માના અસ્તિત્વને પડકારનાર વર્ગને આ પુસ્તકના ત્રીજા પ્રકરણમાં સ્પષ્ટ જવાબ મળી રહે છે. એડ્ગર કેસીનાં અઢી હજાર લાઈફ રીડીંગ્ઝે આપેલા સચોટ પુરાવાએ તેમ જ પુનર્જન્મ વિષયક યુનિવર્સિટી કક્ષાએ થઈ રહેલાં સંશોધનોએ, અમેરિકામાં તેમ જ જગતભરમાં, પુનર્જન્મના સિદ્ધાંતને પ્રસ્થાપિત કરી દીધો છે. ' એજ-રીગ્રેશન ' દ્વારા એ સાબિત થાય છે કે વ્યક્તિના જ્ઞાનનો આધાર દેહ નથી, દેહથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવનાર કોઈ જુદું તત્ત્વ દેહમાં છે, અને દેહના નાશ સાથે એ તત્ત્વનો નાશ થતો નથી. આત્માને પોતાની અભિવ્યક્તિ માટે એક શરીર કાર્યક્ષમ ન જણાય તો તે એ કાર્યને અનુરૂપ અન્ય શરીર શોધી લે છે, એ દર્શાવતું રસુલપુરના જશવીર નામના સાત વર્ષના છોકરાનું અદ્ભુત દૃષ્ટાંત સચોટ રીતે બતાવી આપે છે કે આત્માને પોતાની હયાતી માટે શરીરની જરૂર નથી, પણ તે માત્ર અભિવ્યક્તિ માટે શરીરનો સાથ શોધે છે.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે મૃત્યુ થતાં આત્મા દેહ ત્યજી ક્યાં જાય છે? ' આધુનિક ખગોળ અને પરામનોવિજ્ઞાન-નિર્દિષ્ટ પરલોકમાં ડોકિયું ' એ શીર્ષક હેઠળના ચોથા પ્રકરણમાં પૂ૦ મુનિશ્રી આ વાત ઉપર પ્રકાશ પાડે છે. એ પ્રકરણના પ્રારંભમાં પૂ૦ મુનિશ્રીએ બ્રહ્માંડમાં રહેલાં અન્ય ગ્રહો, તારાઓ અને નિહારિકાઓનો પરિચય આપીને વિશ્વની વિરાટતાનો ખ્યાલ આપ્યો છે.

ખગોળમાં પણ મુનિશ્રીનો અભ્યાસ કેટલો ઊંડો હશે એની આપણને અહીં ઝાંખી મળે છે. લંડન સોસાયટી ફોર સાઈકીકલ રીસર્ચના પ્રમુખશ્રીના પ્રવચનમાંથી ઉલ્લેખ ટાંકીને મુનિશ્રી દર્શાવે છે કે આપણી ઇન્દ્રિયોની મર્યાદા જ્યાં આવી જાય ત્યાં કુદરતી લીલા અટકી જતી નથી. સામાન્ય માનવી અને યોગીઓ–સાધકોની દૃષ્ટિમાં ફેર અહીં જ પડે છે. આપણી દૃષ્ટિ ઇન્દ્રિયોથી દેખાતા જગત સુધી જ જાય છે, જ્યારે યોગીઓની આંખ વર્તમાન જગતથી પર જઈ અતીતમાં ડોકિયું કરી શકે છે.

અઢી હજાર વર્ષ પહેલાં, ભારતના આર્ષદ્રષ્ટા ભગવાન મહાવીરે, સામાન્ય વાત કહેતા હોય તેમ, ભાખેલું કે વનસ્પતિમાં પણ જીવ છે ને તેને સ્પર્શતાં

દુઃખ થાય છે — આ હકીકતને વિજ્ઞાનજગતમાં ત્યારે સ્થાન મળ્યું, જ્યારે ક્રેસ્કોગ્રાફ સર જગદીશચંદ્ર બોઝે શોધ્યો. ભારતીય સંસ્કૃતિ માટે આધુનિક શોધો નવી નથી. આપણાં મહાકાવ્યો–મહાભારત અને રામાયણ, પ્રાચીન જૈન આગમો અને ઉપનિષદોમાં તો એવા વિપુલ જ્ઞાનભંડારનો સંચય થયેલો જોવા મળે છે કે જે જ્ઞાન, આટઆટલી સાધનસામગ્રીની સહાય છતાં, વિજ્ઞાનને આજે ય અપ્રાપ્ય રહ્યું છે. આઈન્સ્ટાઈન જેવા પ્રખર વિજ્ઞાનશાસ્ત્રીએ પણ આધ્યાત્મિક અનુભવ અને ઊર્મિને માનવને ઉપલબ્ધ સર્વોત્તમ સંવેદન તરીકે પ્રમાણી છે. પરંતુ, અત્યારે આપણે એવા સંક્રાન્તિકાળ અને સંક્રાન્તિસીમાડે ઊભા છીએ કે આજની પેઢીને અધ્યાત્મની કોઈ બીના હૃદયંગમ બનાવવી હોય તો તે વૈજ્ઞાનિક ઢબે સમજાવવી પડશે.

પૂ૦ મુનિશ્રીએ 'આપણો પ્રાણપ્રશ્ન' એ શીર્ષક હેઠળ વૈજ્ઞાનિકો અને આધ્યાત્મિકોની વચમાં સમાન ભૂમિકા કયાં અને કેવી રીતે છે તે સહજ રીતે બતાવ્યું છે. નિરર્થક વિવાદમાં સમય-શક્તિ ન વેડફતાં તેઓશ્રીએ કહ્યું છે કે "આપણા અનંત પ્રવાસની પશ્ચાદ્ભૂમાં આપણું વર્તમાન જીવન કઈ રીતે વિતાવવું શ્રેયસ્કર છે એ પ્રાણપ્રશ્નના ઉકેલમાં પોતાની સર્વ શક્તિ રેડવી ઘટે." આ માર્ગ ચીંધીને, પછીના પ્રકરણમાં, તેઓશ્રી જૈનધર્મના નિચોડરૂપ કર્મના સિદ્ધાંતનો માર્મિક નિર્દેશ કરે છે.

આલ્બર્ટ સ્વાઈટ્ઝરે આફ્રિકામાં વિતાવેલા સેવાભાવી જીવનનો ઉલ્લેખ કરીને પૂ૦ મુનિશ્રી એક પ્રશ્ન રજૂ કરે છે કે 'માનવસેવા એ જ પ્રભુસેવા છે' એ ભાવનાને મૂર્તસ્વરૂપ આપવાની વૃત્તિ સ્વાઈટ્ઝરમાં પ્રગટી કયાંથી? બાળપણમાં પણ એનામાં એ વૃત્તિ દેખાઈ હતી, પણ એનાં મૂળ કેવળ બાળપણમાં જ નથી હોતાં; તે તો પહોંચે છે ગત જન્મમાં અને એનાથી ય પહેલાંના જન્મોમાં આત્મા ઉપર ચઢેલાં આવરણ અને સંસ્કરણમાં.

સૂત્રરૂપ એક વાકચ પૂ૦ મુનિશ્રીએ મૂકયું છે કે "પ્રકૃતિને કોઈ રીતે છેતરી શકાતી નથી" તે ખૂબ મનનીય છે. અંધારે-અજવાળે, સારું-નરસું કરેલું કર્મ માનવીને જે તે બદલો આપે જ છે. કુદરતના આ નિયમનું ઉલ્લંઘન કોઈ વ્યક્તિ પૃથ્વીના પેટાળમાં સંતાય તો ય કરવા શક્તિમાન નથી. માનવી આ સૂત્રને સતત યાદ રાખીને વર્તે તો દુષ્ટ વૃત્તિઓ તેને સ્પર્શે નહિ, અને સત્કર્મોનો સંચય કરવા તે સ્વયં પ્રેરાય. કુદરત મંગળ કાર્યોનો બદલો વિના માગ્યે આપે છે. ગીતાએ નિર્દેશેલો નિષ્કામ કર્મનો સિદ્ધાંત અને જૈનધર્મની

કર્મથીઅરિનો અહીં જ સમન્વય છે. કર્મનો આ નિયમ એ દીવા જેવું દેખાડી દે છે કે માનવી પોતે જ પોતાના જીવનનો ઘડવૈયો છે. બુદ્ધિને ગ્રાહ્ય થાય એ રીતે આ નિયમ રજૂ કરીને લેખક આપણને આપણી મર્યાદાઓના મૂળ કારણ સુધી લઈ જાય છે, અને આપણી વર્તમાન પરિસ્થિતિમાં ઇચ્છિત પરિવર્તન લાવવાની અર્થાત્ સુખી અને સમૃદ્ધ જીવનની પ્રાપ્તિની ખરી ચાવી આપણા હાથમાં મૂકી, નિરાશાના સ્થાને જીવનમાં નવી આશાનો સંચાર કરી દે છે.

અંતે પૂ૦ મુનિશ્રીએ માનવજીવનના અંતિમ ધ્યેય પ્રત્યે ઇશારો કર્યો છે. ભૌતિક સમૃદ્ધિ ક્ષણિક છે, તેનાથી મળતું સુખ ક્ષણભંગુર છે; સાચી સમૃદ્ધિ આત્માની છે. અવિનાશી આત્મસંપત્તિના અધિકારી થવા માટે, ચિત્તમાં ઊઠતી વાસનાઓ અને સંકલ્પ-વિકલ્પનું નિયમન કરતા કાનૂનોનું જ્ઞાન મેળવીને, દેહ અને મનથી પાર રહેલ તત્ત્વનો સ્પર્શ કરવાની આવશ્યકતાનું બહુમૂલું સૂચન આપી મુનિશ્રી, ઉપદેશ આપવા રોકાયા વિના, બાજુએ ખસી જાય છે. આજની પેઢીની વ્યક્તિસ્વાતન્ત્ર્યની વૃત્તિને ટકોરો વાગે એવું કશું જ ન કરતાં, શ્રેયના માર્ગે જવું કે પ્રેયના માર્ગે જવું તે તેની વિવેકબુદ્ધિ ઉપર છોડીને, એમણે તો માત્ર માર્ગ ચીંધીને વિદાય લીધી છે. આજના માનસની એમની ઊંડી પરખનું આમાં પ્રતિબિંબ છે.

આ પુસ્તક વાંચતાં પ્રતીતિ થાય છે કે મુનિશ્રીનું જ્ઞાન વિશાળ છે. ધર્મની સાધના સાથે એમણે આ અભ્યાસ અને મનન ક્યારે કર્યાં હશે? કેળવણીના ક્ષેત્ર સાથે સંકળાયેલી મારા જેવી વ્યક્તિને લાગે છે કે તેઓનું આ જ્ઞાન કોલેજના તેમ જ હાઈસ્કૂલના ઉપલાં ધોરણોના વિદ્યાર્થીઓને મળે તો ઘણું સુંદર પરિણામ આવે. વિજ્ઞાન ઉપર નિષ્ઠાવાળી ઊગતી પેઢીમાં આ પુસ્તકનો શક્ય તેટલો વધુ પ્રસાર થાય એ આપણી આધ્યાત્મિક સંસ્કૃતિની રક્ષાર્થે ખૂબ જ ઇચ્છનીય છે.

હું તો ઇચ્છું છું કે ઊગતા મુગ્ધ કિશોરો માટે પણ મુનિશ્રી કંઈક લખે. મારો સ્વાનુભવ છે કે પ્રાર્થના સમયે ઉદ્દેશેલા બે બોલ પણ મુગ્ધ કિશોરોના મન પર વ્યાપક અને કાયમની અસર કરી જાય છે. તેમના જીવનને સન્માર્ગે વાળવાનો આ જ ઉપાય છે. જ્ઞાનસંસ્કારનું ભાથું શાળાજીવનમાં જ સંપાદિત થાય. જૈન સાહિત્યમાં અનેક સંસ્કારપોષક કથાઓ સંગ્રહાયેલી પડી છે. શિષ્ટ અને સરળ ભાષામાં નાની પુસ્તિકાઓ લખાય તો એમાંથી અનેકવિધ

પ્રેરણા કિશોર-કિશોરીઓ પામી શકે. આજની પ્રજાને ધર્મને નામે આપેલો સીધો ઉપદેશ રુચતો નથી; પરંતુ જ્ઞાનવાર્તામાંથી કે જીવનપ્રસંગોમાંથી ઊઠતો સહજ ઉપદેશ તેમના અંતરને સ્પર્શી જાય છે. આવા શિષ્ટ વાચનની આજની શાળા, મહાશાળા કે પુસ્તકાલયોમાં જરૂર છે. પૂ૦ વિદ્વાન મુનિરાજોના હાથે આવાં પુસ્તકોની ભેટ મેળવવાનું સદ્ભાગ્ય સાંપડશે ખરું ?

પૂજ્ય મુનિશ્રીના આ પુસ્તકને મૂલવવાની મારી શક્તિ નથી. પરંતુ એટલું નિશ્ચિત છે કે વિજ્ઞાન અને અધ્યાત્મ જેવા ગહન વિષયને સ્પર્શતું હોવા છતાં આ પુસ્તક દૃષ્ટાન્તસમૃદ્ધ હોવાથી વાચનરસિક અને માહિતીપૂર્ણ બન્યું છે; અને એ નિશ્ચિત છે કે આનું વાચન ધર્મના સિદ્ધાંતોમાં વિશ્વાસ ન ધરાવનાર વ્યક્તિઓને પણ જીવનમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની આવશ્યકતા અંગે નવેસરથી વિચાર કરતી કરી મૂકશે.

પ્રકાશ વિદ્યાભવન; અમદાવાદ.

તા૦ ૭-૧૧-૭૧.

**જેઠાલાલ સી. શાહ**

# વિષયનિર્દેશ


| | |
|---|---|
| મનની વાત | ૪ |
| બીજી આવૃત્તિ વેળાએ | ૬ |
| ત્રીજી આવૃત્તિ વેળાએ | ૭ |
| આમુખ | ૮ |
| શુદ્ધિપત્રક | ૧૬ |
| **૧. આત્મા અને ઇ. એસ. પી. સંશોધનો** | **૩–૧૨** |
| અતીન્દ્રિય જ્ઞાનના ચમકારા | ૩ |
| યોગસાધના દ્વારા પ્રાપ્ત 'દિવ્ય દૃષ્ટિ' | ૪ |
| —દૂર-દર્શનની પ્રતીતિ | ૬ |
| —'ત્રિકુટીભેદ'થી પ્રાપ્ત સહજ જ્ઞાન | ૭ |
| ઇ. એસ. પી. સંશોધનો | ૮ |
| એ સંશોધનોએ આણેલી ક્રાન્તિ | ૧૦ |
| **૨. ચૈતન્ય શું રાસાયણિક પ્રક્રિયાઓની નીપજ છે?** | **૧૩–૨૪** |
| જીવવિજ્ઞાનની એક અટકળ | ૧૩ |
| વિજ્ઞાનની મર્યાદા | ૧૪ |
| 'પ્રવાસી' ચેતના | ૧૫ |
| જ્ઞાનચેતનાનો આધાર | ૧૭ |
| જીવન અને મૃત્યુની ભેદરેખા કોણ આંકે છે? | ૧૮ |
| હઠયોગનો 'ચમત્કાર' | ૨૦ |
| ૨૮ દિવસે 'કબર'માંથી બેઠો થતો ફકીર | ૨૨ |
| દેહથી સ્વતન્ત્ર અસ્તિત્વ | ૨૪ |
| **૩. વૈજ્ઞાનિક સ્તરે પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર** | **૨૫–૩૬** |
| જાતિસ્મરણના કિસ્સાઓ | ૨૫ |
| પુનર્જન્મનો ઇન્કાર અશક્ય | ૨૭ |
| એક નવતર દિશામાંથી સાંપડેલો સજ્જડ પુરાવો | ૨૮ |
| હિપ્નોસિસ | ૩૦ |
| વર્જીનીયા બીચનો એ 'ચમત્કારિક માનવી' | ૩૦ |

—કેસીનાં ‘ લાઈફ રીડીંગ્ઝ ’ ૩૨
અંત વગરનું અસ્તિત્વ : આત્મતત્ત્વ ૩૩
દેહ અને આત્માનો સંબંધ—વિજ્ઞાનની પરિભાષામાં ૩૫

**૪. આધુનિક ખગોળ અને પરામનોવિજ્ઞાન-નિર્દિષ્ટ ‘પરલોક’માં ડોકિયું ૩૭–૫૨**
અફાટ બ્રહ્માંડ ૩૮
—આકાશગંગાની અજાયબીઓ ૩૮
—જીવસૃષ્ટિવાળા ગ્રહો ૪૦
‘ એસ્ટ્રલ વર્લ્ડ ’ ૪૨
ચંદ્રની ધરતી પર બીજી સૃષ્ટિ ! ૪૭
અન્વેષણનું અધૂરાપણું ૫૦

**૫. આપણો પ્રાણપ્રશ્ન ૫૩–૬૩**
આત્મવિશુદ્ધિ દ્વારા પ્રાપ્ય પ્રજ્ઞાનો પ્રત્યક્ષ પુરાવો ૫૪
વૈજ્ઞાનિકો અને ધાર્મિકો એકબીજાને સમજવાની ધીરજ કેળવે ૫૫
વિજ્ઞાનની પરિવર્તનશીલતા ૫૬
તત્ત્વજ્ઞાનની નિકટ સરકી રહેલું વિજ્ઞાન ૫૮
આ જાગૃતિ ધાર્મિક વર્તુળો કેળવે ૬૦
સમાન ભૂમિકા ૬૩

**૬. સુખ-સમૃદ્ધિનો મૂળ સ્રોત ૬૪–૭૬**
પૂર્વનાં જીવનોમાં પોષાયેલી વૃત્તિ-પ્રવૃત્તિનો પડઘો ૬૫
કુદરતનો અનુલ્લંઘનીય કાયદો ૬૬
આપણી વર્તમાન પરિસ્થિતિનું બીજ ૬૮
કર્મના સિદ્ધાંતને અપનાવવા ઉત્સુક બનેલું પશ્ચિમ ૬૯
આપણા બંધનનું દોરડું ૭૧
સુખ-સમૃદ્ધિનો મૂળ સ્રોત ૭૨
કર્મના નિયમથી પર ૭૩
આંતર પ્રકૃતિ ઉપર વિજય ૭૩

**અધ્યાત્મવાદનું ઉજ્જ્વળ ભાવિ ૭૭–૭૮**

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯ | ૧૦ | શબ્દ | શબ્દો |
| ,, | ૨૫ | Imprisioned | Imprisoned |
| ૧૦ | ૨૬ | ,, | ,, |
| ૧૭ | ૭ | ધ્વની | ધ્વનિ |
| ,, | ૮ | વિદ્યત | વિદ્યુત્ |
| ૧૯ | ઉપાંત્ય | Inprisioned | Imprisoned |
| ૨૩ | ૧૨ | પછી અને | પછી એને |
| ૩૮ | ૬ | કયાં રહ્યા ? | કયાં રહ્યો ? |
| ૪૨ | ૨૬ | the work | that work |
| ૪૩ | છેલ્લી | never eat, | never ate, |
| ૪૪ | ૨૭ | conld know | could know |
| ૫૧ | ૧૩ | date | data |
| ૬૦ | ૩ | પ્રતિપ્રાદન | પ્રતિપાદન |
| ૬૩ | ૧૯ | પશ્ચાદ્ભૂમાં | પશ્ચાદ્ભૂમાં, |
| ૬૪ | ૧૯ | છે નહિ | છે નહિ, |
| ૬૫ | છેલ્લી | શ્રીમદ્ રાજચંદ્ર, | શ્રીમદ્ રાજચંદ્ર; |
| ૬૭ | ૧૧ | પોબારા | પોબાર |
| ૬૮ | ૧૭ | રહ્યો હોય તો | રહ્યા હોય તો, |
| ૭૦ | ૨૯ | rastoration | restoration |
| ૭૧ | છેલ્લી | pp. 335-9. | p. p. 335-6. |
| ૭૫ | ૮ | અથડાશે | અથડાશે, |
| ૭૯ | ૪ | પૃષ્ઠ ૨૩૨+૨૮ | પૃષ્ઠ ડેમી ૨૩૨+૨૮ |
| ,, | ૨૨ | સાંપ્રદાયિકા | સાંપ્રદાયિક |

# વિજ્ઞાન અને અધ્યાત્મ

"સ્મૃતિપટ પરથી ભૂંસાઈ ગયેલા પ્રાચીનોએ જે વાત કરી હતી તેનું જ, પણ જરા જુદી રીતે, પુનરુચ્ચારણ કરવાનો પ્રારંભ વિજ્ઞાન કરી રહ્યું છે, એ જણાવતો પુરાવો વધતો જાય છે."

—ડૉ. પોલ બ્રન્ટન

પૂ. આ. શ્રી વિજય ભક્તિસૂરિ ભ્યો નમઃ
આ. શ્રી વિજય પ્રેમસૂરિ જૈન જ્ઞાન ભંડાર.

# ૧

# આત્મા અને 'ઇ. એસ. પી.' સંશોધનો

વાવંટોળ આવતાં **પહેલાં** ઘેટાંને ટેકરીની ઓથે ચાલ્યા જવાનું કોણ સૂચવે છે? વરસાદના પ્રત્યેક ઝાપટાની પૂર્વે આશ્રયસ્થાન શોધી લેવાની પ્રેરણા કાચબાને ક્યાંથી મળે છે? આ આન્તર સૂઝ–'ઇન્સ્ટિંક્ટ' કે 'ઇન્ટ્યુઇશન'– ક્યાંથી જન્મે છે?–એ વિજ્ઞાનને માટે કોયડો રહ્યો છે. જેનો ઉકેલ મેળવવા વિજ્ઞાન આજે મથામણ કરી રહ્યું છે.

કોઈ પણ જાતની પૂર્વવિચારણા કે તર્ક વિના, અચાનક જ પ્રાપ્ત થતા આવા જ્ઞાનના ચમકારા પ્રસંગોપાત્ત માનવી પણ અનુભવે છે. કોઈક વિશિષ્ટ પરિસ્થિતિમાં કોઈ કોઈ વ્યક્તિને, કોઈ પૂર્વવિચારણા વિના, જ્ઞાનના આવા ઝબકારા મળી જાય છે. લુઈસા ઈ. રૂહાઈને (Louisa E. Rhine) પોતાના પુસ્તક 'હિડન ચેનલ્સ ઑફ ધ માઈન્ડ'માં આવા થોકબંધ દાખલા-ઓનો સંચય કર્યો છે. એમાંના એક-બે નમૂના અહીં આપણે જોઈએ.

## અતીન્દ્રિય જ્ઞાનના ચમકારા

છઠ્ઠી ઓગસ્ટ ૧૯૪૫ની સવારે ઊંઘમાંથી જાગતાં જ, અમેરિકામાં એક માણસે પોતાની પત્નીને કહ્યું કે 'ત્રણ મહિનામાં બેયોન (Bayonne)માં એક મોટા ધડાકામાં બે થી ત્રણ લાખ ગેલન તેલ કે ગેસોલીન હોમાઈ જવાનાં છે; ઘણાના જાન પણ જોખમમાં છે. પણ જો સાવચેતી રખાશે તો એ કમનસીબ બનાવ અટકી જશે.' એ પહેલાં એણે કદી બેયોનનું નામ સાંભળ્યું નહોતું. બેયોન ક્યાં આવ્યું એની પણ એને ખબર નહોતી. એના પુત્ર પાસેથી એને

જાણવા મળ્યું કે બેયોન ન્યુજર્સી (અમેરિકા)માં છે અને તેમાં સ્ટાન્ડર્ડ ઓઈલ કું. ની રીફાઈનરી છે. રીફાઈનરીના વ્યવસ્થાપકને આ આગાહીની જાણ કરવામાં આવી. એણે આભાર માન્યો. પણ, કોણ જાણે, સાવચેતીનાં પગલાં લેવાયાં કે નહિ, છઠ્ઠી નવેમ્બરે આગાહી મુજબની હોનારત સર્જાઈ !

બીજા એક દાખલામાં, એક સ્ત્રી પોતાનો અનુભવ વર્ણવતાં કહે છે : "તે વખતે હું સત્તર વર્ષની હતી, મારી મોટી બહેનનાં લગ્ન એક અચ્છા સંગીતકાર સાથે થયેલાં. બંને એકબીજાને ચાહતાં હતાં અને સુખી હતાં. એક રાતે મને સ્વપ્ન આવ્યું કે મારા બનેવી એક છોકરાની બંદૂકમાંથી એકાએક છૂટેલી ગોળીથી ઘાયલ થઈ નીચે ઢળી પડ્યા છે. ખૂબ જ લોહી વહી જવાથી દાક્તર આવે તે પહેલાં, ત્યાં ને ત્યાં જ, એમનું પ્રાણપંખેરું ઊડી ગયું ! સ્વપ્નમાં, એ પછીનું દશ્ય હતું કે, હું ઊંઘતી હતી અને મારી બાની ચીસથી જાગી ગઈ. હું નીચે દોડી. મારી બા હાથમાં તાર સાથે મને બારણામાં જ મળી. એ તારમાં ઉપર્યુક્ત દુઃખદ ઘટનાના સમાચાર હતા. આ સ્વપ્ને મને ખૂબ બેચેન કરી મૂકી. મેં મારી બહેનને પત્ર લખી સ્વપ્ન જણાવ્યું. શનિવારે એમને કાગળ મળ્યો ત્યારે એમણે આ વાત હસી કાઢી. પરંતુ સોમવારે સવારે મારા બનેવી, બરાબર મેં સ્વપ્નમાં જોયા હતા એ મુજબ જ, બંદુકની ગોળીથી ઘાયલ થઈ મૃત્યુ પામ્યા; અને એનો તાર અમને મળ્યો તે પણ સ્વપ્નમાં મેં જોયેલ તે જ પરિસ્થિતિમાં !"

## યોગસાધના દ્વારા પ્રાપ્ત 'દિવ્ય દૃષ્ટિ'

સામાન્ય માણસને કોઈકવાર આ જ્ઞાનની ઝલક મળી જાય છે. પરંતુ તેના ઉપર એનો અધિકાર નથી હોતો. વર્તમાનમાં દૃષ્ટિમર્યાદા બહારના સ્થળે બનતા બનાવોનું દર્શન કે ભાવિમાં સાકાર થનાર પ્રસંગોનું જ્ઞાન એને પોતાની ઇચ્છા મુજબ નથી થઈ શકતું, પરંતુ, યોગસાધના દ્વારા ચિત્તની શુદ્ધિ અને સ્થિરતા વધતાં, આગળ વધેલા યોગસાધકોને આ જ્ઞાન હસ્તગત થાય છે, જેનો તેઓ પોતાની ઇચ્છાનુસાર ઉપયોગ કરી શકે છે. જેમ બેટરીનો પ્રકાશ આપણે ધારીએ ત્યાં ફેંકી શકીએ છીએ તેમ યોગી આ જ્ઞાનની બેટરી પોતે ધારે તે સ્થળ કે કાળ ઉપર ફેરવી શકે છે; એના જ્ઞાનને સ્થળ અને કાળનું બંધન નડતું નથી. સેંકડો-હજારો માઈલ દૂર બનતા બનાવો એ પોતાના સ્થળે રહ્યો રહ્યો જોઈ શકે છે. ભૂત-ભાવિના બનાવોમાં પણ તે પોતાની 'નજર' નાખી શકે છે અને સામાના મનના વિચારો પણ વાંચી શકે છે.

શાસ્ત્રોમાં તેમ જ આધ્યાત્મિક સાધકોનાં જીવનચરિત્રોમાં આના સંખ્યાબંધ ઉલ્લેખો મળે છે. આપણા સમકાલીનોમાં પણ આવી કેટલીક શક્તિઓ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ મોજૂદ છે.[1] સાચા સાધકો પોતાની આવી શક્તિઓની જાહેરાત કદી નથી કરતા. પરંતુ એમના પરિચયમાં આવનારને કોઈક પ્રસંગે એનો પરચો મળી જાય છે. એનાં એક-બે ઉદાહરણો અહીં આપણે જોઈશું.

લંડનમાં જૂનાં પુસ્તકોની દુકાને રાફેલ હર્સ્ટ નામના એક અંગ્રેજ પત્રકારને એક અજાણી વ્યક્તિની મુલાકાત થાય છે. દિવસો વીતતાં એ મુલાકાત ગાઢ સંબંધમાં પરિણમે છે. એક દિવસે એ ભારતીય મિત્ર અંગ્રેજને કહે છે: "એક દિવસ તમે ભારત જશો, અને સાચા યોગીઓની શોધમાં આખો દેશ ખૂંદી વળશો; અંતે તમારી એ ઝંખના તૃપ્ત થશે." આ ભવિષ્યવાણી સાંભળી આશ્ચર્ય અનુભવતા અંગ્રેજે પૂછ્યું: "તમે એ શાથી જાણ્યું?" "આપણી પ્રથમ મુલાકાત વખતે જ મેં એ જાણેલું! મને તેની આંતરસ્ફુરણા થયેલી. આંતર સ્ફુરણાની શક્તિ કેમ પ્રાપ્ત કરવી એ મારા ગુરુદેવે મને શીખવેલું, અને હવે હું એના ઉપર પૂરો ભરોસો રાખી વર્તું છું."

સમય જતાં એ વાત સાચી ઠરી. એ સફળ પત્રકાર પોતાની ઉજ્જવળ કારકિર્દીને તિલાંજલિ દઈ, ભારતના સાધુ-સંતો અને યોગીઓના સમાગમ અર્થે ભારતના ખૂણેખૂણામાં ઘૂમ્યો. એણે જનસંપર્ક ટાળતા કેટલાયે યોગીઓ અને સંતોને ખોળી કાઢીને એમનો સમાગમ સાધ્યો. તે દરમ્યાન પણ એને અતીન્દ્રિય જ્ઞાનશક્તિના આવા પરચા વારંવાર મળ્યા. દા૦ ત૦ કુંભકોનમના શંકરાચાર્ય સાથેની મુલાકાતના અંતે એમણે એ અંગ્રેજના સાથીદારના કાનમાં કહેલું કે "તમારા મિત્ર આખા ભારતનો પ્રવાસ કરી ચૂકશે, ઘણા યોગીઓને મળશે અને ઘણા ગુરુઓનો ઉપદેશ સાંભળશે; પણ આખરે એમને મહર્ષિ (શ્રી રમણ મહર્ષિ) પાસે પાછું ફરવું પડશે. એમને માટે એકમાત્ર મહર્ષિ જ યોગ્ય ગુરુ છે."[2] ('અ સર્ચ ઈન સિક્રેટ ઈન્ડિયા, પૃ૦ ૨૩–૩૧, અને ૨૭૬)–અને અંતે એવું જ બન્યું. ઘણું ઘણું રખડી–આથડીને આખરે

---

૧ જુઓ : Yogic Powers and God-Realization, (pp. 162–95), by V.M. Bhatt, (Bharatiya Vidya Bhavan, Chawpaty, Bombay-7).

૨. Dr. Paul Brunton : A Search In Secret India, pp. 23–31 & 276, (Rider & Co.)

એ અંગ્રેજ શ્રી રમણ મહર્ષિના ચરણે બેઠા, ને એમની પાસેથી આત્મવિચાર અને ધ્યાનની 'દીક્ષા' પ્રાપ્ત કરી.[3]

## —દૂર-દર્શનની પ્રતીતિ

પૂનાના રહીશ શ્રી મીટકર પણ 'દૂર-દર્શન' આદિ આવી અતીન્દ્રિય શક્તિઓ ધરાવે છે. પૂર્વના અને પશ્ચિમના પત્રકારોએ પણ એની ખાતરી કરી છે. (જુઓ, 'ન્યુયોર્ક જર્નલ, ૧૦ માર્ચ, ૧૯૪૬). તેમની એ શક્તિઓનો પરિચય આપતાં 'યોગિક પાવર્સ એન્ડ ગોડ-રીઅલાઇઝેશન'–ના લેખક શ્રી વી. એમ. ભટ્ટ લખે છે (પૃ૦ ૧૮૪–૫) કે "મેં એમના વિશે સૌપ્રથમ પુરીના શ્રી શંકરાચાર્ય પાસેથી સાંભળ્યું તે વખતે હું યેવલામાં હતો અને મીટકર પૂનામાં હતા. તેથી મેં મારા મિત્ર પ્રો. એન. જી. દામલે, એમ. એ. (પૂનામાં તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક)ને પત્ર લખ્યો અને વિનંતી કરી કે તેમણે શ્રી મીટકરને મળીને તેમની એ શક્તિઓની ખાતરી કરવી. શ્રી કરમારકર અને શ્રી બક્ષીને સાથે લઈને પ્રો. દામલે શ્રી મીટકરને મળ્યા અને તેમની શક્તિઓનો પરચો જોવાની પોતાની ઇચ્છા તેમને દર્શાવી. મુધોલમાં આવેલ શ્રી બક્ષીના ઘરનું, તેની પાસેનાં નાનાં મકાનોનું, તેમાંના સરસામાનનું અને તેની આસપાસના પ્રદેશનું આબેહૂબ વર્ણન કરીને શ્રી મીટકરે તેમને આશ્ચર્યમાં નાંખી દીધા, કારણ કે મીટકરે આખા જન્મારામાં એ પ્રદેશ જોયેલો જ નહિ. તે ઉપરાંત સદ્ગત ડૉ. આર. ડી. રાનડે અને અન્ય મિત્રો સાથે પ્રો. દામલેએ ક્યાં અને ક્યારે ફોટો પડાવેલ એનું વર્ણન કરીને શ્રી મીટકરે પ્રો. દામલેને પૂરો સંતોષ આપ્યો. એમણે એ પણ જણાવ્યું કે એમાંના એક મિત્રને પગે સફેદ ડાઘ હતો. શ્રી કરમારકરના એક સંબંધી મુંબઈમાં એક અગ્રગણ્ય દાક્તર છે, અને ત્યાંની એક મોટી હૉસ્પિટલમાં કામ કરે છે. ત્યાં તેમણે તાજેતરમાં કરેલ એક ઓપરેશનમાં કંઈક નવી જ પદ્ધતિ અપનાવેલી.

---

૩. રાફેલ હર્સ્ટે પોતાની ભારતયાત્રાનો રોચક અહેવાલ 'પોલ બ્રન્ટન' ઉપનામથી ઉપર્યુક્ત પુસ્તકમાં પ્રસિદ્ધ કર્યો છે. એ પુસ્તકે શ્રી રમણ મહર્ષિને અને લેખકને એટલી બધી ખ્યાતિ અપાવી કે ત્યારથી શ્રી રમણાશ્રમ (તિરુવન્નમલઈ)માં વિદેશી જિજ્ઞાસુઓનો અસ્ખલિત પ્રવાહ વહેતો થઈ ગયો અને લેખક આજે એ ઉપનામથી જ ઓળખાય છે.

ત્રણ-ચાર વર્ષ પહેલાં, આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ બહાર પડ્યો છે. એનું નામ છે: 'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં.'

અનુવાદક: યોગેશ્વર (પ્રકાશક: વોરા એન્ડ કું. મુંબઈ–૨).

શ્રી મીટકર પૂનામાં જ હતા, છતાં તેમણે એ ઓપરેશનનું, દરદીની સ્થિતિનું, દરદીના ખાટલાનું, અને ઓપરેશનમાં અપનાવાયેલ નવતર પદ્ધતિનું અથથી ઇતિ સુધીનું જે ચોકસાઈભર્યું વર્ણન કર્યું, તે સાંભળીને ડૉ. કરમારકર તો એમની દૂરદર્શનની આવી અદ્‌ભુત શક્તિથી આભા જ બની ગયા. શ્રી મીટકરે એ પણ કહ્યું કે ખુદ દાક્તરના હાથનું હાડકું ભાંગી ગયું હતું અને ધાતુની પટ્ટીથી તે જોડવામાં આવ્યું છે.

"મારો પોતાનો અનુભવ : શ્રી મીટકરની શક્તિની પરીક્ષા કરવા એકવાર મેં મારા મિત્રના ઘેર તેમને આમંત્ર્યા હતા. મેં એમને પૂછ્યું કે નજીકના ભવિષ્યમાં મને ગુરુનો ભેટો થઈ તેમના આશીર્વાદ પ્રાપ્ત થશે કે કેમ ? જરા થોભીને એમણે કહ્યું કે ગુરુના આશિષ મને નાસિકમાં મળી ચૂકયા જ છે. વધારામાં, નાસિકમાં શ્રી ગજાનન મહારાજ ગુપ્તેના આશિષ મને પ્રાપ્ત થયા એ પ્રસંગનો એમણે તાદશ ચિતાર રજૂ કર્યો, જેથી એ પ્રસંગની અને એ અવસરે મારા મનમાં જાગેલા ભાવોની સ્મૃતિ તાજી થઈ ગઈ—જોકે ત્યારે મેં એને વધુ મહત્ત્વ આપ્યું ન હતું.

"'એસોસિએટેડ પ્રેસ ઑફ અમેરિકા'વાળા શ્રી એસ. જી. સતુરામન અને 'નેશનલ હેરાલ્ડ,' લખનઉ–ના શ્રી રામ રાવ શ્રી મીટકરને પહેલી જ વાર મળ્યા, ત્યારે શ્રી મીટકરે, રામ રાવનાં વર્ધા, લખનઉ અને કાનપુરનાં ઘરોનું ઝીણવટભર્યું વર્ણન કરીને, તેમને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. રામ રાવને એમની અતીન્દ્રિય શક્તિઓની પ્રતીતિ થઈ ગઈ. મીટકરે સતુરામનના મુંબઈમાં આવેલ ઘરનું વર્ણન કર્યું અને તે ઘડીએ દીવાનખાનામાં કોણ કોણ બેઠું છે તે પણ કહ્યું. મુંબઈ પહોંચીને તપાસ કરતાં, એ વાત પૂરેપૂરી યથાર્થ ઠરી."

શ્રી મીટકર જી. વી. કો.ના એક અધિકારી છે, પૂનામાં રહે છે. નામ એમ. વી. મીટકર છે, પણ મિત્ર-વર્તુળમાં તેઓ 'બાપુ સાહેબ મીટકર' તરીકે ઓળખાય છે.

## —'ત્રિકુટીભેદ'થી પ્રાપ્ત સહજ જ્ઞાન

યોગીઓની અતીન્દ્રિય જ્ઞાન-શક્તિનો એક વધુ દાખલો આપણે જોઈશું : એક સ્ટેશન માસ્તરની દશેક વર્ષની પુત્રી સર્પદંશથી મૃત્યુ પામે છે. શ્રી મકરંદ દવેની હાજરીમાં એ સ્ટેશન-માસ્તર યોગી પાસે આવે છે. ત્યારે એ ભાઈનું

દુ:ખ હળવું કરવા એ યોગી, મરણ પામેલી છોકરીને થયેલ સર્પદંશની પૂર્વ-ભૂમિકાનું આબેહૂબ ચિત્ર રજૂ કરી, પહેલાં પોતાના જ્ઞાનની યથાર્થતાની પ્રતીતિ છોકરીના પિતાને આપે છે. પછી એ છોકરીના ગત જન્મોનો વૃત્તાંત કહી, એના ભાવિ જન્મની આગાહી કરે છે કે જે સમય જતાં અક્ષરશઃ સત્ય ઠરે છે. આનું રોચક બયાન મકરન્દ દવે 'યોગી હરનાથના સાન્નિધ્યમાં' નામના તેમના પુસ્તકમાં (પૃ૦ ૩૭–૪૧) આપે છે. એ યોગી પોતાની આ શક્તિનો ખુલાસો કરતાં કહે છે કે "ગુરુ મહારાજની કૃપાથી જ્યારે ત્રિકુટીભેદ થયો ત્યારે ત્રણ વસ્તુ એકીસાથે મળી : સ્વતંત્રતા, સ્વાનંદ અને સહજ જ્ઞાન...કોઈ પણ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરતાં તેના રહસ્યનું મને અનાયાસે જ્ઞાન પ્રગટ થવા માંડ્યું. હરેક વસ્તુનું રહસ્ય મારી સામે અનાયાસે પ્રગટ થતું. કોઈ વ્યકિતને જોઉં તો એનું જીવન છતું થઈ જાય. કોઈ વસ્તુને જોઉં તો એનો ઇતિહાસ ખૂલી જાય. કોઈ વનસ્પતિને જોઉં તો એના ગુણધર્મ અંતરમાં ઊગવા લાગે."[૪]

## ઇ. એસ. પી. સંશોધનો

અવારનવાર, સામાન્ય માણસોને પણ જ્ઞાનની આકસ્મિક સ્ફુરણાના આવા છૂટાછવાયા અનુભવો થતા હોવા છતાં, પશ્ચિમમાં, સામાન્ય રીતે, આવી

---

૪. મકરન્દ દવે : "યોગી હરનાથના સાંનિધ્યમાં" પૃ૦ ૨૩, ૩૦. (વોરા એન્ડ કંપની, મુંબઈ-૨).

આવી અતીન્દ્રિય જ્ઞાનશક્તિ માટે જૈન પરિભાષામાં અવધિજ્ઞાન, વિભંગજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન શબ્દો પ્રચલિત છે. વિભંગ કે અવધિજ્ઞાન વડે કોઈ પણ વસ્તુનું, સ્થળ કે કાળના પ્રતિબંધ વિના, જ્ઞાન થઈ શકે છે. મનઃપર્યવજ્ઞાનથી બીજાના મનના વિચારો જાણી શકાય છે. ભગવાન મહાવીરના શિષ્યોમાંથી તેરસો મુનિઓને અવધિજ્ઞાન અને પાંચસોને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયાનો ઉલ્લેખ છે; જ્યારે વર્તમાનમાં, જૈન સાધકવર્ગમાં આવી અતીન્દ્રિય જ્ઞાનશક્તિનો ઉઘાડ કોઈને ભાગ્યે જ થતો જોવામાં આવે છે. તટસ્થ અને સત્યશોધક મનોવૃત્તિ રાખીને પોતાની સાધનાનું અન્વેષણ કરી જૈન સાધકોએ આમ થવાનું કારણ શોધી કાઢવું જોઈએ.

ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાઓની સ્પર્શના જેના વડે શક્ય બને છે, તે ચિત્ત-શુદ્ધિ, ચિત્તસ્થૈર્ય અને ધ્યાન જેવાં સાધનાનાં મહત્ત્વનાં અંગો ઉપર જરૂરી ઝોક રહેવાને બદલે કેવળ બાહ્ય ક્રિયાકાંડ ઉપર—અને તેમાંય ગુણવત્તા કરતાં એના પ્રમાણ ઉપર—જ વિશેષ ઝોક અને ધ્યાનાભ્યાસની સમૂળગી ઉપેક્ષાનું આ પરિણામ શું ન હોઈ શકે? (લેખકકૃત "આત્મજ્ઞાન અને સાધનાપથ"નું પરિશીલન જિજ્ઞાસુઓને આ અન્વેષણમાં સહાયક નીવડશે.)

વાતોની પહેલાં હાંસી થતી. તેથી લોકો પોતાના અનુભવો કહેતાં અચકાતા. પરંતુ હવે આ દિશામાં વૈજ્ઞાનિક સ્તરે સંશોધનો હાથ ધરાતાં પરિસ્થિતિ બદલાઈ છે. ચાળીસેક વર્ષ પૂર્વે, અમેરિકામાં, ડ્યુક યુનિવર્સિટીના આશ્રયે, ડ્યુક પેરાસાઈકોલોજી લેબોરેટરીમાં, જે. બી. રૂહાઈને આ કામ હાથ ધર્યું હતું. ત્યારબાદ ઘણાં સ્થળે આ સંશોધન આગળ ધપી રહ્યું છે. અને એ વિષયમાં થતા અખતરાઓ અને તેનાં પરિણામોનું નિરૂપણ કરતું વિપુલ સાહિત્ય હવે ઉપલબ્ધ છે.[૫]

આ જ્ઞાન કોઈ પણ ઇન્દ્રિયની મદદ વિના થાય છે તેથી, આ શક્તિને આધુનિક પરામનોવિજ્ઞાને નામ આપ્યું છે : 'એકસ્ટ્રા સેન્સરિ પર્સેપ્શન'– 'ઇ. એસ. પી.' અંગ્રેજીમાં સામાન્ય રીતે આને માટે 'કલેરવોયન્સ', 'ટેલીપથિ' અને 'ઇન્ટયુઈશન' શબ્દ પ્રચલિત છે.

આના સંબંધમાં થઈ રહેલા સંશોધને એ બતાવી આપ્યું છે કે માનવી, આજ સુધી વિજ્ઞાન માનતું આવ્યું છે તેમ, માત્ર ભૌતિક તત્ત્વનો બનેલો નથી. આ સંશોધનોના પ્રમુખ સંચાલક શ્રી જે. બી. રૂહાઈન લખે છે કે "માનવી અતીન્દ્રિય જ્ઞાનશક્તિ ધરાવે છે, એ હવે એક નિર્વિવાદ હકીકત બની ચૂકી છે. ... ... ... આ વિષયમાં છેલ્લાં પચીશ વર્ષથી નિરંતર સંશોધન થઈ રહ્યું છે, ... ... જેના પરિણામે કેટલીક શોધો થઈ શકી છે, જે ક્રાન્તિકારક છે. ક્રાન્તિકારક એટલા માટે કે ખરેખર નવી શોધનો સ્વીકાર ઝટ થતો નથી; કારણ કે તે ચીલાચાલુ માન્યતાઓ અને સિદ્ધાંતોને આંચકો આપે છે. માનવીમાં રહેલ અતીન્દ્રિય જ્ઞાનશક્તિ માટેના પુરાવાઓનું ખરેખર આવું જ છે. એ માનવી વિશેના વર્તમાન વિજ્ઞાનમાન્ય સિદ્ધાંતો કે જે માનવીને કેવળ ભૌતિક તત્ત્વોનો બનેલો ગણે છે, તેની વિરુદ્ધ જાય છે.

---

૫. એમાંનાં થોડાં નામો આ રહ્યાં :

(i) The Reach of the Mind : J. B. Rhine, (Faber & Faber, 1948).

(ii) New World of the Mind : ,, ,, ,, 1954.

(iii) The Imprisioned Splendour : Raynor Johnson, (Harper & Row, 1953).

(iv) Challenge of Psychical Research : Gardner Murphy, (Hamish Hamilton, 1961).

અતીન્દ્રિય જ્ઞાનવિષયક હકીકતો માનવી કેવળ ભૌતિક તત્ત્વનો બનેલો છે એ સિદ્ધાંત સાથે મેળ ખાતી નથી."[૬]

'ઇ. એસ. પી.' ઉપરાંત બીજા પણ અનેક પ્રકારે આ સંશોધન થઈ રહ્યું છે, જેમાં આપણા સ્થૂલ શરીરમાંથી નીકળી, સૂક્ષ્મ શરીરે અન્યત્ર જઈ આવવાની વાતનો[૭] અને પુનર્જન્મના સિદ્ધાંતનો પણ સમાવેશ થાય છે.

## એ સંશોધનોએ આણેલી ક્રાંતિ

આ સંશોધનો જડવાદી પશ્ચિમના માનસમાં પણ કેવું જબરું પરિવર્તન આણી રહ્યાં છે! એક અમેરિકન ઉદ્યોગપતિ અને બેંકર આ સંશોધનોમાં રસ

૬. Now the occurrence of ESP (extra sensory perception) has been shown to be a fact .. .. ..Research in ESP has been going on steadily, especially so over the last twenty-five years, and inspite of the many difficulties and the small number of workers, some discoveries have been made that are revolutionary. Why are they revolutionary ? Because....disoveries, if really new, are not readily accepted; they upset too many old habits and theories. The evidence for ESP does just that. As Arthur Koestler explains in "The Sleepwalkers," ESP runs counter to current scientific theories about man; theories that interpret man in terms of purely physical and chemical (or mechanistic) processes. The facts about ESP do not fit the physical theory of man and those who hold to that theory are likely to reject the disturbing facts at first. In time, of course, fact will triumph and conflicting theory be rejected.

– J. B. Rhine : In his foreword to 'Hidden Channels of the Mind.'

૭. જુઓ (i) The Imprisioned Splendour, (pp. 218–240), Raynor Johnson, (Harper & Row, 1953).
(ii) The Projection of the Astral Body, Muldoon and Carrington, (Rider, 1929).
(iii) The Case for Astral Projection : Muldoon, (Aries Press, 1938).
(vi) Astral Projection : Oliver Fox, (Rider, 1939).
(v) Practical Astral Projection : Yrams, (Rider, 1935).

લીધા પહેલાંની પોતાની નાસ્તિક મનોભૂમિકાનું વર્ણન કરતાં લખે છે કે "ત્યારે મને આશ્ચર્ય થતું કે લોકો એટલુંય કેમ નહિ સમજતા હોય કે મૃત્યુ જીવનની સમગ્ર લીલાનો નિશ્ચયાત્મક રીતે અંત આણે છે? મૃત્યુ પછી જીવનની શકયતાની ચર્ચા શા માટે? મૃત્યુ થતાં બધું જ સમાપ્ત થઈ જાય છે. એમાં કોઈ પ્રશ્નને અવકાશ જ કયાં છે? વિજ્ઞાનના પ્રયત્ન છતાં, ત્રણ સૈકામાં તે એકે આત્માની અમરતા પુરવાર કરી શકયું નથી. માટે શૂન્યમાંથી કંઈક ઊભું કરવાનાં આ ફાંફાં શા માટે?" એ જ વ્યકિત પરામનોવિજ્ઞાનનાં સંશોધનોમાં ઊંડા ઊતર્યા પછી લખે છે કે "પરામનોવિજ્ઞાનનાં સંશોધનોમાંથી નીકળતા તારણમાં સૌથી મહત્ત્વની વાત એ તરી આવે છે કે આખરે માણસ એ માત્ર ભૌતિક યંત્ર નથી. માણસનો અભ્યાસ કરતા વૈજ્ઞાનિકો છેલ્લાં ત્રણસો વર્ષ દરમ્યાન એમ જ માનતા આવ્યા છે કે માનવ એ માત્ર ભૌતિક તત્ત્વોનું રમકડું જ છે. એ માન્યતાથી જુદા જતા નવા પુરાવા, માણસ ખરેખર શું છે એની સાચી સમજણ તરફ લઈ જનાર, એક વિરાટ પગલું છે. ......પરામનોવિજ્ઞાનનાં સંશોધનો આપણને કયાં લઈ જશે એની આજે કલ્પના આવવી પણ મુસ્કેલ છે. માનવમાં ભૌતિક તત્ત્વથી વિલક્ષણ કંઈક–કંઈક આધ્યાત્મિક–તત્ત્વ રહેલું છે, એનો પુરાવો વિરાટ અસરો જન્માવશે. મૃત્યુ બાદ શરીરના નાશ પછી પણ કંઈક કાયમ રહે છે એ સત્ય આખરે **'લેબોરેટરી'**ને ઉચ્ચારવું પડશે. અતીન્દ્રિય જ્ઞાનવિષયક સંશોધને તો આવી શકયતાનું સૂચન કયારનુંય કરી દીધું જ છે. અને...ધ્યાન રાખજો કે આ તો પાશેરામાં પહેલી પૂણી જ છે."[૮]

---

૮. પહેલાં—Why couldn't everyone, I wondered, see..that death peremptorily ended the whole show? And why all the argument about the possibility of life after death? Anyone could plainly see that a dead body was very dead indeed. How could anyone seriously believe otherwise? Three hundred years of science had failed to prove the immortality of a single soul. So why try to make something out of nothing?..

પછી—Of all the findings that have emerged from parapsychology research, perhaps the most significant is the fact that man is not, after all, merely a physical machine. For three centuries the scientists of human nature have regarded man as nothing more than a physical contraption. The new evidence to the contrary is a wonderful step towards learning what man really is. →

'ધ ફાઈન્ડીંગ ઑફ ધ થર્ડ આઈ'માં વેરા સ્ટેન્લી ઑલ્ડર (Vera Stanley Alder) લખે છે કે "થોડા જ સંશોધને એ શક્યતા ઊભી કરી દીધી છે કે વિજ્ઞાનની શોધો અને પૂર્વકાળના જ્ઞાની પુરુષોનાં વચનો એકબીજામાં સમાઈ જશે. એ બેમાં જે ફરક દેખાય છે તે માત્ર શાબ્દિક અને રજૂઆતનો જ છે."૯ પ્રાકૃતિક જગતનાં રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેના ઉપર માનવીનું પ્રભુત્વ સ્થાપિત કરતી વિજ્ઞાનની નિતનવી શોધખોળોથી પ્રભાવિત થઈ આજનો ભણેલોગણેલો ગણાતો માનવી જ્યારે આધ્યાત્મિક જગતથી દૂર ખસી રહ્યો છે, ત્યારે ઉપર્યુક્ત ઉદ્ગારો કોઈનું પણ ધ્યાન ખેંચે એ સહજ છે.

આજે સામાન્ય માનવી ભલે ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓ જોઈને વિજ્ઞાનથી અંજાઈ જતો હોય અને સર્વ વિષયોમાં વિજ્ઞાનને જ પ્રમાણભૂત –ઑથોરિટિ ગણીને પોતાનાં મંતવ્યો નક્કી કરતો હોય, પણ વિજ્ઞાન પોતે તો આધ્યાત્મિક જગત પ્રત્યે જિજ્ઞાસુભાવે મીટ માંડી રહ્યું છે અને આધ્યાત્મિક જગતના જ્યોતિર્ધરોનાં કથનોને તે પોતાની પ્રયોગાત્મક શૈલીથી ચકાસી જોવા ઉત્સુક છે. એ જિજ્ઞાસામાંથી જન્મેલાં સંશોધનો આજે વિજ્ઞાનજગતમાં એ સત્યને ગુંજતું કરી રહ્યાં છે કે "શરીરના નાશ પછી પણ કંઈક કાયમ રહે છે."

---

There is no telling how far the parapsychology research will lead us. The proof that there is something extra-physical, or spiritual, in human personality has momentous implications. Eventually the laboratory will answer even that alltime prize-winner among questions: Does any part of human being survive the death of the physical body? Already research in extra sensory perception has indicated, in its freedom from the effects of time and space, the plausibility of some sort of survival. And remember that this relatively new science has barely begun.

— Morey Bernstein : A Search for Bridey Murphy, pp. 75 & 256.

૯. A litte research has brought to light the possibility that the discoveries of science today may coincide with the knowledge of the mystics of all times, with a difference only of presentation and nomenclature.

—The Finding of the 'Third Eye,' p. 127.

## ૨

# ચૈતન્ય શું રાસાયણિક પ્રક્રિયાઓની નીપજ છે?

પોતાનાં સંશોધનોનાં પરિણામો જણાવતાં વિજ્ઞાનની એક શાખા આજે કબૂલ કરે છે કે માનવદેહમાં એવું કંઈક છે કે જે શરીરના નાશ પછી પણ કાયમ રહે છે; જ્યારે જીવવિજ્ઞાન– 'બાયોલોજિ' નામની તેની બીજી એક શાખા કહે છે કે શરીરથી સ્વતંત્ર ચેતના જેવી કોઈ ચીજ નથી; અમુક રાસાયણિક સંયોજન દ્વારા ચેતના પ્રગટે છે અને શરીરના વિઘટન સાથે તે નાશ પામે છે. પોતાની આ ધારણાના આધારે જીવવિજ્ઞાન એ આશા સેવે છે કે એક દિવસ પોતે માત્ર રસાયણો દ્વારા પ્રયોગશાળામાં જીવનનું નિર્માણ કરી શકશે. પોતે કલ્પેલી જીવનનિર્માણની રાસાયણિક પ્રક્રિયા સિદ્ધ કરવાની કોશિશ એ શાખા ભારે જહેમતપૂર્વક કરી રહી છે.

**જીવ-વિજ્ઞાનની એક અટકળ**

શિકાગો વિદ્યાપીઠના એક વૈજ્ઞાનિક સ્ટેન્લી મીલરે પ્રયોગો કરીને એવું અનુમાન તારવ્યું કે પૃથ્વીનું આજે છે તેવું વાતાવરણ બન્યું એ પહેલાં તેના વાયુમંડળમાં હાઈડ્રોજન, એમોનિયા અને મિથેઈન જ હતાં; ઓક્સિજન તેમાં નહોતો. એ વખતે ઓક્સિજન માત્ર પાણીમાં જ હતો. આ ત્રણને એક ટ્યૂબમાં નાંખીને તેને સીલ કરી દઈ, તેમાં અધોરક્ત–અલ્ટ્રાવાયોલેટ કિરણોથી ભરપૂર વિદ્યુત્ તણખા ઝરવામાં આવ્યા. તેથી થતી રાસાયણિક પ્રક્રિયા વડે એક અઠવાડિયામાં તેમાં ઘણાં 'એમીનો એસીડ' બન્યાં.

આથી ઉત્સાહિત થઈ તેમણે એક અટકળ બાંધી કે—"પૃથ્વી ઠરી તે પછીના તેના વાતાવરણમાં રહેલ એમોનિયા, મિથેઈન, હાઈડ્રોજન આદિ

વાયુઓ અને બાષ્પના અણુઓ વીજળીમાંથી વિકિરિત થતાં અલ્ટ્રાવાયોલેટ કિરણોના લીધે કાર્બનિક અને અકાર્બનિક યૌગિક–કમ્પાઉન્ડ–માં પરિણમ્યા. અને તેમાંથી ક્રમશઃ કાર્બોહાઈડ્રેટ, નાઈટ્રેટ, ફારમલ્ડિહાઈડ, એમીનો એસીડ જેવા પદાર્થો બન્યા. એમ કરતાં કાળક્રમે પ્રોટીન જેવું જટિલ 'કમ્પાઉન્ડ' તૈયાર થયું. વિશિષ્ટ એન્ઝાઈમોની મદદથી પ્રોટીન સક્રિય બન્યું. અને જન્મ, વૃદ્ધિ, પ્રજનન અને મૃત્યુ આદિ જૈવી કાર્યો–'વાઈટલ ફંકશન્સ' –જેના દ્વારા થાય છે તે ન્યુકલીક એસીડ અસ્તિત્વમાં આવ્યું. એમાંથી ક્રમશઃ વાઈરસ, બૅકટીરિયા જેવા જંતુઓની ઉત્પત્તિ થઈ. આ આદિમ જીવોથી પૃથ્વી ઉપર જીવનની શરૂઆત થઈ.

"પછી પૃથ્વીનું વાયુમંડળ જેમ જેમ બદલાતું ગયું, તેમ તેમ અધિક વિકસિત જીવોનું નિર્માણ થતું ગયું. એકકોષીય જીવોમાંથી બહુકોષીય જીવો અસ્તિત્વમાં આવ્યા. પ્રથમ 'અમીબા' જેવા એકકોષીય સાદા જીવોથી શરૂઆત થઈ. ઉત્તરોત્તર અધિક વિકાસવાળા અને વધુ ને વધુ અટપટી શરીર-રચનાવાળા જીવો પેદા થયા. એ ક્રમે વિવિધ જીવસૃષ્ટિ આ પૃથ્વી ઉપર વિકસી. અંતે, અબજો કોષિકાઓ વડે ઘડાયેલા માનવ દેહનો પ્રાદુર્ભાવ થયો." (અનુમાન એવું છે કે પુખ્ત વયના માણસના શરીરમાં લગભગ ૬૦ ખર્વ કોષો હોય છે. દર સેકંડે તેમાંથી પાંચ કરોડ કોષો નષ્ટ થાય છે, અને તેટલા જ નવા બને છે.)

વિજ્ઞાનની ધારણા છે કે કોષ એ ચેતનાનું પ્રાથમિક એકમ છે. પ્રોટીન, કાર્બોહાઈડ્રેટસ અને પોટેસિયમ, મેગ્નેશિયા તથા લોહના ક્ષારો એના (કોષના) રાસાયણિક ઘટકો છે; ને પ્રોટીન બને છે કાર્બન, હાઈડ્રોજન, ઓકિસજન, નાઈટ્રોજન, ગંધક, ફોસ્ફરસના રાસાયણિક સંયોજન વડે. આથી, ચૈતન્ય એ વિવિધ રાસાણિક પ્રક્રિયાઓનું જ સર્જન છે એવું માનવા વિજ્ઞાન પ્રેરાય છે. કિંતુ જીવવિજ્ઞાનની આ એક અટકળ જ છે; એ અટકળ–hypothesisના આધારે પ્રયોગો કરીને જીવનનું સર્જન કરવા તે મથી રહ્યું છે. પણ પોતાની પાસે આટઆટલી સામગ્રી હોવા છતાં, કેવળ રાસાયણિક સંયોજન–Synthesis વડે લેબોરેટરીમાં જીવનનું સર્જન વિજ્ઞાન કરી શક્યું છે ખરું?

## વિજ્ઞાનની મર્યાદા

સિન્થિસિસ દ્વારા વિજ્ઞાન 'એમીનો એસીડ' કે પ્રોટીન બનાવી દેશે, પણ તે એક પ્રાથમિક કોષનું ય સર્જન કરી શક્યું નથી એ એક હકીકત છે. લાખ વૈજ્ઞાનિકો મળીને પણ લોહીનું એક ટીપું બનાવી શકતા નથી, કે નથી

કાર્બનિક રસાયણોનું રહસ્ય મેળવીને એના જેવાં જ રસાયણો સિન્થિસિસ દ્વારા ઉત્પન્ન કરી શક્યા. ડાયાબીટીઝના દરદીના શરીરના 'ઈન્સ્યુલીન'ની ઊણપ પૂરવા જોઈતું ઈન્સ્યુલીન કે એવા બીજા 'હોર્મોન્સ' પણ વિજ્ઞાન તૈયાર કરી શક્યું નથી. એનાં રાસાયણિક ઘટકોનું જ્ઞાન પોતા પાસે હોવા છતાં, 'ઈન્સ્યુલીન' કે એવા બીજા 'હોર્મોન્સ'ની કે લોહીની જરૂર પડયે વિજ્ઞાનને જીવસૃષ્ટિ પાસે જ જવું પડે છે.

જીવનનિર્માણની જે પ્રક્રિયા જીવવિજ્ઞાન આગળ ધરે છે એનો ઉપયોગ કરીને, તે પુષ્પની એક પાંખડીનુંય સર્જન કરી શકે છે ખરું ? જ્યારે ચેતન-યુક્ત એક નાનકડું બીજ પણ વિશાળ વટવૃક્ષ ઊભું કરી શકે છે, કે ફૂલમાં રંગ, સુગંધ, કોમળતા વગેરે સર્જે છે. કાદવ જેવી કુરૂપ અને દુર્ગંધભરી સામગ્રીમાંથી કમળનું બીજ સુંદર, સૌરભસભર કમળ સર્જે છે; જ્યારે વિજ્ઞાન, સજીવ બીજની સહાય વિના, વનસ્પતિ જેવા અત્યલ્પ વિકસિત જીવનનીયે ઉત્પત્તિ નથી કરી શકતું, એટલું જ નહિ, એક નિર્જીવ કોષ પણ વિજ્ઞાન તૈયાર કરી શકતું નથી.

આમ, વનસ્પતિ જેવી અલ્પવિકસિત જીવસૃષ્ટિની **કાર્યક્ષમ કાયા** પણ, સજીવ 'બીજ'ની મદદ વિના, કેવળ રાસાયણિક પ્રક્રિયાઓ વડે બનાવી શકાતી નથી; પછી **ચેતનાની** ઉત્પત્તિની તો વાત જ ક્યાં ?

ઘડીભર માની લઈએ કે કોષ-સર્જનમાં વિજ્ઞાનને સફળતા મળી અને તેમાં જીવન ધબકતું થયું, તોયે એનાથી એટલું જ પુરવાર થશે કે જીવનને અભિવ્યકત થવા માટે યોગ્ય પરિસ્થિતિ, યોનિ અગર કાયા સર્જી શકાઈ છે; અર્થાત્ જીવને અન્યત્રથી આવીને વસવા માટેનું યોગ્ય વાતાવરણ કે 'ઘર' પેદા કરવામાં વિજ્ઞાનને સફળતા મળી, નહિ કે ચેતનાનું સર્જન કરવામાં—જોકે, હજી તો, કોષનુંયે સર્જન વિજ્ઞાન કરી શકતું નથી.

## 'પ્રવાસી' ચેતના

અથાગ પ્રયાસ છતાં વિજ્ઞાન, આજ સુધીમાં, ચેતનાના વસવાટને યોગ્ય સાદામાં સાદું 'ઘર'—એક કોષ—સુધ્ધાં પેદા કરી શક્યું નથી. છતાં પોતાની વાતમાં કંઈક તથ્ય છે એ સૂચવવા, જીવવિજ્ઞાનના પક્ષકારો પોતાનો છેલ્લો પાસો ફેંકતાં દલીલ કરે છે કે "જીવનનું સર્જન કરવામાં વિજ્ઞાન આજે ભલે નિષ્ફળ રહ્યું, પણ એક વાત તો સ્વીકારવી પડે છે કે આ પૃથ્વી ઉપર પહેલાં જીવન નહોતું અને હમણાં આટલી જીવસૃષ્ટિ છે; એ જીવસૃષ્ટિનો ઉદ્ગમ ક્યાંથી થયો ? શૂન્યમાંથી આટલું સર્જન શી રીતે થયું ? માટે માનવું જ પડશે કે પૃથ્વી ઠરતી ગઈ

અને તેના ઉપર જીવનને માટે વધુ ને વધુ અનુકૂળ વાતાવરણ સર્જાતું ગયું તેમ તેમ, પહેલાં કહ્યું એ ક્રમે, રાસાયણિક પરિવર્તનોની શૃંખલા આગળ વધી અને કાળક્રમે વિવિધ જીવસૃષ્ટિ આ પૃથ્વી ઉપર વિકસી. આ ન માનો તો, એક વખતની ઉજ્જડ આ પૃથ્વી ઉપર વર્તમાનમાં જે આટલું વૈવિધ્યપૂર્ણ જીવન વિલસી રહેલ છે, એને તમે કઈ રીતે સમજાવી શકશો ? વળી, અશ્મિલ (ધરતીના સ્તરમાં મળી આવતા વનસ્પતિ કે પ્રાણીના પથ્થર થઈ ગયેલા અવશેષો)–fossils વગેરેનો ઉપલબ્ધ થતો થોકબંધ પુરાવો પણ આ વાતનું સમર્થન કરે છે કે આ પૃથ્વી ઉપર ક્રમશઃ ઉત્તરોત્તર અધિક વિકસિત જીવ-સૃષ્ટિ અસ્તિત્વમાં આવી છે. એ બધા પુરાવાને તમે શી રીતે અવગણી શકો ?"

એક વાત અહીં આપણે ન ભૂલીએ કે આ પૃથ્વી ઉપર જીવસૃષ્ટિ કેમ વિકસી એનો વિચાર અહીં આપણે નથી કરી રહ્યા. પણ આપણો મૂળ મુદ્દો એ છે કે ચેતના રાસાયણિક પ્રક્રિયાની નીપજ છે કે નહિ ? એ મુદ્દા ઉપર વિચાર કરતાં, આપણે એ જોઈ ગયા કે, કેવળ રાસાયણિક પ્રક્રિયા દ્વારા ચેતનાનું સર્જન તો દૂર રહ્યું પણ 'ડાયટોમ'–diatom કે 'અમીબા'–amoeba જેવા એકકોષીય જીવોની કાયારૂપ એક સાદો કોષ પણ સર્જી શકાતો નથી. માટે, "પૃથ્વી ઠંડી પડ્યા પછી આ પૃથ્વી ઉપર જીવન પાંગર્યું" એનો અર્થ એટલો જ કરી શકાય કે જીવનને માટે અનુકૂળ પરિસ્થિતિ અહીં પેદા થતાં, બ્રહ્માંડમાંના અન્ય કોઈ 'ગ્રહ' ઉપર 'મૃત્યુ પામેલા' આત્માઓએ ત્યાંથી આવીને અહીં વસવાટ શરૂ કર્યો, અને પૃથ્વી પરનું વાતાવરણ જેમ જેમ બદલાતું ગયું તેમ તેમ અહીં વસવાટ માટેનાં 'ઘરો'માં વિકાસ થતો ગયો–એ 'ઘરો'ના 'ખંડો'–cells (કોષો)ની સંખ્યા અને તેમાંની સજાવટ વધતી રહી; ને એમ કરતાં, પુખ્ત વયે, અંદાજે ૬૦ ખર્વ કોશિકાઓ ધરાવતી માનવ**કાયા** આ ધરતી ઉપર અસ્તિત્વમાં આવી, **નહિ કે ચૈતન્ય.** અહીંનાં એ વિકસિત થતાં જતાં 'ઘરો'માં વસનાર **ચેતનાને** તો વિરાટ વિશ્વના અન્ય કોઈ પ્રદેશમાંથી સ્થળાંતર કરીને આવેલ પ્રવાસી કે 'નિર્વાસિત' જ માનવી રહી;[૧૦] એની અહીં **ઉત્પત્તિ**

---

૧૦. જેમ આપણી કાયામાં જૂના કોષોનું વિઘટન અને નવાનું સર્જન થતું રહે છે, અને દુનિયાના પટ ઉપર કોઈ જગ્યાએ નવાં શહેરો અને ગામો વિકસતાં જાય છે તો કોઈ ઠેકાણે ઉજ્જડ બની ભૂંસાતાં જાય છે, એ જ પ્રમાણે બ્રહ્માંડમાંય જૂના ગ્રહો અને જૂનાં તારાવિશ્વોનું વિઘટન અને નવાં તારાવિશ્વોનું અને નવા ગ્રહોનું સર્જન ચાલતું હોવું જોઈએ; તેમ જ એમાંના કોઈ ગ્રહ પર જીવનને યોગ્ય પરિસ્થિતિનો વિકાસ થતો હોવો જોઈએ, તો એની સાથોસાથ કોઈ ઠેકાણે જીવનને અનુકૂળ પરિસ્થિતિનો અંત પણ આવતો હોવો જોઈએ.

નથી થઈ. (આ વિરાટ વિશ્વમાં આ પૃથ્વી સિવાય અન્યત્ર જીવન છે, એની વિગતો માટે જુઓ પ્રકરણ ચોથું.)

એક ચાલુ ઉદાહરણથી આ વાત સ્પષ્ટ થઈ જશે. કોઈ કારખાનું ટેલિવિઝન સેટનું ઉત્પાદન કરે છે, પરંતુ કારખાનામાંથી નીકળતો એ ટી. વી. સેટ કાર્ય કરતો તો ત્યારે જ બને છે કે જ્યારે ટેલિવિઝન મથકેથી પ્રસારિત થતા ટેલિવિઝન વેવ્ઝ એની અંદર દાખલ થાય છે. **જેમ કારખાનામાં તૈયાર થતા ટી. વી. સેટ, અને ચિત્ર તથા ધ્વની દ્વારા એ સેટને 'જીવંત" બનાવનારાં વિદ્યુત ચુંબકીય મોજાંઓનું સ્વતંત્ર અસ્તિત્વ છે, તેમ વિવિધ જીવનસૃષ્ટિની કાયા અને એમાં વ્યક્ત થતી ચેતનાનું એકબીજાથી સ્વતંત્ર અસ્તિત્વ છે.** ચેતનાની **અભિવ્યક્તિ** ભલે કાયાના યોગથી થતી હોય, પણ કાયાની સાથે એની **ઉત્પત્તિ** તો નથી જ થતી.

## જ્ઞાનચેતનાનો આધાર

માનવ શરીરની રચના, અને પોષણ, શુદ્ધિ, રક્ષા, દુરસ્તી–રિપેર આદિ માટે તેમાં રહેલાં અનેક સ્વયંસંચાલિત તંત્રો સંબંધી આજે જે જાણી શકાયું છે તેના ઉપર માણસ વિચાર કરે તોયે તેને પ્રતીતિ થશે કે એ સર્જન અને તેના સંચાલન પાછળ કોઈ અકળ શક્તિ રહેલી છે; કેવળ રાસાયણિક પ્રક્રિયાઓની જ એ નીપજ નથી.

ચામાચીડિયું માનવીની અપેક્ષાએ ઘણું ઓછું વિકસિત પ્રાણી છે. એનું મગજ થોડા ગ્રામનું જ છે. પરંતુ એ નાનકડા મગજની એક શક્તિએ વૈજ્ઞાનિકોને આશ્ચર્યમુગ્ધ કરી દીધા છે. તે ઊડતું હોય ત્યારે, એના માર્ગમાં રહેલ અતિ સૂક્ષ્મ અવરોધને સાવ અંધારામાંયે એ દૂરથી પારખી લે છે. ઓરડામાં અત્યંત બારીક તારો આડાઅવળા બાંધી દઈ એમાં ચામાચીડિયાંને ઊડતા રાખી વૈજ્ઞાનિકોએ તેમની આ શક્તિની ઘણી ચકાસણી કરી છે. એમાં તેમને જણાયું છે કે તેનું નાનકડું મગજ પ્રબળ રડાર અને કોમ્પ્યુટરનું સંયુક્ત કામ આપે છે. સૂક્ષ્મ તારોની એ અટપટી ગૂંથણીમાંયે તે કોઈ તારને કે એકબીજાને સ્પર્શ કર્યા વિના ઊડી શકે છે. એ નાનકડા મગજની આ આશ્ચર્યજનક જ્ઞાનશક્તિ શું માત્ર કોઈ રાસાયણિક 'કમ્પાઉન્ડ'ની જ નીપજ છે?

વિજ્ઞાનની ધારણા એ છે કે કોષ એ ચેતનાનું પ્રાથમિક એકમ છે. અગણિત કોષો એકત્ર થઈ શરીરના ભિન્ન ભિન્ન અવયવો બને છે, ને તે એક અલગ અલગ એકમ તરીકે સ્વતંત્ર કામગીરી બજાવતાં રહે છે, અને,

પોતાના ઘટક કોષોની જેમ, એ સઘળા અવયવો મળી શરીરરૂપ એક મોટું એકમ સર્જે છે. એ શરીરરૂપ એકમના છૂટા છૂટા અવયવો અન્ય અવયવોના સુમેળમાં રહી પોતાની સ્વતંત્ર કામગીરી બજાવે છે, તેમ તે પ્રત્યેક અવયવના ઘટક કોષો પણ પરસ્પર સુમેળમાં રહી પોતાની સ્વતંત્ર કામગીરી બજાવે છે. અર્થાત્ પ્રત્યેક કોષ (પોતાની) સ્વતંત્ર ચેતના દર્શાવે છે.

વિજ્ઞાનની આ ધારણા સ્વીકારીએ તો, પ્રશ્ન એ રહે છે કે, સ્વતંત્ર ચેતનાવાળાં એ એકમો (શરીરના ભિન્ન ભિન્ન અવયવો અને તેના ઘટક કોષો) માત્ર કાર્યરત રહે એટલું જ નહિ, તે એ રીતે સુમેળમાં રહીને કાર્ય કરે કે તેથી શરીરરૂપ એક મોટું એકમ સર્જાય અને કાર્ય કરતું રહે, એની યોજના –સંયોજન કોણ કરે છે? અને મૃત્યુ થતાં, શરીરરૂપ એકમ ખોટવાઈ પડે છે તેની સાથે જ સમસ્ત અંગો કે જે પોતે પણ ચેતનાના સ્વતંત્ર એકમ તરીકે કામ કરે છે તે, અને તેના પણ ઘટક કોષો કે જે પણ ચેતનાનાં નાનકડાં સ્વતંત્ર એકમો છે, તે બધાં એકસામટાં કેમ ચેતનાવિહીન બની જાય છે? હૃદય બંધ પડવાથી એક, બીજી બધી રીતે તંદુરસ્ત, માણસ મૃત્યુ પામે છે કે તે જ ક્ષણે આંખ કેમ દેખતી બંધ થઈ જાય છે? આંખની જોવાની શક્તિ તો નષ્ટ નથી થઈ–એ જ આંખને બીજા જીવંત શરીરમાં ટ્રેન્સપ્લાન્ટ કરવામાં –રોપવામાં આવે છે ત્યારે તે જોઈ શકે છે. આંખ તો એની એ જ છે. તો આ ભેદ કેમ? 'મૃત' શરીરમાં એ આંખ નથી જોતી, અર્થાત્ 'જોનાર' જ્યાંથી ચાલ્યો ગયો છે ત્યાં એ આંખથી કશું જ્ઞાન નથી થતું. જ્યાં 'જોનાર' –આત્મા બેઠો છે ત્યાં એ જ આંખથી સામે રહેલ રંગ-રેખાયુક્ત દૃશ્ય દેખાય છે. આથી શું એ સિદ્ધ થઈ જતું નથી કે આંખ દ્વારા સામે રહેલ રૂપનું જ્ઞાન કરનાર–'જોનાર' કોઈ બીજું જ છે; આંખ તો એનું માત્ર સાધન છે?

## જીવન અને મૃત્યુની ભેદરેખા કોણ આંકે છે?

જીવનતત્ત્વને સમજવામાં વિજ્ઞાન નિષ્ફળ રહ્યું છે એ વાતનો એકરાર કરતાં, ક્વીન્સ કોલેજ (મેલબોર્ન યુનિવર્સિટી)ના, પદાર્થવિજ્ઞાની તરીકે પ્રખ્યાત, ડૉ. રેયનોર જોન્સન લખે છે કે "જીવવિજ્ઞાનના ક્ષેત્રે પદાર્થવિજ્ઞાનનો અને રસાયણશાસ્ત્રનો પ્રયોગ, તેમના પોતાના સ્તરે, કંઈક સફળ થયો; ને તેના પરિણામે 'બાયો-ફિઝિક્સ (bio-physics) અને 'બાયો-કેમિસ્ટ્રિ' (bio-chemistry)ની વિદ્યાશાખાઓ આપણને સાંપડી. પરંતુ, ચૈતન્યની પ્રધાન લાક્ષણિકતાઓ ઉપર એ શાખાઓ કંઈ પણ વિશદ પ્રકાશ પાડી શકી નથી. ...

નજરે ચડતા પાર્થિવ પદાર્થોના સંબંધો નિર્ણીત કરવામાં તર્કને નોંધપાત્ર સફળતા મળી છે; આધુનિક વિજ્ઞાનની ઈમારત એનો પુરાવો છે. પરંતુ ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિદ્યાના ક્ષેત્રની બહાર, જીવવિજ્ઞાનવિષયક ચકાસણીઓનું કામ તર્કને સોંપાયું છે ત્યાં એની સફળતાનો આંક નીચો જ ઊતર્યો છે. આમ થવાનું કારણ એ છે કે ત્યાં એક નવીન તત્ત્વ–ચેતના સાથે કામ લેવું પડે છે. એમ લાગે છે કે જીવન એ ચિત્ત અને પાર્થિવ તત્ત્વના એક વ્યવસ્થિત સંયોગની અવસ્થા છે; એ સંયોગને વિખેરી દો અને જીવંત તંત્ર જીવનની બધી લાક્ષણિકતાઓ ખોઈ બેસે છે; પાછળ રહે છે રસાયણોનો અટપટો ઢગલો જ માત્ર."[૧૧]

મૃત્યુ અને જીવનની ભેદરેખા આંકનાર તત્ત્વનો એક પદાર્થવિજ્ઞાનીએ આપેલો આ નિર્દેશ છે. તેનો સ્પષ્ટ ધ્વનિ એ છે કે શરીરમાં ચાલી રહેલ રાસાયણિક પ્રક્રિયાઓમાંથી જીવન પાંગરે છે કે લોહીના પરિભ્રમણ અને હૃદયના ધબકારાના આધારે તે ટકે છે એવું નથી; ઊલટું, શરીરનું અસ્તિત્વ, હૃદયના ધબકારા, લોહીનું પરિભ્રમણ અને શરીરમાં ચાલી રહેલી સમગ્ર રાસાયણિક પ્રક્રિયાઓનો આધાર તેની સાથેનો 'ચિત્તસંયોગ' છે. ધારો કે અકસ્માતમાં એક માણસ મૃત્યુ પામ્યો અને એનું હૃદય, બીજાના શરીરમાં રોપવા માટે, કાઢી લેવાય છે. તો એને જે ક્ષણે મૃત જાહેર કરાયો તે ક્ષણે એનું હૃદય ચાલુ

---

૧૧...Physics and chemistry applied in the biological field have had their successes on their own level and have given us bio-physics and bio-chemistry, but on the phenomena most characteristic of Life they have thrown no explanatory light. ... ... Reason has had remarkable success in formulating relationships between physically observed quantities, and of this success the edifice of modern science is the evidence. To the degree, however, in which Reason has been applied beyond the fields of physics and chemistry to that of biological enquiry its successes have been less spectacular, and this is because a new element, Life, is now involved. Life I shall regard as a state of organic association of Mind with matter: dissolve this association and the organism loses the characteristics of Life and is no more than a complex aggregate of chemical substances.

—Dr. Raynor Johnson : The Imprisioned Splendour, pp. 23–4.

હોય છે કે બંધ ? જો એ ચાલુ હોય તો એ સમયે એ વ્યક્તિનું 'મૃત્યુ થયું' એમ શા ઉપરથી નક્કી-કરવામાં આવે છે ? અને જો તે બંધ પડેલું હોવાથી મૃત્યુ જાહેર કરાયું હોય તો આ શરીરમાં કાર્ય કરતું અટકી ગયેલું હૃદય બીજા શરીરમાં ફરી કાર્ય કરતું કેમ થઈ જાય છે ? વળી, ન્યુક્લીક એસીડ જ જો સર્વ પ્રકારના 'વ્હાઈટલ ફંકશન્સ'નો આધાર હોય તો, શરીરનો માત્ર એક અવયવ– હૃદય બંધ પડતાં જ બધાં 'વ્હાઈટલ ફંકશન્સ' બંધ કેમ પડે છે ? એક તરફ એ જોવામાં આવે છે કે પૂરેપૂરું સશક્ત–'વાઈટેલિટિ' થી ભરપૂર–શરીર પણ હૃદય બંધ પડતાં 'મડદું' બને છે; બીજી બાજુ તદ્દન અશક્ત શરીર કે જેના ઘણા અવયવો ખોટવાઈ ગયા હોય અને જીવનશક્તિ ક્ષીણ થઈ ગઈ હોય, છતાં તે લાંબા સમય સુધી જીવંત રહે છે, જીવન ટકાવી રાખે છે; એ માંદલા શરીરમાં પણ ચયાપચયની ક્રિયા ચાલુ રહે છે, જ્યારે સુદૃઢ શરીરને પણ હૃદય બંધ પડતાંવેંત 'મૃત કલેવર' જાહેર કરવું પડે છે. મૃત્યુ થતાં જ, તે શરીરમાં રહેલા બધા અવયવોના સઘળાય કોષોનું વિઘટન– decomposition કેમ થવા માંડે છે? જો પ્રત્યેક કોષને પોતાની વ્યક્તિગત ચેતના છે, તો એ વ્યક્તિગત ચેતનાવાળા, શરીરના સઘળાય કોષો એકસાથે જ પોતાનું કાર્ય કરતા કેમ બંધ પડે છે?

## હઠયોગનો 'ચમત્કાર'

પોતાની આસપાસના જગતમાં બનતી ઘટનાઓનું માનવી ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતો રહે તો, વિજ્ઞાનનાં સંશોધનો અને પરીક્ષણોમાં ઊંડા ઊતર્યા વિના યે, એની સામાન્ય સૂઝ ( common sense ) પણ, દેહથી પર એવા કોઈ તત્ત્વની પ્રતીતિ તેને આપી દે છે. હૃદય બંધ થવાથી મૃત્યુ થવાની ઘટના તો હવે રોજિંદી બની ગઈ છે; ત્યારે બીજી બાજુ પોતાની ઇચ્છાશક્તિથી, માત્ર શ્વાસોશ્વાસ જ નહિ પણ લોહીના ભ્રમણ અને હૃદય સુધ્ધાંને બંધ કરી, કલાકો કે દિવસો સુધી પોતાના શરીરને મડદાની જેમ સંપૂર્ણ નિશ્ચેષ્ટ કરી દઈ, 'ફરી' જીવંત થતા હઠયોગીઓની વાતો પણ છાપાંઓમાં અવારનવાર ચમકતી રહે છે. એ વાતોમાં કેટલાયે કિસ્સા પોકળ પણ હોય છે. ભોળી જનતામાં સિદ્ધપુરુષ કે સંત તરીકેની છાપ ઊભી કરી, અર્થપ્રાપ્તિ કે સસ્તી કીર્તિ રળવા કાજે, જોનારની આંખમાં ધૂળ નાખી, આવો માત્ર આભાસ જ ઊભો કરવાના દાખલાઓ પણ બનતા હોય છે. છતાં, હઠયોગને ન્યાય આપવા, આપણે એવાયે કેટલાક દાખલાની નોંધ લેવી ઘટે કે જે બધી જ ચકાસણીમાં સો ટચનું સોનું ઠર્યા હોય.

સાચા યોગીઓની શોધમાં ભારત આવેલ એક અંગ્રેજ પત્રકાર ડૉ. પોલ બ્રન્ટન આ વિષયમાં પોતાનો અનુભવ ટાંકતાં નોંધે છે[૧૨] કે—

"એશિયા અને આફ્રિકામાં જુદા જુદા સ્થળે અને ભિન્ન ભિન્ન પ્રસંગે લેખકને એવા યોગીઓ અને ફકીરોનો ભેટો થઈ ગયેલો, જેઓ શ્વાસોશ્વાસ, લોહીનું પરિભ્રમણ અને હૃદય પણ બંધ કરી દેવાની અસાધારણ શક્તિઓ પ્રદર્શિત કરી શકતા હતા; એટલું જ નહિ, તેઓ હવા વિનાની શબપેટીમાં કે જમીનની અંદર કલાકો કે દિવસો સુધી દટાઈ રહી, ફરી સજીવન પણ થઈ શકતા હતા. એ શક્તિ ખરેખર ધરાવનાર સાચા યોગીઓ અને ઢોંગીઓને જુદા તારવી કાઢવા માટે લેખકે એમનાં એ પરાક્રમોનું ખૂબ કાળજીપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. એને પૂર્ણ સંતોષ થયો છે કે આ શક્તિઓનું અસ્તિત્વ ખરેખર છે. એમાંનો એક યોગી તો થોડા જ વખત પહેલાં, ચાળીસ દિવસથીયે વધુ વખત સુધી, હવા અંદર ન પેસે એ રીતે સીમેન્ટ વડે સજ્જડ બંધ કરી દીધેલી કબરમાં દટાઈ રહેલો. પરંતુ હું આ વિષયમાં મારો અંગત પુરાવો રજૂ કરવા નથી ઇચ્છતો. વિવાદને જેમાં ઓછો અવકાશ રહે છે એવા સ્વતંત્ર પુરાવાઓ પણ છે અને તે પણ ઈ. સ. ૧૯૩૬ ની આસપાસના જ; ઘણા જૂના નહિ.

"તેમાંનો પહેલો છે 'ધ મદ્રાસ મેઈલ' નામના બ્રિટીશ માલિકીના અને ઠરેલ પત્રકાર તરીકેનો જીવનભરનો અનુભવ ધરાવનાર અંગ્રેજ તંત્રી સંપાદિત એક વિશ્વાસપાત્ર ભારતીય દૈનિકની કાપલી :

## ત્રીસ મિનિટ સુધી જીવતો દટાયો

### ૧૫,૦૦૦ લોકોએ જોયેલ યોગીનું પરાક્રમ

મચ્છલીપટ્ટમ, ડિસે૦ (૧૯૩૬)

"યોગનું એક ધ્યાન ખેંચે એવું પરાક્રમ માયસોરના યોગી શંકર નારાયણ સ્વામીએ રામલિંગેશ્વર સ્વામીના મંદિરની સામે, પંદરેક હજાર લોકોની સભા સમક્ષ, કરી દેખાડયું. અર્ધા કલાક સુધી એમને જીવતા દાટી દેવામાં આવ્યા હતા.

"લેફ્ટનન્ટ કર્નલ કે. વી. રામનરાવ, આઈ. એમ. એસ., ડિસ્ટ્રિક્ટ મેડિકલ ઓફિસરની નિગેહબાની હેઠળ...ખાસ તૈયાર કરવામાં આવેલ પેટીમાં યોગીને બેસાડી, તે પેટીને ખાડામાં ઉતારી, માટીથી ઢાંકી દેવામાં આવી હતી. અર્ધા કલાક પછી પેટી બહાર કાઢતાં તેમાં યોગી સમાધિમાં બેઠેલા જણાયા હતા. અર્ધા કલાક બાદ યોગી ભાનમાં આવતાં લોકોએ તેમને હર્ષનાદોથી વધાવી લીધા હતા."

---

૧૨. Dr. Paul Brunton, The Quest of the Overself, pp. 60–2 (Rider & Co, London).

"બીજો છે મેજર એફ. યીટસ્ બ્રાઉન ( F. Yeats Brown) નામે એક મિત્રનો. ...લંડનના "સન્ડે એક્સપ્રેસ"માં એમણે આ હકીકતો પ્રસિદ્ધ કરેલી :

"...એમાંના એક પ્રસંગે, જેમાં હું હાજર હતો, યોગી એક કલાક એ સ્થિતિમાં રહ્યા; બીજા પ્રસંગે તે મરણસમાધિમાં પંદરેક મિનિટ રહ્યા.

"એ 'શબ'ની ચકાસણી કરનાર દાક્તરોએ કહ્યું કે જીવનની કોઈ નિશાની દેખાઈ નથી. પૂર્વનિર્ધારિત સમય પૂરો થતાં યોગી સજીવન થયા હતા."

"ત્રીજો છે મદ્રાસના "સન્ડે ટાઈમ્સ" ( ફેબ્રુ. ૧૯૩૬)નો. આ રહ્યા એના શબ્દો :

## હૃદય અને નાડી ઉપર કાબુ

### એક યોગીનું અદ્ભુત પરાક્રમ

"અમદાવાદના સીવીલ સર્જન કર્નલ હાર્ડી અને બીજા કેટલાયે દાક્તરો સમક્ષ આંખો મીંચીને જમીન ઉપર બેઠેલા સ્વામી વિદ્યાલંકાર નામના એક યોગીએ ખાસા સમય સુધી હૃદય અને નાડી ઉપરના પોતાના કાબુની અદ્ભુત પ્રતીતિ આપી હતી. એ સમય દરમ્યાન હૃદયના ધબકારાની ચકાસણી કરવામાં આવી હતી અને ઇલેક્ટ્રો-કાર્ડિઓગ્રામ લેવામાં આવેલો. એ ચકાસણીનાં પરિણામોથી એ સ્પષ્ટ થતું હતું કે યોગીને એ અવયવો ઉપર પૂર્ણ કાબુ હતો.

"પચીસ કલાક સુધી ખાડામાં દટાઈ રહેવા સમેત બીજા પણ અનેક અસાધારણ પ્રયોગો એમણે કરી બતાવેલા."

"પુરાવા તરીકે છેલ્લી ઘટનાનું મૂલ્ય એ હકીકતમાં રહેલું છે કે એક લશ્કરી અધિકારી અને સર્જનની લાયકાત ધરાવનાર સુશિક્ષિત અંગ્રેજની હાજરીમાં એ બની છે. તેથી એમાં કેવી કડક ચકાસણીની શરતો લાદવામાં આવી હશે એની કલ્પના કરવી મુશ્કેલ નથી."

પંજાબમાં રણજીતસિંહના રાજ્યકાળમાં હરિદાસ નામનો એક હઠયોગી આવી જ આકરી ચકાસણી અને લશ્કરી સિપાઈઓના કડક ચોકીપહેરા હેઠળ, ૪૦ દિવસ સુધી જડ સમાધિમાં, કબરમાં દટાતા મડદાની જેમ, દટાઈને રહેલો.

## ૨૮ દિવસે 'કબર'માંથી બેઠો થતો ફકીર

આપણા સમકાલીનોમાં પણ આવી શક્તિ ધરાવતી વ્યક્તિઓ મળી આવે છે. આવી એક વ્યક્તિ છે ઇજિપ્તનો ખ્યાતનામ ફકીર ડૉ. તાહ્રા બે ( Tahra Bey ). તે જુનવાણી ફકીર નથી; તેણે ટર્કીના કોન્સ્ટન્ટીનોપલમાં આધુનિક

કેળવણી લઈને ડૉકટરની ડિગ્રી મેળવી છે. તેથી પોતાની શક્તિઓની વૈજ્ઞાનિક ઢબે ચકાસણી કરવા દેવા તે આતુર છે. બચપણથી જ એને હઠયોગની તાલીમ મળેલી. અભ્યાસ પૂરો કરીને એણે ગ્રીસમાં દવાખાનું ખોલ્યું. ત્યાં એક વખત, આ રીતે કલાક બે કલાક નહિ પણ એક સાથે અ...ઠ્ઠા...વી...સ...દિ...વ...સ સુધી દટાઈ રહી તેણે પોતાની શક્તિનો પરચો આપ્યો. જીવતાં કબરમાં દટાઈને ફરી ઊભા થવાનું આ 'ડેમન્સ્ટ્રેશન' ત્યાંના ખ્રિસ્તી આગેવાનોને રુચિકર નહોતું. તેથી, તે અટકાવવા તેમણે પ્રયત્ન કર્યો. પણ તાહ્રા બે પોતે ડૉકટર હોવાથી તેને પોતાની ઇચ્છા મુજબ પ્રયોગ કરવા દેવાની સરકારે છૂટ આપી. ત્યાર બાદ તે ઈટાલી ગયેલો ત્યારે એણે કેટલાક જાણીતા વૈજ્ઞાનિકોને પોતાની આ શક્તિની ચકાસણી કરવાની તક આપી હતી. તેમણે એને સીસાની શબપેટી (કૉફિન)માં નાંખીને ઉપર રેતી ભરી દઈ, શબપેટીનું ઢાંકણું ખીલીઓથી જડી દીધું. અને પછી અને સ્વિમિંગ બાથના તળિયે ઉતારી દેવામાં આવી. અર્ધા કલાક પછી પોલીસે આવીને એ 'ડેમન્સ્ટ્રેશન' અટકાવ્યું. પરંતુ ત્યાં સુધીનો અર્ધો કલાક તો, આ બધી કસોટી વચ્ચે, એમનો આ પ્રયોગ સફળ રહ્યો. એ પછી ફ્રાન્સમાં આ જ રીતે 'કૉફિન'માં, પાણીની નીચે, ચોવીસ કલાક તે રહ્યો હતો ત્યારે ત્યાંના દાક્તરોએ આ પ્રયોગમાં વિશેષે કરીને રસ લીધો હતો અને, તેની સચ્ચાઈની ખાતરી કરવા, તેમણે કોઈ ચકાસણી બાકી નહોતી રાખી. પણ તાહ્રા બેને એનો કશો ડર નહોતો. તે તો વિજ્ઞાન દ્વારા આ વિષયમાં સંશોધનને આવકારે છે અને કોઈ તરકીબ નથી અજમાવાઈ એની જોનારાઓ ખાતરી કરી શકે તે માટે તે શબપેટી પાણીમાં ઉતારવા દે છે.

ઈજિપ્તના પાટનગર કેરોમાં પોતાના મિત્રમંડળ અને ડૉકટરોની એક મંડળી સમક્ષ, જીવતાં દટાઈને 'ફરી' સજીવન થવાની પોતાની આ અને એવી અન્ય શક્તિઓના તાહ્રા બેએ આપેલ પ્રભાવક પરચાનો, અને તેણે આપેલ તેના ખુલાસાઓનો વિસ્તૃત અને પ્રતીતિકર અહેવાલ 'અ સર્ચ ઈન સિક્રેટ ઈજિપ્ત'માં (પૃ. ૧૦૪–૨૬) તેના લેખકે આપ્યો છે. જીવવિજ્ઞાનીઓ અને દાક્તરો એ અહેવાલ વાંચે તો એમને પ્રતીતિ થશે કે માનવદેહની વિજ્ઞાનને જ્ઞાત સઘળીયે કરામતોને ટપી જાય એવી કોઈ અકળ કરામત એ દેહમાં છે, કે જેનું રહસ્ય હજુ વિજ્ઞાનની પહોંચથી પર રહ્યું છે.

આવી શક્તિઓ ધરાવનારા ખરેખરા સાચા યોગીઓ પ્રસિદ્ધિથી દૂર રહેવા ઇચ્છતા હોય છે. સાધનારત એ યોગીઓને આ શક્તિઓનું જાહેર પ્રદર્શન કરવા લલચાવી શકાતા નથી. આવી શક્તિનું પ્રદર્શન પ્રાયઃ નિમ્ન સ્તરના

યોગીઓ જ કરતા હોય છે. તેથી આવા પ્રમાણભૂત દાખલાઓ વિરલ જ જોવા મળે છે એ ખરું, કિંતુ એ વિરલ દાખલા પણ કેટલું બધું કહી જાય છે!

## દેહથી સ્વતન્ત્ર અસ્તિત્વ

'હાર્ટ ફેલ'થી ઢળી પડેલ વ્યક્તિની જેમ જડ સમાધિમાં રહેલ વ્યક્તિના દેહમાં પણ હૃદયની ગતિ તો બંધ જ હોય છે, છતાં એક મડદું અને બીજું જીવંત એ ભેદ કેમ પડી જાય છે? જડ સમાધિમાં રહેલ વ્યક્તિનું હૃદય સ્થગિત હોવા છતાં, તે પોતાનું જીવન ચાલુ રાખી શકે છે. જીવનની નિશાનીરૂપ મનાતી શ્વાસોશ્વાસ, લોહીનું પરિભ્રમણ, હૃદયના ધબકારા આદિ શરીરગત સર્વ પ્રક્રિયાઓ બંધ છતાં એ શરીર વિઘટિત–disintegrate નથી થતું. અને ચોક્કસ સમયે–સમાધિમાં જતાં પહેલાં નિયત કરેલ ક્ષણે–યોગી પોતાના એ દેખીતા નિષ્પ્રાણ કલેવરને ફરી ગતિશીલ કરે છે. હૃદય નિષ્ફળ જવાથી ઢળી પડેલ શરીર થોડો સમય એમનું એમ પડ્યું રહે તો એમાં કોહવાટ શરૂ થઈ જાય છે; યોગીનું શરીર દિવસો સુધી પડ્યું રહે છે છતાં ગંધાઈ કેમ નથી ઊઠતું? જડ સમાધિમાં હૃદયની ગતિ, લોહીનું પરિભ્રમણ વગેરે જીવનના અનિવાર્ય આધારભૂત મનાતી ક્રિયાઓ–vital functions–દીર્ઘ કાળ સુધી બંધ થઈ જવા છતાંયે જીવનનો અંત કેમ નથી આવતો?

આ હકીકત વિચારશીલ માણસને એ વાતની પ્રતીતિ આપી દે છે કે શરીરને જીવંત બનાવનાર તત્ત્વ કાર્યરત શરીરની–અર્થાત્ કેવળ કોઈ રાસાયણિક પ્રક્રિયાની–નીપજ છે એવું નથી.

જીવવિજ્ઞાન રાસાયણિક પ્રક્રિયાઓ વડે જીવનનિર્માણ થતું હોવાનો પોતાનો દાવો પુરવાર નથી કરી શક્યું; જીવનનિર્માણવિષયક પોતાની અટકળ –hypothesis માત્ર એ રજૂ કરે છે, પરંતુ પોતાની એ અટકળ અનુસાર રાસાયણિક સંયોજન વડે જીવનનું નિર્માણ કરવામાં જીવવિજ્ઞાન નિષ્ફળ જ રહ્યું છે; જ્યારે વિજ્ઞાનની અન્ય શાખાઓએ તો દેહથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતું કોઈ તત્ત્વ કાયામાં વસેલું છે એ સૂચવતા કેટલાક નિશ્ચિત પુરાવાઓ આપી દીધા છે.

## ૩

# વૈજ્ઞાનિક સ્તરે પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર

આપણામાં રહેલી અતીન્દ્રિય જ્ઞાનશક્તિના આધારભૂત કોઈ અજ્ઞાત તત્ત્વનો દેહમાં વાસ છે, એવી પ્રતીતિ આપતા ઇ. એસ. પી. વિષયક સંશોધનની વાત આપણે પ્રથમ પ્રકરણમાં કરી ચૂકયા છીએ.

‘ ઇ. એસ. પી ’ – અતીન્દ્રિય જ્ઞાનશક્તિ–ની જેમ પુનર્જન્મના વિષયમાં પણ પરામનોવિજ્ઞાન ( પેરાસાઈકોલોજી ) દ્વારા વ્યાપક સંશોધનો થઈ રહ્યાં છે, જેનાં પરિણામોએ પુનર્જન્મમાં ન માનનાર પશ્ચિમને ખળભળાવી મૂકયું છે. જ્યાં ધાર્મિક માન્યતાએ પણ પુનર્જન્મને સ્વીકૃતિ નથી આપી એવા એ પશ્ચિમના દેશોમાં પણ, આ સંશોધનોનાં નિશ્ચયાત્મક પરિણામોના કારણે, હવે પુનર્જન્મનો સિદ્ધાંત ઝડપભેર માન્ય બની રહ્યો છે.

### જાતિસ્મરણના કિસ્સાઓ

હિંદમાં પણ, જયપુર યુનિવર્સિટીના પેરાસાઈકોલોજી વિભાગ દ્વારા, આવું સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. એ વિભાગે પૂર્વજીવનની સ્મૃતિ જેને થઈ હોય એવા પાંચસોથી વધુ કેસો એકત્ર કર્યા હતા. એ સંશોધનકાર્યના મુખ્ય સંચાલક શ્રી બેનર્જીની નોંધમાંથી નમૂનારૂપ બે-ત્રણ કિસ્સાઓ અહીં ટાંકું છું.

બિહારના જાટીઆ ગામે દોઢ-બે વર્ષનું એક બાળક અવારનવાર કહ્યા કરતું કે “ મારી મા લંકામાં છે... મારો ભાઈ પણ લંકામાં છે. તે ચશ્મા પહેરે છે. મારે ત્યાં જવું છે.” તેની આ વાતોમાં શું તથ્ય હતું, એ તો ત્યારે જ જણાયું, જ્યારે એક દિવસ આનંદ મૈત્ર્ય નામનો એક સિલોનીઝ, પિતા રમેશ અસીસિંઘ અને માતા સાવિત્રીની કૂખે જન્મેલ બાળકની શોધખોળ કરતો જાટીઆ ગામે આવી પહોંચ્યો.

વાત એમ બનેલી કે સિલોનનિવાસી સુરેશ મૈત્રીમૂર્તિ નામના એક બૌદ્ધ સાધુએ ઈ. સ. ૧૯૫૫માં, પોતાના મૃત્યુ પૂર્વે, કહેલું કે મૃત્યુ બાદ પોતે ઉત્તર હિંદમાં અવતરશે. એના મૃત્યુ પછી બે વર્ષે, એના એક સંબંધી અને ગુરુએ એની ભાળ મેળવવા પ્રયાસ આદર્યો. એના અનુસંધાનમાં આનંદ નૈત્ર્યે મદ્રાસ આવીને ભૃગુસંહિતાવાળા જ્યોતિષીનો સંપર્ક સાધ્યો. જ્યોતિષીએ જણાવ્યું કે સુરેશનો નવો જન્મ બિહારમાં થયો છે. તેના પિતાનું નામ રમેશ અસીસિંઘ અને માતાનું નામ સાવિત્રી છે. તે દશ વર્ષની ઉંમરે ફરી બૌધ ભિક્ષુ બનશે અને સિલોન આવીને ત્યાં સ્થિર થશે. આ માહિતીના આધારે બિહાર આવીને આનંદે ‘ સુરેશ ’ની શોધ આરંભી દીધી. પણ એને સમજાઈ ગયું કે એ કામ સહેલું નહોતું. ઘણી મુસીબતો અને અકળામણને અંતે બિહારના એક ખૂણે પડેલા ગામડામાં આખરે એને ‘ સુરેશ ’નો પત્તો લાગ્યો.

ચાંદગરિ નામના એક નાનકડા ગામડામાં ઈ. સ. ૧૯૫૧ માં મુનેશનો જન્મ થયેલો. બચપણથી જ તે ઈટારનીના કોઈ ભજનસિંઘની વાત કરતો અને પોતે જ તે ભજનસિંઘ છે એવો દાવો કરતો. ગત જન્મની પોતાની પત્ની, પુત્રી અને કુટુંબની પણ તે વાત કરતો; પણ કોઈએ એ તરફ લક્ષ્ય આપ્યું નહિ. પ્રસંગવશાત્ તેના દાદાએ એની વાતમાં કંઈક રસ લીધો અને જમાલપુર જતાં એક વખત તે વચ્ચે ઈટારની ઉતરી પડચા. ત્યાં તપાસ કરતાં, ૧૯૫૧ માં મૃત્યુ પામેલ કોઈ ભજનસિંઘની તેમને ભાળ મળી. તેમના કુટુંબીઓને તેઓ મળ્યા અને ભજનસિંઘના એક ભાઈને પોતાની સાથે ચાંદગરિ લઈ આવ્યા. મુનેશે એમને જોતાંવેંત ઓળખી કાઢચા. પછી મુનેશને ઈટારની લઈ ગયા. ત્યાં એણે કુટુંબના દરેક સભ્યને પિછાની લીધા; એટલું જ નહિ, ભજનસિંઘની દરેક ચીજવસ્તુ પણ એણે ઓળખી બતાવી અને ભજનસિંઘના મૃત્યુ પછી ઘરમાં થયેલા સર્વ ફેરફાર પણ જણાવ્યા. તે વખતે ભજનસિંઘની વિધવા તેના પિયેર હતી, તે પણ મુનેશ સંબંધી વાત સાંભળીને ત્યાં આવી. મુનેશે એની બેનપણીઓ વચ્ચેથી એને ઓળખી બતાવી, અને પતિ-પત્ની વચ્ચેના ઘણા અંગત પ્રસંગો જણાવ્યા, જે ઉપરથી અયોધ્યા દેવી ( ભજનસિંઘની વિધવા ) ને ખાતરી થઈ ચૂકી કે તેને પૂર્વભવના પોતાના પતિનો મેળાપ થયો છે.

મોરાદાબાદના વતની શ્રી સી. એલ. શર્મા અને માયાદેવીની પુત્રી અઢી વર્ષની ઉંમરે જ અત્યંત અઘરા, કિલષ્ટ અને ઓછા જાણીતાં શાસ્ત્રોના પાઠો બોલી બતાવતી હતી. ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના રાજ્યપાલો, રાજસ્થાન હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, રાજસ્થાન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર વગેરે

નામાંકિત વ્યક્તિઓ અને રાષ્ટ્રના ઘણા અગ્રગણ્ય સાક્ષરોની હાજરીવાળી જાહેર-સભામાં એ બાળકીએ પોતાની આ શક્તિનો પુરાવો આપ્યો હતો અને ચમત્કારિક સ્મૃતિ અને શુદ્ધ ઉચ્ચારો માટે સૌની પ્રશંસા મેળવી હતી.

અહીં એ સ્મરણમાં રાખવું ઘટે કે પુનર્જન્મ વિષયક આ સંશોધનકાર્યમાં સ્થળ ઉપર જઈને, કાયદાની કોર્ટમાં જે ચીવટથી પુરાવાઓની ચકાસણી થાય છે એવી કડક ચકાસણીપૂર્વક, પુરાવાઓ તપાસ્યા પછી જ કોઈ પણ કેસને પુનર્જન્મના કેસ તરીકે માન્યતા આપવામાં આવે છે. વ્યક્તિગત કેસોની તપાસના અહેવાલની, જયપુર યુનિવર્સિટીના પરામનોવિજ્ઞાન વિભાગે બહાર પાડેલી પુસ્તિકાઓ–'પ્રભુ,' 'ઈસ્માઈલ,' 'મુનેશ' વગેરે–જોવાથી આની ખાતરી થઈ જશે.

## પુનર્જન્મનો ઇન્કાર અશક્ય

"ઇન્ટરનેશનલ સ્પિરિટ્યુએલિસ્ટ ફેડરેશન" (ઝ્યુરીચ, સ્વીટ્ઝરલેંડ)ના ભૂતપૂર્વ પ્રમુખ કાર્લ મુલર કહે છે કે "જુદા જુદા દેશોમાંથી, અને કોઈ અપવાદ વિના, **છેલ્લાં એંશી વર્ષના ગાળાના એકત્ર કરાયેલા સાતસો કેસોનું અમે જે વિભાગીકરણ કર્યું છે, તેમાંના વૈવિધ્ય અને પ્રકારભેદો જોતાં પુનર્જન્મનો ઇન્કાર કરવો અત્યંત મુશ્કેલ બની જાય છે.** ...કેટલાક ગૌણ મુદ્દા (જેવા કે સ્ત્રી મટીને પુરુષ અને પુરુષ મટીને સ્ત્રી થાય કે નહિ? મૃત્યુ અને નવા જન્મ વચ્ચે કેટલો ગાળો રહે છે? વગેરે) ઉપસ્થિત થતા હોવા છતાં, પુનર્જન્મની મૂળભૂત હકીકતની તરફેણ કરતો પુરાવો પ્રબળ છે.[૧૩]

---

૧૩ "They (the groups)...are all established by a total of some seven hundred cases, from different countries and with few exceptions, from the past 80 years. ... In view of the diversity and variety of the various groups it becomes very difficult to 'explain away' reincarnation. ... ... ... ... There is strong evidence in favour of the simple fact of reincarnation, but it is clear that a number of secondary problems (such as a change of sex, the 'intermission'—the time spent in the Beyond, counting from death till the next birth, etc.) arise. —Karl E. Muller : What is the proof for reincarnation ?

Parapsychology, Vol 6 (1964-65), pp. 154-5.

"પુનર્જન્મ એ કોઈ અપવાદ નથી, પરંતુ આ પૃથ્વી પરની માનવ-વસતિમાંથી મોટી સંખ્યાએ પૂર્વે અહીં જન્મ ધારણ કરેલ છે એવો નિર્દેશ 'એજ-રીગ્રેશન'ના પ્રયોગો પણ આપી જાય છે."[૧૪]

## એક નવતર દિશામાંથી સાંપડેલો સજ્જડ પુરાવો

પુનર્જન્મવિષયક સંશોધનોમાં, જાતિસ્મરણના કિસ્સાઓના અભ્યાસ ઉપરાંત એક નવી પદ્ધતિનો પણ પ્રયોગ થઈ રહ્યો છે. એ છે હિપ્નોટિક 'એજ-રીગ્રેશન.' અમેરિકામાં માનસ ચિકિત્સાનો છૂટથી ઉપયોગ થઈ રહ્યો છે. એ ચિકિત્સામાં રોગના મૂળમાં કોઈ માનસિક ગ્રંથિ (complex) કારણભૂત છે કે કેમ તે જાણવા માટે અપનાવવામાં આવતી પદ્ધતિઓમાંની એક પદ્ધતિમાં દરદીને હિપ્નોટિઝમ દ્વારા ગાઢ 'ટ્રાન્સ' (ઊંઘ જેવી અવસ્થા)માં નાંખવામાં આવે છે, અને પછી ભૂતકાળની સ્મૃતિઓ જાગૃત કરાવાય છે. સામાન્ય રીતે અતિદૂરના ભૂતકાળના કોઈ વિશિષ્ટ પ્રસંગો જ આપણે યાદ કરી શકીએ, પણ દશ વર્ષ પૂર્વે અમુક દિવસે આપણે શું કરેલું એ યાદ આવતું નથી. પરંતુ ગાઢ 'ટ્રાન્સ'ની સ્થિતિમાં તે દિવસ જાણે આપણે અત્યારે જીવી રહ્યા હોઈએ એટલી સ્પષ્ટતાથી સ્મૃતિપટ ઉપર ઊપસી આવે છે.

પહેલાં દરદીને વર્તમાનકાળથી દશ વર્ષ પૂર્વે, પંદર વર્ષ પૂર્વે એમ છેક બાળપણ સુધી લઈ જવામાં આવતો. એ દરમ્યાન પછીથી એ પણ જાણી શકાયું કે કોઈવાર દરદી આ જન્મમાં ન બની હોય એવી વાતો પણ કરવા માંડે છે, ને... આ હકીકતે પુનર્જન્મના સિદ્ધાંતનો વિરોધ કરનાર ડૉ. એલેકઝાંડર કેનન જેવા આંતરરાષ્ટ્રીય-પ્રતિષ્ઠા-પ્રાપ્ત દાકતર અને વૈજ્ઞાનિકને પણ પુનર્જન્મમાં દઢ શ્રદ્ધા-વાળા કેવી રીતે બનાવી દીધા એ આપણે એમના જ શબ્દોમાં જોઈએ:

"વર્ષોથી પુનર્જન્મના સિદ્ધાંતથી હું ભડકતો હતો, અને એને ખોટો પુરવાર કરવા હું મારાથી બનતું બધું કરી છૂટતો. 'ટ્રાન્સ'માં રહેલ મારા દરદીઓ જ્યારે એની વાત કરતા ત્યારે હું એમને કહેતો કે તેઓ મૂર્ખાઈભર્યો પ્રલાપ કરી રહ્યા છે. પરંતુ જેમ વર્ષો પસાર થતાં ગયાં અને એક પછી એક દરદીઓ આની આ જ વાત કહેવા લાગ્યા, ત્યારે મેં એનું તથ્ય જાણવા માટે તપાસ

૧૪. Age-regression experiments suggest that reincarnation is not an exception but that the overwhelming majority of mankind has a previous incarnation on earth.

—ibid, p. 151.

આદરી. **આજ સુધીમાં હું એક હજાર ઉપરાંત કેસોની ચકાસણી કરી ચૂક્યો છું. અને મારે કબૂલ કરવું પડે છે કે પુનર્જન્મ એ એક હકીકત છે**...એક હજારથીયે વધુ કેસોમાંના એકે એક કેસમાં આ જીવન પૂર્વે, સો વર્ષથી માંડીને ઈ. સ. પૂર્વે બે, ત્રણ કે તેથીય વધુ હજાર વર્ષ પહેલાં, આ પૃથ્વી ઉપર જન્મ થયેલ હોવાનું જાણવા મળેલ." [૧૫]

પોતાનાં સંશોધનોની થોડી વિગતો આપીને, આગળ જતાં, તેઓ કહે છે કે "વાચક એ જોઈ શકશે કે મેં આ માત્ર કલ્પનાના આધારે નહિ પણ કડક ચકાસણીના અંતે મળતા પુરાવાના બળે કહ્યું છે. આજ (૧૯૫૦)સુધીમાં ચકાસાયેલ તેરસો કેસોમાં એકધારો સ્થિર પુરાવો સાંપડ્યો છે કે જે અત્યંત નોંધપાત્ર અને ઉત્સાહપ્રેરક છે. આ પુરાવો અત્યંત ભૌતિક સિદ્ધાંતવાદીઓના હુમલાઓની સામે ટક્કર ઝીલે તેવો છે. ગમે તેવી કટ્ટર, દોષદર્શી અને શંકાશીલ વ્યક્તિ પણ એની ઉપેક્ષા કરી શકે તેમ નથી." [૧૬]

---

૧૫. For years the theory of reincarnation was a nightmare to me and I did my best to disprove it and even argued with my trance-subjects to the effect that they were talking nonsense, and yet, as the years went by, one subject after another told me the same story inspite of different and varied conscious beliefs, in effect until now, well over a thousand cases have been so investigated and I have to admit that there is such a thing as reincarnation.

.. In every one of over a thousand cases I have looked into, the existence has gone back to a previous existence on earth over a period varying from a hundred years previously to two, three or more thousand years B. C.

—The Power Within ( Rider, 1950 ) pp. 170–1.

૧૬. The reader will see that my remarks...are not based upon supposition, but upon tested evidence which has been most remarkably and encouragingly constant throughout the investigations, which number over thirteen hundred to date. Such evidence as this defies the attacks of the most materialistic doctrinaires and cannot lightly be passed over, even by the most hardened cynic.

—ibid, p. 188.

## હિપ્નોસિસ

આ સંશોધનો દરમ્યાન કર્મસિદ્ધાંતની સત્યતાની પ્રતીતિ પણ એમને મળેલી. એની વિગતો આપણે આગળ જોઈશું.

'હિપ્નોસિસ' (હિપ્નોટિઝમની અસર નીચે ઊંઘ જેવી અવસ્થા)ની ઊંડી ટ્રાન્સ, જેને સોમ્નેમ્બ્યુલિસ્ટિક ટ્રાન્સ' કહેવામાં આવે છે, તેમાં અતીન્દ્રિય જ્ઞાનશક્તિનો ઉઘાડ થઈ જતો અને દેશકાળની મર્યાદાની પાળ તૂટી જતી જોવામાં આવે છે. એ અવસ્થામાં માત્ર પૂર્વભવની જ નહિ પણ અનેક જન્મોની સ્મૃતિ જાગૃત થઈ શકે છે. માત્ર સ્મૃતિ જ નહિ પણ યાદ કરાતા સમયની અવસ્થાને અને પ્રસંગને અનુરૂપ અવાજ, હાવભાવ વગેરે પણ વ્યક્ત થાય છે. દા૦ ત૦ બાળપણનો પ્રસંગ હોય તો બાળક જેવો અવાજ અને કાલી કાલી ભાષા, દુઃખનો પ્રસંગ હોય તો વેદનાભર્યો સ્વર વગેરે; -જાણે સ્મૃતિમાં લવાતો પૂર્વજીવનનો પ્રસંગ કોઈ નિષ્ણાત અદાકાર દ્વારા અત્યારે જ ભજવાઈ ન રહ્યો હોય ! આ હકીકત, તે માત્ર કલ્પનાનો તરંગ નથી પણ પૂર્વે અનુભવેલ પ્રસંગ છે એની પ્રતીતિ કરાવનાર સબળ પુરાવો બની રહે છે.

આ વિષયમાં રસ ધરાવનારે 'એ સર્ચ ફોર બ્રાઈડે મર્ફી'[૧૭] એ પુસ્તક વાંચવા જેવું છે. હિપ્નોટિક ટ્રાન્સમાં 'એજ-રીગ્રેશન' કેવી રીતે કરાવવામાં આવે છે, એ દ્વારા કેવી અદ્‌ભુત માહિતી સાંપડે છે, પૂર્વજન્મના સિદ્ધાંતને એથી સજ્જડ પુષ્ટિ કેવી રીતે મળે છે અને આવાં સંશોધનોના પરિણામે અમેરિકામાં ઉપલા થરના બુદ્ધિજીવી સમાજમાં પણ પુનર્જન્મનો સિદ્ધાંત કેટલી વ્યાપક માન્યતા મેળવી રહ્યો છે વગેરેનું વિસ્તૃત નિરૂપણ, એક વ્યક્તિ ઉપર કરવામાં આવેલ 'એજ-રીગ્રેશન'ના પ્રયોગનો અથથી ઈતિ સુધીનો અહેવાલ ટાંકીને, નવલકથા જેવી ચિત્તાકર્ષક શૈલીમાં અમેરિકાના એક બેંકરે એ પુસ્તકમાં કર્યું છે.

અમેરિકામાં પુનર્જન્મના સિદ્ધાંતને પ્રતિષ્ઠા અપાવવામાં એડ્‌ગર કેસી નામના એક માણસનો પણ મોટો ફાળો છે.

## વર્જીનીયા બીચનો 'એ ચમત્કારિક માનવી'

પૂર્વે કહ્યું તેમ, ઊંડી 'ટ્રાન્સ'માં આત્માની અતીન્દ્રિય જ્ઞાનશક્તિનો ઉઘાડ થતો હોવાથી, 'ટ્રાન્સ'ની એ અવસ્થામાં બીજી વ્યક્તિઓનાં પૂર્વજીવનો કે

---

૧૭. A Search for Bridey Murphy : Morey Bernstein, (Hutchinson) 1956.

ભાવી જીવનો જાણવાનું પણ અશકય નથી હોતું. એડ્ગર કેસીએ એ રીતે ઊંડી ટ્રાન્સમાં ૨૫૦૦ વ્યક્તિઓનાં પૂર્વજીવન કહી આપેલાં. અહીં એક આશંકા થઈ શકે કે 'હિપ્નોસીસ'ની અસર નીચે વ્યકિત જ્યારે પોતાના જ પૂર્વ જીવનની સ્મૃતિઓને વાચા આપે છે ત્યારે, પૂર્વે કહ્યું તેમ, એના મુખ ઉપરના ભાવો, સ્વરનો ફેરફાર વગેરેથી તે કહેવાઈ રહેલ પ્રસંગનું સંવેદન અનુભવતી સ્પષ્ટ જોવામાં આવે છે, એવું અન્યના જીવનની માહિતી આપતાં તો ન બને, તો આમ બીજી વ્યકિતના પૂર્વજીવનનું કરેલું કથન સાચું છે, એનો પુરાવો શો? એ માત્ર કલ્પનાતરંગ નથી, એની શી ખાતરી? પરંતુ એડ્ગર કેસીની બાબતમાં આ આશંકાને સ્થાન જ નહોતું, કારણ કે પૂર્વે એણે ત્રીસ હજાર દરદીઓની સફળ ચિકિત્સા–દરદીને જોયા વિના જ, ઘણીવાર તો હજારો માઈલ દૂર રહ્યાં રહ્યાં, દરદનું નિદાન અને એના નિવારણ માટે સચોટ ઉપચારનો નિર્દેશ કરવાપૂર્વક–કરેલી.

વાત એમ બનેલી કે એકવીશ વર્ષની ઉંમરે એડ્ગર કેસી માંદગીમાં પટકાયો. એમાંથી એ સાજો તો થયો પણ એણે વાચા ગુમાવી દીધી. એની વાચા પાછી લાવવાના બધા જ ઉપચાર નિષ્ફળ ગયા. એક વખત એક પ્રવાસી હિપ્નોટીસ્ટે એને 'ટ્રાન્સ'માં નાંખી બોલતો કર્યો. પરંતુ 'ટ્રાન્સ'માંથી જાગ્યા બાદ એ બોલી ન શક્યો. એ ધંધાદારી હિપ્નોટીસ્ટ તો બીજે દિવસે અન્યત્ર ચાલ્યો ગયો, પરંતુ પહેલી 'ટ્રાન્સ' વખતે હાજર રહેલા એક શિખાઉ હિપ્નોટીસ્ટે વિચાર કર્યો કે કેસી 'ટ્રાન્સ'માં બોલી શકે છે તે વખતે, પછીથી ન બોલી શકવાનું કારણ કદાચ એની પાસેથી જાણી શકાય. એણે અખતરો કર્યો. 'ટ્રાન્સ' માં રહેલ, નવમા ધોરણથી આગળ કદી ન ભણેલ, કેસીએ એક દાક્તરની અદાથી દાક્તરી પરિભાષામાં દરદનું નિદાન, કારણ અને ઉપચાર કહી બતાવ્યાં! એ પ્રમાણે ઉપચાર થતાં કેસી પૂર્વવત્ બોલતો થઈ ગયો. શિખાઉ હિપ્નોટીસ્ટ પોતે ઘણા વખતથી પેટની પીડા ભોગવતો હતો. કેસીને એક અખતરો કરવા દેવાનું સમજાવી, તેણે પોતાના દરદનું નિદાન પણ કેસી પાસેથી મેળવ્યું અને એ પણ સાજો થઈ ગયો. ધીરે ધીરે આ વાત દાક્તરો સુધી પહોંચી. તેઓ પણ પોતાના ગૂંચવાડાવાળા કેસોમાં કેસીનું માર્ગદર્શન લેવા માંડ્યા. એ રીતે એડ્ગર કેસીના ત્રીસ હજાર 'હેલ્થ રીડીંગ'–ના શ્રીગણેશ મંડાયાં. પછી તો એ પણ ખબર પડી કે કેસી દરદીની ગેરહાજરીમાં પણ નિદાન કરી શકે છે. પ્રશ્ન કરવાના સમયે દરદી કયે સ્થળે છે એટલું જ જણાવવું પૂરતું થતું. કેસી આપમેળે 'ટ્રાન્સ'માં જતો, પછી પ્રશ્ન

પૂછતાં જાણે એક્સ-રેમાં આખું શરીર જોતો ન હોય તેમ એ બોલવા માંડતોઃ "અમે એ શરીર જોઈએ છીએ..." અને પછી, દાક્તરી વિદ્યાનો કક્કો પણ ન જાણનાર કેસી એક નિષ્ણાત કન્સલટંટ બીજા દાક્તરને કહેતો હોય તેમ દાક્તરી પરિભાષામાં દરદનું નિદાન, એનું કારણ અને છેવટે ઉપચાર કડકડાટ બોલી જતો. એના બતાવેલ ઉપચારમાં વૈવિધ્ય રહેતું. એલોપથી જેવી કોઈ એક જ ચિકિત્સા-પદ્ધતિને એ ન અનુસરતો. જ્યાં નામચીન તબીબોએ હાથ ધોઈ નાખ્યા હોય એવા અટપટા કેસો પણ શરીરરચના, દરદ કે દવાના કશા પણ જ્ઞાન વિનાનો કેસી ઊભા કરતો. એની ચિકિત્સા એટલી સચોટ હતી કે આજેય દાક્તરો એના રેકર્ડ ફંફોળે છે.

## —કેસીનાં 'લાઈફ રીડીંગ્ઝ'

ઓહીઓ (અમેરિકા) ના આર્થર લેમર્સ નામના એક સાધનસમ્પન્ન પ્રકાશકે એક મિત્ર પાસેથી કેસીની આ અદ્‌ભુત શક્તિ વિષે સાંભળ્યું ત્યારે એને વિચાર આવ્યો કે જે માણસ આવી અતીન્દ્રિય શક્તિ ધરાવે છે એ માણસ માનવમનને સદીઓથી મૂંઝવી રહેલા ગૂઢ કોયડાઓ—જેવા કે માનવીના જીવનનો હેતુ શો છે? મૃત્યુ પછી શું થાય છે? તત્ત્વજ્ઞાનવિષયક દર્શનોમાં કયું દર્શન સત્યની સૌથી નિકટ છે? વગેરે– ઉપર પણ પ્રકાશ ન નાખી શકે? લેમર્સ ખાસ આ કામ માટે ઓહીઓથી કેસીના તે વખતના વસવાટના સ્થળ સેલ્મા –અલાબામા આવ્યો. કેસીની અદ્‌ભુત શક્તિમાં, રોગની ચિકિત્સા ઉપરાંત, બીજી શક્યતાઓ જોઈ શકનાર લેમર્સ જ પ્રથમ માનવી હતો. એણે કેસીને પોતાની વાત સમજાવી. અને પ્રથમ પ્રયત્ને જ કેસીએ ધડાકો કર્યો કે લેમર્સ "પૂર્વના ભવમાં એક સાધુ હતો!" અહીંથી કેસીનાં 'લાઈફ રીડીંગ્ઝ' શરૂ થયાં. કેસી પૂર્વભવની વાત જણાવીને, એ ગતજીવનની, વર્તમાન જીવન ઉપર કેવી અસર પડશે એ પણ જણાવતો અને જે વ્યક્તિને એણે કદી જોઈ ન હોય એના સ્વભાવ, ખાસિયતો, માનસિક વિકાસ વગેરેનો પણ એ ચોક્કસ નિર્દેશ આપતો, જેની સચ્ચાઈ આશ્ચર્યજનક જણાતી. તેથી જેણે એની શક્તિનો પરચો નજરે જોયેલો એને કેસીની વાતમાં આશંકાને કોઈ અવકાશ જ નહોતો. આમ કેસીએ કરેલ 'લાઈફ રીડીંગ્ઝ'નો આંકડો પણ અઢી હજાર ઉપર પહોંચ્યો.

ઈ. સ. ૧૯૪૫ માં અડસઠ વર્ષની ઉંમરે કેસી મૃત્યુ પામ્યો એ પહેલાં, એના પ્રશંસકોએ એના નામે એક સંસ્થા પણ ઊભી કરી દીધેલી. એ સંસ્થાએ એડ્‌ગરના ત્રીસ હજાર 'હેલ્થ રીડીંગ્ઝ' અને અઢીહજાર 'લાઈફ રીડીંગ્ઝ'નાં રેકર્ડ સાચવી રાખ્યાં છે. જેના આધારે કેટલાયે સંશોધનો આગળ ધપી રહ્યાં

છે. એ સંસ્થા એક માસિક બુલેટિન પણ બહાર પાડે છે. આમ એડ્ગર કેસીએ કરેલ ૨૫૦૦ 'લાઈફ રીડીંગ્ઝે' પણ અમેરિકામાં પુનર્જન્મના સિદ્ધાંતને પ્રતિષ્ઠા અપાવવામાં સારો ભાગ ભજવ્યો છે. બે-ત્રણ દાયકા તો એણે અમેરિકામાં ખળભળાટ મચાવી દીધેલો. [૧૮]

## અંત વગરનું અસ્તિત્વ : આત્મતત્ત્વ

આમ, પશ્ચિમમાં પણ, પુનર્જન્મનો સિદ્ધાંત વધુ ને વધુ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી રહ્યો છે. [૧૯] મેલબોર્ન યુનિવર્સિટીના, વર્ષોથી આ વિષયનો અભ્યાસ કરી રહેલ, એક વૈજ્ઞાનિક ડૉ. રેયનોર જોન્સન 'ધ ઈમ્પ્રિઝન્ડ સ્પ્લેન્ડર' નામના પોતાના પુસ્તકમાં પરામનોવૈજ્ઞાનિક સંશોધનોની ચર્ચાનો ઉપસંહાર કરતાં, અંતે લખે છે કે **"ટૂંકમાં, મૃત્યુ આપણા અસ્તિત્વનો અંત નથી આણી**

---

૧૮. એ સમયે આખું અમેરિકા જેની પાછળ ગાંડું બન્યું હતું તે આ 'મિરેકલ મેન ઑફ વર્જિનિયા બીચ' વિશે ત્યાં કેટલાંયે પુસ્તકો પણ લખાયાં છે, જેવાં કે—

(i) There Is a River—Thomas Sugrue,
(ii) Many Mansions—Dr. Gina Cerminara,
(iii) Edgar Cayce : Man of Miracles—Joseph Millard,
(iv) You Will Survive After Death—Sherwood Eddy,
(v) Venture Inward—Hugh Lynn Cayce, (Harper & Row).

૧૯. પુનર્જન્મની હિમાયત કરતું વિપુલ સાહિત્ય પશ્ચિમમાં બહાર પડી રહ્યું છે. એમાંનાં થોડાં નામો—ફૂટનોટ ૧૮માં જણાવ્યાં છે તે ઉપરાંત—આ રહ્યાં :

1. The Problem of Rebirth—Hon. Ralph Shirley,
2. Ring of Return—Eva Martin,
3. Twenty Cases Suggestive of Reincarnation —I. Stevenson,
4. After Life—Dr. William Wilson,
5. The Power Within (Chaps. 17 & 18), Dr. Alexander Cannon,
6. The Imprisoned Splendour (pp. 270–93 & 375–88) —Dr. Raynor Johnson,
7. Reincarnation—based on Facts—Dr. Karl E. Muller (Psychic Press Ltd., 23, Great Queen street London).

**દેતું એમ માનવાને આપણી પાસે પૂરતા વિશ્વસનીય પુરાવાઓ છે."**[૨૦]

પૂર્વજીવનની સ્મૃતિ આ જીવનમાં થાય છે એ હકીકતે માત્ર પુનર્જન્મની જ સાબિતી નથી આપી પણ, આપણી સ્મૃતિ રાસાયણિક ફેરફારો દ્વારા આપણા મગજના કોષોમાં સંગ્રહાયેલ આપણી અનુભૂતિઓની નોંધના આધારે જ જાગે છે એવી આધુનિક વિજ્ઞાનની માન્યતાને પણ પડકારી છે. જે શરીર નાશ પામ્યું—રાખ કે ધૂળમાં મળી ગયું—તે જીવનની સ્મૃતિઓ પણ, ઉપર્યુક્ત રીતે જાગ્રત કરી શકાઈ છે; એ જ એ સિદ્ધ કરે છે કે સ્મૃતિઓનો આધાર દેહ નહિ, પણ આગલા દેહને છોડીને નવી કાયા ધારણ કરનારું કોઈ સ્વતંત્ર તત્ત્વ છે.

આમ, ગત જન્મોની સ્મૃતિની હકીકત ત્રણ વાત પુરવાર કરે છે :

૧. જ્ઞાનનો આધાર દેહ નથી,

૨. દેહથી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવનાર કોઈ જુદું તત્ત્વ દેહમાં છે, અને

૩. દેહના નાશ સાથે એ તત્ત્વનો નાશ થતો નથી.

ન્યૂયૉર્કના એક માનસચિકિત્સકે તો ત્યાં સુધી કહી પણ દીધું છે કે "એવું લાગે છે કે જન્મ પૂર્વેનું મનોવિશ્લેષણ આપણને જકડી રહેલ વિજ્ઞાનના ભૌતિકવાદની રહીસહી કડીઓના ભુક્કા બોલાવી દેશે."[૨૧]

દેહથી આત્માના સ્વતંત્ર અસ્તિત્વની પ્રતીતિ આપતું, સાધારણ પુનર્જન્મ કરતાં જુદા જ પ્રકારનું, એક વિશિષ્ટ ઉદાહરણ અહીં આપવું સમુચિત ગણાશે. આ કિસ્સાનો ઉલ્લેખ કરતાં ડૉ. બૅનર્જી લખે છે કે "થોડાં વર્ષો પહેલાં, રસુલપુરમાં જસબીર નામનો સાત વર્ષનો એક છોકરો રાત્રે મૃત્યુ પામ્યો. એનાં માબાપની ઇચ્છા હતી કે સવાર પહેલાં એના અંતિમ સંસ્કાર ન કરવા. દરમ્યાનમાં જસબીરમાં પ્રાણ હોવાનાં ચિહ્નો દેખાયાં અને બે-ત્રણ દિવસમાં તો એ સંપૂર્ણ સાજો થઈ ગયો. પરંતુ, સાજા થયા પછી એ છોકરાનું વર્તન વિચિત્ર

---

૨૦. To sum up : we have enough trustworthy evidence to anticipate our survival of the change called death.

—The Imprisoned Splendour, p. 293.

૨૧. "Prenatal psychology may shatter the last fetters with which scientific materialism has bound our minds."

—A Search for Bridey Murphy, p. 120.

બની ગયું. એ ઘરનું ભોજન લેવાનો પણ એણે ઇન્કાર કરી દીધો! એ કહેવા લાગ્યો કે પોતે બ્રાહ્મણ છે, અને રસુલપુરથી ૨૨ માઈલ દૂર આવેલ વેહેડી ગામના રહેવાસી શંકરલાલ ત્યાગીનો પુત્ર છે. આથી એવી ગોઠવણ કરવામાં આવી કે તેની રસોઈ એક બ્રાહ્મણ બાઈ કરી આપે. દોઢેક વર્ષ એ રીતે વીત્યું, ત્યાં એક દિવસ વેહેડીના એક શિક્ષક–પંડિત રવિદત્ત–વેહેડીથી રસુલપુર આવ્યા. જસબીરે તેમને તત્કાળ ઓળખી લીધા અને શંકરલાલ ત્યાગીના ઘર અને વેહેડીના ગામલોકો વિશે તે તેમની સાથે વાતે વળગ્યો. આથી સૌને આશ્ચર્ય થયું. તેને વેહેડી ગામે લઈ જવામાં આવ્યો, જ્યાં તેણે અનેક ગામલોકોને પિછાણી લીધા. ત્યાં ખબર પડી કે જસબીરમાં ઉપર્યુક્ત પરિવર્તન આવ્યું એ જ સમયે શંકરલાલ ત્યાગીનો ૨૫ વર્ષનો યુવાન પુત્ર એક અકસ્માતમાં મૃત્યુ પામ્યો હતો"—જાણે અકસ્માતમાં ઇજા પામેલું શરીર પોતાની અભિવ્યક્તિ માટે કાર્યક્ષમ ન જણાતાં, તેને તજી દઈ, તેમાં રહેલા આત્માએ પોતાની અભિવ્યક્તિ માટે જસબીરનું ખાલી પડી રહેલું ખોળિયું ઉપયોગમાં લઈ લીધું!

## દેહ અને આત્માનો સંબંધ—વિજ્ઞાનની પરિભાષામાં

આધ્યાત્મિક વિચારધારાથી અપરિચિત અને આધુનિક વિજ્ઞાનની પરિભાષાથી ટેવાયેલ વ્યક્તિ આત્મા અને દેહનો સંબંધ ટેલિવિઝન સેટ અને હાઈફ્રીકવન્સી વિદ્યુત્ ચુંબકીય મોજાંઓની ઉપમા દ્વારા સરળતાથી સમજી શકશે. ટેલિવિઝન સેટના પડદા ઉપર દેખાતી જીવંત આકૃતિઓની હલચલ અને એમાંથી રેલાતા ધ્વનિનું મૂળ શું છે?– એ શોધી કાઢવા આખા સેટની ઝીણવટભરી તપાસ કરતાં અંતે શું હાથમાં આવશે? એ સેટમાંની વિવિધ ટ્યૂબો, ટ્રાન્સફોર્મર વગેરે અવયવો ચિત્રો અને ધ્વનિને વ્યક્ત કરવામાં કોઈક રીતે સહાયક થતાં હોય છે, પરંતુ એ બંને (ચિત્ર અને ધ્વનિ)નું મૂળ તો કંઈક જુદું જ હોય છે. જેનું કાર્ય દેખાય છે, પરંતુ જે પોતે અદૃશ્ય જ રહે છે એ છે, ટેલિવિઝનનાં 'હાઈફ્રીકવન્સી' મોજાંઓ. એમની ગેરહાજરીમાં ગમે તેવો નવો સેટ પણ ન તો ચિત્ર ઉપસાવી શકે, ન ધ્વનિ. ટેલિવિઝનનાં 'હાઈફ્રીકવન્સી' મોજાંઓ આપણને અદૃશ્ય છે, બીજી કોઈ ઇન્દ્રિયથી પણ એને આપણે કળી શકતા નથી. પરંતુ ટેલિવિઝન સેટમાં એ પ્રવેશે છે ત્યારે એમની હાજરી આપણા માટે વ્યક્ત બને છે. એવી જ રીતે આત્મા આપણી ઇન્દ્રિયોથી જણાતો નથી પરંતુ, એ જેમાં વ્યક્ત થઈ શકે એવા સેટ–શરીરરૂપી સેટ–માં પ્રવેશે છે ત્યારે એના કાર્ય ઉપરથી એનું અસ્તિત્વ આપણે સમજી શકીએ છીએ. એ શરીરરૂપી સેટના મગજરૂપી ટ્રાન્સફોર્મર અને પડદા ઉપર જ્ઞાન, ઊર્મિ, લાગણી, સ્મૃતિ વગેરે વ્યક્ત

થાય છે, પણ એનું મૂળ એ 'ટ્રાન્સફોર્મર' કે 'પડદો' પોતે નથી, પણ હાઈફ્રીકવન્સી મોજાં સ્થાનીય ચૈતન્યશક્તિ છે. એ ચૈતન્યશક્તિને આપણે ગમે તે નામે ઓળખીએ, પણ એની હાજરી વિના 'સેટ' જીવંત નથી બનતો. વળી, ટેલિવિઝન સેટ વપરાતાં વપરાતાં એની ટ્યૂબો ઘસાઈ જાય કે ટ્રાન્સફોર્મર બગડી જાય તો ટેલિવિઝન-મોજાંઓ એ 'મૃત' સેટ દ્વારા વ્યક્ત નથી થઈ શકતાં, પણ મોજાં પોતે તો સેટની એ બિસ્માર હાલતથી અસ્પૃષ્ટ રહે છે. ત્યાં નવો સેટ લાવીને મૂકો તો એ મોજાં એમાં પ્રવેશીને એ સેટના પડદાને 'જીવંત' બનાવી દેશે. એવો જ શરીર અને આત્મા વચ્ચેનો સંબંધ છે. જૂનું શરીર એની અભિવ્યક્તિ માટે અયોગ્ય બને કે એ આત્મા નવા શરીરમાં જઈને વ્યક્ત થાય છે. પ્રથમના શરીરના નાશથી એને કંઈ અસર થતી નથી. આત્માને વ્યક્ત થવા માટે (હયાતિ માટે નહિ) શરીરની જરૂર પડે છે, પણ શરીર એ જ આત્મા નથી. **શરીરને જીવંત બનાવનાર તત્ત્વ શરીરથી ભિન્ન છે, જેમ ટેલિવિઝન સેટથી ટેલિવિઝન વેવ્ઝ.**

# ૪

# આધુનિક ખગોળ અને પરામનોવિજ્ઞાન-નિર્દિષ્ટ

## ‘ પરલોક ’માં ડોકિયું

સર ઑલિવર લૉડ્ઝ, પ્રો. વિલિયમ મેક્કાર્થી, રૂહાઈન, એલેક્ઝાન્ડર કૅનન, રેય્નોર જૉન્સન વગેરેએ આત્માના અસ્તિત્વને અને પુનર્જન્મના સિદ્ધાંતને હવે વૈજ્ઞાનિક સ્તર પર લાવી દીધાં છે, એટલે આજે આત્માની અને પુનર્જન્મની વાતનો ઇન્કાર, પૂર્વગ્રહ છોડીને તટસ્થપણે વિચાર કરનાર માનવીથી થઈ શકે તેમ નથી, એ આપણે જોયું. હવે પ્રશ્ન રહ્યો પુનર્જન્મના સ્થળ વિશે.

પ્રિય જનની નિત્ય વહાલ વરસાવતી આંખોને માણસ, છેલ્લી વાર, કોઈ પણ ભાવ કે પ્રતિક્રિયા દર્શાવ્યા વિના, નિશ્ચેષ્ટ જુએ છે ત્યારે — તે નાસ્તિક હોય તોયે—તેના મનમાં એ વિચાર ફરકી જાય છે કે ધર્મશાળાની રૂમ ખાલી મૂકીને ચાલી નીકળતા મુસાફરની જેમ, ‘ માંહ્યલો ’ આ દેહમાંથી ચાલ્યો ગયો છે. અને...ખરેખર, આ અવસરે જ માણસ એ જાણવા તલસે છે કે પોતાનો એ ‘ પ્રિય જન ’ કયાં ગયો હશે ? એની ભાળ મળે ખરી ? અને એ ભાળ આપનાર કોઈ અતીન્દ્રિય જ્ઞાની એને ભેટી જાય, તો કયો વિરહી જન રાજી ન થાય ?

આ પૃથ્વી ઉપરના પોતાના જૂના રહેઠાણનો ત્યાગ કરીને ચાલી નીકળનાર ‘ વિશ્વપ્રવાસી ’ઓનાં વ્યક્તિગત સરનામાં આપી શકવાનો અધિકાર ભલે કોઈ અતીન્દ્રિયજ્ઞાની યોગીજન જ ભોગવે, પરંતુ એ પ્રવાસી જે દેશનો વાસી બને છે તે ‘ દેશ ’નો કંઈક પરિચય તો આજે વિજ્ઞાન પણ આપણને આપવા માંડયું છે.

ચંદ્ર ઉપર જઈ આવેલા અવકાશયાત્રીઓ કહે છે કે ત્યાં જીવન હોવાની કોઈ શકયતા નથી, તો શું મૃત્યુ પછી આત્મા ફરી આ પૃથ્વી ઉપર જ અવતરે ? માત્ર આપણી પૃથ્વી ઉપર જ જીવસૃષ્ટિ છે, એ વાત

ધર્મશાસ્ત્રોને સંમત નથી. ધર્મશાસ્ત્રો તો ભારપૂર્વક કહે છે કે આપણી પૃથ્વી કરતાં અત્યંત મોટા અસંખ્ય 'દ્વીપો' ઉપર જીવસૃષ્ટિ છે, જેમાંના કેટલાક 'દ્વીપો' પર તો માનવો પણ વસે છે. ઉપરાંત, માનવ કરતાં વધુ સામર્થ્યવાળા અને ઐશ્વર્યસંપન્ન દેવોથી વસેલા અનેક દેવલોકની વાત પણ શાસ્ત્રોમાં ઠેરઠેર જણાવાઈ છે. તો, ચંદ્ર ઉપર જીવન ન હોવાની અવકાશયાત્રીઓની વાત અને ધર્મશાસ્ત્રોની ઉપર્યુક્ત વાતોનો મેળ ક્યાં રહ્યા ? બેમાંથી કોણ સાચું ?—એવા પ્રશ્નો જિજ્ઞાસુ માનવીના મનમાં ઊઠી શકે. આ ગૂંચના ઉકેલમાં આધુનિક ખગોળવિજ્ઞાન—astronomy આપણી મદદે આવે છે.

## અફાટ બ્રહ્માંડ

જે ચંદ્ર ઉપર જઈ આવ્યાની વૈજ્ઞાનિકો વાત કરે છે, તે ચન્દ્ર, આધુનિક ખગોળવિજ્ઞાનના મતે, આપણા સૂર્યમંડળના એક ગ્રહ–પૃથ્વીનો એક ઉપગ્રહ છે. આપણા મંદાકિની વિશ્વમાં આપણા સૂર્ય જેવા અબજો તારાઓ (સૂર્યો) છે. અને આપણા સૂર્યની આસપાસ આપણી પૃથ્વી અને બીજા ગ્રહો ફરે છે, તેમ આ બીજા તારાઓ–સૂર્યો ફરતા ગ્રહો પણ હશે. તારાવિશ્વમાં આપણા સૂર્ય જેવા કરોડો સૂર્ય હોય છે. અને આવા કરોડો સૂર્યો ધરાવતાં તારાવિશ્વો યે કંઈ એક-બે નથી; આવાં તો કરોડો તારાવિશ્વો અવકાશમાં પથરાયેલાં પડ્યાં છે, એમ આધુનિક ખગોળવિજ્ઞાન કહે છે.

શાસ્ત્રોએ વિશ્વની અકલ્પ્ય વિરાટતાનું ચિત્ર દોર્યું છે, તેમ ટેલિસ્કોપ અને સ્પેક્ટ્રોસ્કોપ વડે સજ્જ થઈને વિશ્વની ક્ષિતિજો નિહાળવા મથતું આધુનિક વિજ્ઞાન પણ કેવડું મોટું બ્રહ્માંડ સ્વીકારે છે, તે પહેલાં આપણે જોઈએ.

સામાન્ય અંદાજ પ્રમાણે સ્વચ્છ રાત્રિએ આપણે નરી આંખે ૩,૦૦૦ તારા જોઈ શકીએ છીએ; પરંતુ ખગોળવેત્તાઓનું કહેવું છે કે આકાશમાં અગણિત તારાઓ છે. આપણો ચંદ્ર જેટલું આકાશ ઢાંકે છે–એટલે કે અનંત અવકાશમાં આપણી આંખ માંડીએ ત્યારે ચંદ્રને કારણે આપણને આકાશનો જેટલો ભાગ ન દેખાય–તેટલા ભાગમાં છ સો તારાવિશ્વો હોય છે. ને... એવાં તારાવિશ્વો વિનાનો આકાશનો એક પણ ખૂણો ખાલી નથી.

## — આકાશગંગાની અજાયબીઓ

સ્થળ અને કાળનાં અત્યંત મોટાં માપ દર્શાવવા, રોજિંદા જીવન-વ્યવહારમાં ઉપયોગમાં લેવાતાં તેનાં એકમો અગવડભર્યાં કે અપૂરતાં જણાતાં ધર્મશાસ્ત્રોએ તે માટે નવા એકમો નિયત કર્યાં છે. શાસ્ત્રોની જેમ વિજ્ઞાનને

પણ વિરાટ વિશ્વમાં તારાઓનું એકબીજાથી અંતર બતાવવા માટે, ગણિતના આંકડાઓમાં માઈલો યા કિલોમીટરની સંખ્યા આપવાને બદલે નવાં પરિમાણો આપવાં પડે છે. પૃથ્વીથી તારાઓનું અંતર બતાવવા વિજ્ઞાને સ્વીકારેલું આવું એક પરિમાણ છે પ્રકાશ-વર્ષ. એક પ્રકાશ-વર્ષ એટલે એક સેકંડમાં એક લાખ છયાસી હજાર માઈલ–લગભગ ત્રણ લાખ કિલોમીટર–ના વેગે પ્રવાસ કરતો પ્રકાશ એક વર્ષમાં જેટલું અંતર કાપે તેટલું અંતર. ચંદ્રથી પૃથ્વી સુધી–લગભગ સવા બે લાખ માઈલ અર્થાત્ ૩,૮૪,૦૦૦ કિલોમીટર–આવતાં પ્રકાશને આશરે સવા સેકંડ થાય; નવ કરોડ ને ત્રીસ લાખ માઈલ–૧૪ કરોડ ૮૮ લાખ કિલોમીટર–દૂર રહેલ સૂર્યમાંથી નીકળી પૃથ્વી સુધી આવતાં પ્રકાશને આઠેક મિનિટ(૫૦૦ સેકંડ) થાય; ને નેપચ્યુનના તેજને આપણી આંખ સુધી પહોંચતાં ચાર કલાક થાય; અર્થાત્ પૃથ્વીથી ચન્દ્ર સવા પ્રકાશ-સેકંડ, સૂર્ય આશરે સવા આઠ પ્રકાશ-મિનિટ, ને નેપચ્યુન ચાર પ્રકાશ-કલાક દૂર કહેવાય. પણ આ તો આપણી સૂર્યમાળાની અંદરની એટલે કે આપણા ઘરઆંગણાની વાત થઈ.

આપણા સૂર્યનો નજીકમાં નજીકનો પાડોશી બીજો સૂર્ય-તારો એટલો દૂર છે કે તેના પ્રકાશને આપણા સુધી પહોંચતાં ચાર વર્ષથી સહેજ વધુ સમય લાગે છે. પણ ચાર વર્ષે પ્રકાશ આવે તે નજીકમાં ગણાય છે; બીજા તારાઓના પ્રકાશને આપણા સુધી પહોંચતાં પચાસ, સો કે પાંચસો વર્ષ પણ નીકળી જાય છે. દા. ત., ધ્રુવ તારાનો પ્રકાશ ૪૫૦ વર્ષે પૃથ્વી પર પહોંચે છે. અવકાશમાં આપણો સૂર્ય એકલ તારો છે. કેટલેક સ્થળે ઘણા તારા ભેગા મળીને તારાગુચ્છ રચે છે. આવા કેટલાયે તારાગુચ્છો આપણા તારાવિશ્વમાં છે. કેટલાક પાસે છે, તો કેટલાક દૂર. આવા વધુ દૂર રહેલા તારાઓનાં ઝૂમખાં દૂરથી ધુમાડાનાં ધાબાં જેવાં દેખાય. આ તો આપણા જ તારાવિશ્વની અંદરની વાત છે. આવાં કેટલાય તારાગુચ્છો, તારા, નિહારિકાઓ વગેરે મળીને આપણું તારાવિશ્વ બન્યું છે. અંદાજ એવો છે કે તેમાં નાનામોટા મળી ૧૦૦ અબજ તારા છે. તે આપણી ચારે બાજુના અવકાશમાં, આપણી નજદીકથી માંડી દૂર સુધી વીખરાયેલા છે. એ બધા મળી ફૂલેલી પૂરી જેવા આકારનું આપણું તારાવિશ્વ રચે છે, જેનો વ્યાસ એક લાખ પ્રકાશવર્ષનો છે !

આપણી નજીકના એક પડોશી તારાવિશ્વનું નામ ઍન્ડ્રોમિડા વિશ્વ યાને મે–૩૧ છે. નરી આંખે જોતાં તે ધુમાડાના એક ધાબા જેવું જ દેખાય છે. દૂરબીન માંડીએ ત્યારે જ ખબર પડે કે તે એક તારાવિશ્વ છે. તે આપણાથી ૨૨ લાખ પ્રકાશવર્ષ દૂર છે. તેનો વ્યાસ છે બે લાખ પ્રકાશવર્ષ ! તો તિંગ

દૂરબીનોથી ત્રણ અબજ પ્રકાશવર્ષ દૂર રહેલાં તારાવિશ્વ દેખાયાં છે. રેડિયો-ટેલિસ્કોપે તો એથીયે દૂરની સૃષ્ટિના ખબર માનવીને આપ્યા છે. દશ અબજ પ્રકાશવર્ષ દૂરથી આવતાં અને કોઈ તારાવિશ્વ કરતાં પણ વધુ જોરદાર મોજાં રેડિયો-ટેલિસ્કોપથી ઝિલાયાં છે. આધુનિક ખગોળવિજ્ઞાને પ્રબળ રેડિયો મોજાંનાં એ ઉદ્‌ગમસ્થાનોને નામ આપ્યું છે 'ક્વેસાઈ–સ્ટેલર્સ' અર્થાત્ 'તારા જેવાં.' કારણ કે એ નથી તારા કે નથી તારાવિશ્વો. કોઈ 'ક્વેસાર' પૃથ્વીથી એક અબજ પ્રકાશવર્ષથી ઓછા અંતરે નથી. આટલે દૂરથી 'જોઈ' શકાય એટલા પ્રકાશિત કોઈ સામાન્ય તારા ન હોઈ શકે; જ્યારે 'ક્વેસાર્સ' તો વધુમાં વધુ પ્રકાશિત તારાવિશ્વો કરતાંયે સોગણા પ્રકાશિત મળી આવે છે. કિંતુ કદમાં તારાવિશ્વો કરતાં એ ઘણાં નાનાં હોય છે. છેલ્લા એક-બે દાયકાઓમાં એકસો ઉપરાંત 'ક્વેસાર' મળી આવ્યા છે.

**— જીવસૃષ્ટિવાળા ગ્રહો**

આમ, વિજ્ઞાનમાન્ય વિશ્વના સીમાડા વિસ્તરતા જાય છે. વૈજ્ઞાનિક સાધનો દ્વારા જેટલા અવકાશમાં નજર નાંખી શકાઈ છે, તેમાં કેટલા ગ્રહો ઉપર જીવનની શક્યતા છે? હોઈલ (Hoyle)ના મતે, આપણા તારાવિશ્વના કુલ ૧૦૦ અબજ તારાઓમાંથી એક કરોડ તારાઓ ગ્રહોવાળા હશે, જેમાંથી દશ લાખ ગ્રહો પર જીવસૃષ્ટિ હોવા સંભવ છે. અમેરિકન વૈજ્ઞાનિક ડૉ. સ્ટીફેન્સ એચ. ડોલના કહેવા મુજબ, એકલા આપણા તારાવિશ્વમાં જીવનની સંભાવનાવાળા પૃથ્વી જેવા ૫૦ કરોડ ગ્રહો વિદ્યમાન હશે. એમાંના દર દશ હજાર ગ્રહે એક ગ્રહ 'બુદ્ધિશાળી જીવવાળો' હોય તોય ૫૦ હજાર ગ્રહો પર બુદ્ધિની ઉત્કૃષ્ટ લીલાઓની આશા રાખી શકાય છે. બીજી જ્યોતિઓમાંથી નિયત અંતરે સ્પંદનો (Pulses) આવી રહ્યાં છે, એવું તો આજે વૈજ્ઞાનિકો સ્વીકારે જ છે—જોકે એ સ્પંદનો શી રીતે ઉત્પન્ન થાય છે અને ક્યાંથી આવે છે એ કોયડો હજુ પૂરેપૂરો ઉકેલી શકાયો નથી. પરંતુ વૈજ્ઞાનિકો માને છે કે એવાં સ્પંદનો કૃત્રિમ હોય તો તેમને મોકલનાર આપણા કરતાં વિજ્ઞાનમાં વધુ આગળ વધેલા કોઈ અન્ય ગ્રહો ઉપરના જીવો હોઈ શકે.

શાસ્ત્રોએ વિશાળ દેવવિમાનો, દેવલોકો અને 'દ્વીપો'ના જે અત્યંત મોટા ક્ષેત્રવિસ્તારનો નિર્દેશ કર્યો છે તેનો સ્વીકાર કરતાં ઘણાં મુશ્કેલી અનુભવે છે. આધુનિક ખગોળવિજ્ઞાને તારાઓનાં કદનાં નિર્ણીત કરેલાં માપ પણ પ્રથમ નજરે એવાં જ લાગશે, પણ તે બુદ્ધિને સ્વીકારવાં પડે છે, કારણ કે ભૂમિતિ, ત્રિકોણમિતિ, રેડિયેશન વગેરેના માન્ય સિદ્ધાંતોના આધારે તે

નિર્ણીત કરાયાં છે. એ મુજબ, આપણી સૂર્યમાળામાંના ગુરુગ્રહનો વ્યાસ ૮૦,૦૦૦ માઈલ છે. આપણી પૃથ્વી જેવડા ૧૩૦૦ ગ્રહ એ એક ગ્રહમાં સમાઈ જાય તેવડો એ મોટો છે. સૂર્યનો વ્યાસ આઠ લાખ માઈલ–તેર લાખ બાણું હજાર કિલોમીટર–છે. રોહિણીના તારાનો વ્યાસ ૮ કરોડ માઈલ છે, અને વિંછીડામાંના પારિજાત નામના તારાનો વ્યાસ ૩૯ કરોડ માઈલ–૬૦ કરોડ કિલોમીટર–થી વધુ છે. એનું કદ એવડું મોટું છે કે ત્રણ કરોડ સૂર્યને તે પોતામાં સમાવી શકે. આ સ્વીકાર આજનું વૈજ્ઞાનિક ગણિત કરી રહ્યું છે. આથીયે વિરાટકાય તારાઓ અવકાશમાં હસ્તી ધરાવે છે. બ્રહ્મમંડળ–Auriga નામના તારામંડળમાંનો એક તારો—એપ્સિલોન (Epsilon) ત્રણ અબજ પંચોતેર કરોડ કિલોમીટરનો વ્યાસ—સૂર્યવ્યાસ કરતાં ૨૭૦૦ગણો વ્યાસ—ધરાવે છે! એ ન ભુલાય કે આ એના ક્ષેત્રફળનું નહિ પણ વ્યાસનું માપ છે. હમણાં એનાથી પણ વધુ વિરાટ તારાની ભાળ મળી છે. એનું નામ છે V ૩૮૧ વૃશ્ચિક. આ તારાનો વ્યાસ સૂર્યવ્યાસ કરતાં ૩૦૦૦ ગણો છે! એમની સરખામણીમાં આપણી પૃથ્વીનો વ્યાસ કેવળ આઠ હજાર માઈલ છે એ ધ્યાનમાં રાખવાથી એ તારાઓના વિરાટ કદ અને અફાટ ક્ષેત્રફળની પણ કંઈક કલ્પના આવી શકશે.

ઉપર આપણે જેની વાત કરી આવ્યા તે, પરામનોવિજ્ઞાનના ક્ષેત્રે થતા 'એજ-રીગ્રેશન' દ્વારા પૂર્વજીવનની સ્મૃતિ જાગૃત કરવાના અખતરાઓમાં, આ પૃથ્વી સિવાય અન્યત્ર જીવન વિતાવ્યાની બાતમી ઘણી વ્યક્તિઓ પાસેથી મળી છે. આવા એક હજાર ત્રણસો બ્યાસી અખતરા કરનાર ડૉ. એલેકઝાંડર કેનન વગેરેનાં સંશોધનોના અહેવાલો જોઈશું તો આપણને ખાતરી થઈ જશે કે આ પૃથ્વી સિવાય અન્યત્ર જીવસૃષ્ટિ છે, એટલું જ નહિ પણ, શાસ્ત્રોએ વર્ણવેલ દેવલોક જેવી જીવનપરિસ્થિતિવાળાં સ્થાનો પણ વિશ્વમાં છે. એમાંથી એક-બે દાખલા આપણે જોઈશું? આ સંશોધન દરમ્યાન એલેકઝાંડર કેનને 'ટ્રાન્સ'માં રહેલ એક વ્યક્તિને એના જન્મનાં પાંચ વર્ષ પૂર્વેની સ્મૃતિઓ જાગૃત કરવાનું કહ્યું. એ પછી એ વ્યક્તિએ કહ્યું કે હું શુક્ર ઉપર છું. તમે સમયનું જે માપ દર્શાવો છો એથી ગૂંચવાડો ઊભો થાય છે, કારણ કે, તમારી પૃથ્વી ઉપર છે એવો સમય અહીં નથી. ત્યાંની–શુક્ર ઉપરની–જીવનની અન્ય પરિસ્થિતિ વિશે તેને પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબમાં જાણવા મળ્યું કે જીવનની કળા શીખવી એ જ ત્યાંની મુખ્ય પ્રવૃત્તિ છે. સાથે તેણે એ પણ સૂચવ્યું કે પૃથ્વી ઉપર આપણે સમજીએ છીએ એ અર્થમાં કોઈ કામધંધો ત્યાં નથી. ત્યાં રાત-દિવસ નથી, પણ હંમેશાં અત્યંત તેજસ્વી પ્રકાશ રહે છે—એટલો

બધો તેજસ્વી કે વધુમાં વધુ પ્રકાશવાળા દિવસે પણ આપણી પૃથ્વીને 'અંધારિયા ગ્રહ' તરીકે ઓળખાવવામાં આવી.[૨૨]

## 'એસ્ટ્રલ વર્લ્ડ'

અમેરિકા (Pueblo, Colorado)ની એક ગૃહિણી રથ સીમોન્સે 'એજ-રીગ્રેશન'ના પ્રયોગ દરમ્યાન, પોતાના પૂર્વભવની વિગતો આપતાં, કહ્યું કે "હું 'એસ્ટ્રલ વર્લ્ડ'માં છું. અહીં અમારે ખાવાની કે ઊંઘવાની જરૂર પડતી નથી કે નથી થાક લાગતો."

"ત્યાં તમે તમારો સમય શી રીતે પસાર કરતા?"

"બસ...જોયા કરવાનું."

"(કશું કરવાનું નહિ, તો) તમને સમય (દિવસ) લાંબો નહોતો લાગતો?"

"સમય પસાર થઈ જાય છે એવું અમને લાગતું નથી. તમારી જેમ દિવસ અને રાત્રિ જેવું અહીં કંઈ નથી."

"તમે ત્યાં હતા ત્યારે પૃથ્વી ઉપર બીઆંના ઘેર શું બની રહ્યું છે એ તમે જાણતા હતા?"

---

૨૨. We then took the subject's memory back another five years and found that she was then living on the planet Venus. Here, however, a question arose which caused us some little difficulty at first. The subject pointed out that our computations were based upon Earth-time and that this created a confusion because there was no such time-factor on Venus.

Some interesting details were given as to the nature of life on Venus. I asked her what went on there, and she replied that instruction in the art of living was the main activity; also she indicated the work as we know it on Earth did not exist on that planet. The medium informed us that the light on Venus was constant and extremely brilliant; so brilliant, in fact, that our Earth was described as 'dark planet' even on its brightest day.

—The Power Within, p. 180.

"મારું એ તરફ લક્ષ નહોતું. અમે ધારીએ તો જાણી શકીએ."

"તમે જાણી શકો ?"

"હા ! ઇચ્છીએ તો...તમે ( ત્યાં હો તો ) ઇચ્છો તે જોઈ શકો...ઇચ્છો તે બધું જ."

"ઇચ્છામાત્રથી તમે ધારો તે જોઈ શકો ?"

"સંકલ્પમાત્રથી...( ત્યાં ) તમે માત્ર વિચાર કરો...ને બધું જ દેખાય."

"તમે બીજાના મનના ભાવો જાણી શકો ?"

"જો હું એ તરફ લક્ષ આપું તો જાણી શકું... ...તે શું ઇચ્છે છે કે શું વિચારે છે તે જાણી શકું."

"ત્યાં 'ઍસ્ટ્રલ વર્લ્ડ'માં વૃદ્ધાવસ્થા, રોગ, મૃત્યુ જેવું કંઈ ખરું ?"

"ત્યાં મૃત્યુ નથી. તમે ( ત્યાં હો તો ) માત્ર ત્યાંથી અલોપ થઈ જાઓ...બીજા જીવનમાં...ચાલ્યા જાઓ, બસ...ત્યાં મૃત્યુ નથી."

"અને કોઈ રોગ?"

"ના."

... ... ... ... ... ...

"'ઍસ્ટ્રલ વર્લ્ડ'માં તમે હતા ત્યારે પૃથ્વી પરના માણસોનું ભાવિ જોઈ શકતાં ? પૃથ્વી પર રહેલ લોકોને ત્યાંથી તમે જોઈ શકતા ખરા ? તેમનું ભવિષ્યમાં શું થવાનું છે તેની તમને ખબર પડતી ?"

"હા."

"તમે એ શા ઉપરથી કહો છો ? એકાદ દાખલો આપો."

"દાખલા તરીકે, ત્યાં રહેલાનો બીજો જન્મ થવાનો હોય એની પહેલાં... એને ખબર પડી જાય છે કે પોતાને ત્યાંથી જવાનું છે...તેઓ જોઈ શકે છે...શું થવાનું છે તે એ લોકો...ત્યાં રહેલાઓ...જોઈ શકે છે."[૨૩]

---

૨૩. Did you ever have to eat anything?

No.

You never had to eat?

No. never eat, never sleep...never get tired there.

p. 120.

વાચકો અહીં એ યાદ રાખે કે આ કોઈ શાસ્ત્રોએ કહેલાં વર્ણનો નથી; આ છે આધુનિક પરામનોવિજ્ઞાનના અખતરાઓના અહેવાલો. શાસ્ત્રે કરેલાં દેવલોકનાં વર્ણનો : ત્યાં રાત્રિ-દિવસ નથી, નિત્ય અત્યંત તેજસ્વી પ્રકાશ છે, દરેક દેવને અમુક મર્યાદામાં અતીન્દ્રિયજ્ઞાન હોય છે, જેથી તે ભૂત-ભાવિમાં નજર નાંખી

---

And you didn't sleep?

No. No sleep.

How did you spend all of your time?

Oh... ... just ... watching...

Did it seem like it was long time, or did time mean anything?

No, no night or no day...like you had it.

p. 123.

While you were...in this astral life, ...could you tell what was going on in Belfast at Brian's house?

No.

You didn't know?

I didn't...watch. You could.

You could watch?

You could...but...I didn't watch...you could just see... just **anything.**

You could see anything you wanted to see, just by wanting to see it?

Just willing it...so you just think...you see everything.

... ... ...

I see. Could you read his thoughts then, could you read his thoughts all the time?

...If I thought of it...I conld know what he wanted and think.

p. 143.

I see...Was there anything, were there any things in the astral world such as death, disease, or old age?

શકે છે, દેવોને આહાર કે ઊંઘની જરૂર નથી હોતી, આહારની ઇચ્છા થતાં જ આહાર લીધા વિના જ તૃપ્તિ થઈ જાય છે, આયુષ્ય પૂર્ણ થાય એ અગાઉ એમને એની ખબર પડે છે, દેવોને આપણી જેમ નવ માસ ગર્ભાવાસ અને તે પછી બાળ અવસ્થામાંથી વિકાસ પામતાં પામતાં યુવાવસ્થાએ પહોંચવાનું હોતું નથી, પરંતુ ત્યાં ઉત્પન્ન થતાંની સાથે જ પુખ્ત યુવાન શરીર પ્રાપ્ત થાય છે વગેરે સાથે આ હકીકતો કેવી આબેહૂબ મળતી આવે છે!

દેવલોકમાં ઉત્પન્ન થતાંવેંત પુખ્ત યુવાન કાયા મળે છે એની પ્રતીતિ કરાવતું એક દૃષ્ટાંત[૨૪] આ રહ્યું: અરવિંદ જાની.

There was no death, there was just a...passing off...you passed from that existence...to another existence. That's all, there was no death.

Any disease?

No. p. 145.

Could you look at the people on earth and see what was going to happen to them?

Yes.

You could?

Yes.

You could see the future?

Yes.

I see. What makes you say that you could? Give us an example.

Because... ...before...you were born...you would know you would pass...just see things that were going to happen... ... ...they could see...people knew what was going to happen...if you were there.

p. 151.

— A Search for Bridey Murphy by Morey Bernstein.

૨૪. શ્રી અરવિંદ જાની (અમેરિકામાં પેરાસાયકોલોજીના પ્રોફેસર; પૂર્વજન્મની સ્મૃતિ એ જેમનો ખાસ વિષય છે)ના મુખે સાંભળેલી એક વાતમાંથી—આલેખક શ્રી સુરેશ વકીલ, 'સંદેશ': તા. ૨ નવેંબર, ૧૯૬૯.

મને અત્યારે મારા મરણની સવાર યાદ આવે છે. દશ વાગ્યા હતા. મારા માતા, પિતા, આખું કુટુંબ મારી પથારીની આસપાસ હતું. મારી છાતીમાં વેદના અસહ્ય હતી. . . વેદના એકદમ વધવા માંડી, બોલવાનું શું, શ્વાસ લેવાનું પણ અશક્ય થવા માંડયું. લાખ લાખ વીંછીઓ એક સામટા ડંખ દેતા હોય એવી ભયાનક પીડા થવા માંડી. પૃથ્વી આખી ડૂબતી હોય એવું લાગવા માંડયું... પીડાનો પાર નહોતો.

એકાએક મારી તમામ વેદના દૂર થઈ ગઈ. અને હું ક્યાં હતી ? હું મારા ઘરમાં ન હતી ! હું એક સુંદર બગીચામાં આવેલા ઘેઘૂર ઝાડની છાયામાં સૂતી હતી.

મેં આંખો ઉઘાડી. આજુબાજુ કોઈ ન હતું. દૂરથી એક માણસ મારી તરફ આવતો હતો. ચાંદની જેવાં શ્વેત વસ્ત્રો એણે પહેર્યાં હતાં.

"ચાલો. ઊઠો, હું તમને બધું બતાવું." મારી નજીક આવી એણે કહ્યું.

"અહીં શું જોવાનું છે?"

"તમારી જગ્યા અને બીજું ઘણું બધું."

મેં ધીમેથી ઊઠવાનો પ્રયાસ કર્યો; કશી પીડા વિના હું ઊઠી શકી. મેં ચાલી જોયું. હું ધમધમ ચાલી શક્તી હતી. મને કોઈ પીડા ન હતી. હું સાવ સાજી હતી.

મારી નજર મારા શરીર ઉપર ગઈ. મારું શરીર બદલાઈ ગયું હતું. મારું શરીર હલકું, તેજસ્વી અને સુંદર હતું.

પેલું શરીર ક્યાં ગયું? જહન્નમમાં ગયું! મારે એ શરીર નથી જોઈતું. એ શરીરમાં તો પીડાનો પાર ન હતો. મારે હવે પીડા જોઈતી નથી. એ શરીરમાં મને મારાં માતાપિતા તો શું, મૃત્યુ ટાણે જેને જોવા હું તલસતી હતી તે મારો પ્રિયતમ મળે તોય મારે એ શરીર જોઈતું નથી. એ ભયાનક વેદનાથી આજ પણ હું કમકમી ઊઠું છું.

સામેથી રૂપાળાં સ્ત્રી-પુરુષોનું ટોળું આવતું હતું. કેટલાંકના હાથમાં વાદ્યો હતાં. કેટલાંક ગાતાં હતાં. કેટલાકનાં હાથમાં મઘમઘતાં ફૂલોવાળી સુંદર ડાળીઓ હતી.

"આ બધાં કોણ છે?" મેં પેલા માણસને પૂછયું.

"યક્ષો, કિન્નરો, ગંધર્વો."

"ક્યાં જાય છે?"

"આનંદયાત્રાએ."

"હું એમની સાથે જઈ શકું?"

"હા."

હું એમના સાથે આનંદયાત્રામાં જોડાઈ જોડાતાંની સાથે જ હું પૃથ્વી ઉપરની તમામ વસ્તુઓ ભૂલી ગઈ.

શાસ્ત્રે કહેલ દેવલોકના જેવું જીવન વિશ્વમાં ક્યાંક છે એની ખાતરી આ વાતો નથી આપી જતી ?

## ચંદ્રની ધરતી પર બીજી સૃષ્ટિ !

આધુનિક વિજ્ઞાનમાન્ય સિદ્ધાંત અનુસાર એક સંભાવના એ પણ જોઈ શકાય છે કે જ્યાં આપણે આજે એક પ્રકારની સૃષ્ટિ અનુભવીએ છીએ, ત્યાં જ કોઈ જુદી જ સૃષ્ટિનું **અસ્તિત્વ** સંભવી શકે. પદાર્થવિજ્ઞાન માને છે કે આપણને દૃશ્ય અને 'પ્રત્યક્ષ' અનુભવમાં આવતું જગત એ ભિન્ન ભિન્ન લંબાઈ અને કંપન-'ફ્રીકવન્સી' ધરાવતા વિદ્યુત્ચુંબકીય તરંગો–electro-magnetic radiation–ની જ રમત છે. લૅબોરેટરી દ્વારા આપણને પ્રાપ્ત થતું આપણું બધું જ્ઞાન ઇન્દ્રિયો કે ઇન્દ્રિયોથી ગ્રાહ્ય એવી માહિતી આપનાર સાધનો ઉપર અવલંબે છે. આપણી ઇન્દ્રિયો વિશ્વમાં રહેલ વિદ્યુત્-ચુંબકીય તરંગોમાંથી અમુક જ તરંગો-'વાયબ્રેશન્સ' પકડી શકે છે. આપણી આંખ ·૦૦૦૦૪ સેન્ટિમીટરથી માંડીને ·૦૦૦૦૭ સેન્ટિમીટર લંબાઈવાળા તરંગો પકડી શકે છે; એથી ઓછાવત્તા લાંબા 'તરંગો' ધરાવતી વસ્તુ આપણને દૃશ્ય નથી થતી, દૃશ્ય તરંગોથી થોડી વધુ ·૦૦૦૦૮ થી ·૦૩૨ સેન્ટિમીટર લંબાઈ ધરાવનાર ઇન્ફ્રારેડ કિરણો આપણી આંખ પકડી શકતી નથી — જોકે આપણી ચામડી ઉપર ગરમીરૂપે એનો અનુભવ આપણે કરીએ છીએ. એવી જ રીતે ·૦૦૦૦૩ થી ·૦૦૦૦૦૧ સેન્ટિમીટર લંબાઈ ધરાવતાં અલ્ટ્રાવાયોલેટ કિરણો આંખ માટે થોડાં નાનાં પડે છે, પણ ફોટોગ્રાફિક પ્લેટ ઉપર પકડી શકાય છે. એકસ-રે એથીય નાનાં છે તેના વડે પણ ફોટોગ્રાફિક પ્લેટ ઉપર ચિત્ર અંકિત થઈ શકે છે. એવી જ રીતે દૃશ્ય પ્રકાશથી વધતીઓછી લંબાઈ-વાળા બીજા પણ વિદ્યુત્-ચુંબકીય તરંગો—જેવા કે રેડિયમમાંથી નીકળતાં ગામાકિરણો, કૉસ્મિક કિરણો, રડાર તરંગો, રેડિયો અને ટેલિવિઝન તરંગો — છે કે જે પ્રકાશથી માત્ર લંબાઈમાં જ જુદા પડે છે, અને, આંખથી ન દેખાવા છતાં, જુદાં જુદાં સાધનો દ્વારા પકડી શકાય છે. એની બહારના તરંગોની સૃષ્ટિ પદાર્થવિજ્ઞાનને આજે અગમ્ય રહે છે. ચંદ્ર ઉપરની પરિસ્થિતિનું વિજ્ઞાનને આજે થયેલું દર્શન પણ વિજ્ઞાનની આ મર્યાદાને આધીન છે. આપણી ઇન્દ્રિયો અને આજનાં વૈજ્ઞાનિક સાધનો પકડી શકે છે તેની બહારના તરંગો ઓળખવાની ક્ષમતા જો આપણને પ્રાપ્ત થાય, તો કોઈ

જુદી જ સૃષ્ટિનું આપણને દર્શન થાય એમ વિજ્ઞાન પણ કહે છે.[૨૫]

જુદા જુદા વિદ્યુત્-ચુંબકીય તરંગો દ્વારા પદાર્થનાં થતાં દર્શન ભિન્ન ભિન્ન પ્રકારનાં છે. આમ હોવાથી વિજ્ઞાન આજે જે તરંગો નથી પકડી શક્યું તે કાલે એ પકડી શકે તો આજે ઉજ્જડ લાગતા ચંદ્ર ઉપર પણ કોઈ જુદી જ જીવનલીલાનાં દર્શન ન થાય? ચંદ્ર પરની સૃષ્ટિ વિષેનું વિજ્ઞાનનું આજનું દર્શન કાલે તદ્દન બદલાઈ જવાની સંભાવના નકારી તો ન જ શકાય.

'લંડન સોસાયટી ફોર સાઈકીકલ રીસર્ચ'ના પ્રમુખ (૧૯૪૫) જી. એન. એમ. ટૅરિલે, પ્રમુખ તરીકેના પોતાના ભાષણમાં, કહ્યું છે કે "એમ થવાને કોઈ કારણ નથી કે જગતની નોંધ લેવાની આપણી ઇન્દ્રિયોની શક્તિની જ્યાં મર્યાદા આવી જાય ત્યાં કુદરતની લીલા અટકી જાય અને એ હદની બહાર કોઈ જુદા જ નિયમો ન પ્રવર્તે."[૨૬]

આપણે જ્યાં એક પ્રકારની સૃષ્ટિ અનુભવતા હોઈએ ત્યાં જ તેથી વિલક્ષણ સૃષ્ટિના અસ્તિત્વની વાત માનવામાં મુશ્કેલી નડતી હોય તો, એને સરળતાથી સમજવા, આપણા અનુભવની એક વાત લઈએ. આપણે જે ખંડમાં બેઠા હોઈએ ત્યાં, આપણી પાસે રેડિયો ન હોય તો, આજુબાજુમાં બેઠેલી વ્યક્તિઓના અને આસપાસમાંથી આવતા અવાજ સિવાય બીજા અવાજની હયાતીનું ભાન આપણને થતું નથી. છતાં, દિલ્હીથી, વડોદરાથી, લંડનથી, ન્યૂયૉર્કથી,

---

૨૫. These philosophical subtlties have a profound bearing on modern science. ...For the human eye is sensitive only to the narrow band of radiation that falls between the red and the violet, ... ...It is evident, therefore, that...what man can perceive of the reality around him is distorted and enfeebled by the limitations of his organ of vision. The world would appear far different to him if his eye were sensitive, for example, to X-rays.

—The Universe and Dr. Einstein, p. 23.

૨૬. There is no reason why nature should terminate at the point where our senses cease to register it, and no reason why, beyond this point, it should not be governed by unfamiliar laws.

—Proceedings of London Society for Psychical Research, Vol. 47, p. 301.

મોસ્કોથી કે ટોકિયોથી બ્રોડકાસ્ટ થઈ રહેલ વિવિધ ' અવાજો,' એકબીજાને ડખલ કર્યા વિના, એના એ જ વાતાવરણમાં પડ્યા જ છે. આપણા કાન અમુક જ તરંગો–એક સેકંડે ૧૬ થી ૩૨,૭૬૮ કંપનોવાળા–પકડી શકે છે. એથી વધુ કંપન–' ફ્રિકવન્સી ' અને વધારે લંબાઈ–' વેવલેન્ગ્થ ' ધરાવતા તરંગો આપણને અશ્રાવ્ય રહે છે. ટ્રાન્ઝિસ્ટર એ તરંગોને પકડીને એનું આપણા કાન જેને ઓળખી શકે તેવા તરંગોમાં રૂપાંતર કરી આપે છે ત્યારે આપણને એમની હયાતીનું ભાન થાય છે. એવું જ બીજી ઇન્દ્રિયોનું; દરેકને પોતાની મર્યાદા છે. કાનની જેમ આંખ પણ અમુક (·૦૦૦૦૭ સેન્ટિમીટરથી ·૦૦૦૦૪ સેન્ટિમીટર લંબાઈ-વાળા તરંગો દ્વારા વ્યક્ત થતું) રૂપ જ પકડી શકે છે. આપણી આસપાસના વાતાવરણમાં આપણે જોઈ શકીએ છીએ તે સિવાયનું રૂપ–' આકૃતિઓ ' નથી જ એવું ન કહી શકાય. ટી. વી.–ટેલિવિઝન સેટના પડદા ઉપર ચિત્ર કેવી રીતે ઊપસે છે? એ સેટમાં એવી કરામત છે કે આપણી આંખ જે ' રૂપ 'ને નથી પકડી શકતી તે ' રૂપ 'ને તે એ જ વાતાવરણમાંથી પકડી પાડે છે; અને પછી આપણી આંખ પરખી શકે એવા ઢાળમાં તેને ઢાળીને આપણી સમક્ષ એના પડદા ઉપર રજૂ કરે છે.

હવે, આપણાં આંખ-કાનમાં જ જો એવું પરિવર્તન લાવી શકાતું હોય કે આજે એને ગ્રાહ્ય છે તેથી જુદા તરંગો એ પકડી શકે, તો એ આંખ-કાન આગળથી વર્તમાનમાં દૃષ્ટ થતી સૃષ્ટિ અલોપ થઈ ત્યાં જ નવી સૃષ્ટિ દેખાવા માંડે. યોગીઓ કહે છે કે અમુક પ્રાણાયામ પછી, ભોંય ઉપર ચાલવા છતાં, જમીનનો સ્પર્શ નથી જણાતો અર્થાત્ વિદ્યુત્ચુંબકીય તરંગોની ગ્રાહકતાની આપણી સ્પર્શેન્દ્રિયની ' રેન્જ ' (range) એનાથી બદલાઈ જાય છે. પ્રાણાયામના નિષ્ણાતની દેખરેખ વિના કે અતિ ઉત્સાહમાં આવીને તેની માત્રાથી અધિક પ્રમાણમાં કરાતા પ્રાણાયામનાં ભયસ્થાનોનો નિર્દેશ કરતાં, એક યોગીએ (હું ન ભૂલતો હોઉં તો, યુરોપમાં અતિ લોકપ્રિય બનેલ પુસ્તક: ' યોગ એન્ડ હેલ્થ 'ના લેખક સલ્વરાજ યેસુદીને) પોતાને નાની વયે થયેલ એક આવા અનુભવનો ઉલ્લેખ કર્યો છે. ધીરે ધીરે ક્રમ વધારવાને બદલે એમણે પ્રારંભમાં જ એકસામટો પોણો કલાક એક પ્રાણાયામ કર્યો. પછી આસનેથી ઊઠતાં એમને જણાયું કે પોતે સ્પર્શની શક્તિ ગુમાવી છે. એમને ચિંતા થવા લાગી. પંદરેક મિનિટ પછી પગ નીચેની જમીનનો સ્પર્શ પાછો અનુભવ્યો ત્યારે એમને ટાઢક થઈ. વેરા સ્ટેન્લી ઍાલ્ડરે પ્રાણાયામની મદદથી ભારે વજન પણ કેવી રીતે

હગવુંફૂલ બની જાય છે તેનો એક પ્રયોગ પોતાના પુસ્તક 'ધ ફાઈન્ડીંગ ઑફ ધ થર્ડ આઈ'માં (પૃ. ૯૫) આપ્યો છે. મિનિટે છવ્વીશ આછા શ્વાસોશ્વાસ લેવાથી થોડીવાર પછી, કોઈ પીડાનો અનુભવ નથી થતો એમ પણ એ જણાવે છે.

આ હકીકતો ઉપર ચિંતન કરતાં એ સ્પષ્ટ થઈ જાય છે કે જગતનું આપણું દર્શન કેવળ પદાર્થલક્ષી–objective–અર્થાત્ દૃષ્ટા-નિરપેક્ષ વાસ્તવિક વસ્તુદર્શન–નથી હોઈ શકતું. એ દર્શન ઘણે અંશે આત્મલક્ષી–subjective યાને દૃષ્ટા-સાપેક્ષ રહે છે.

## અન્વેષણનું અધૂરાપણું

રેયનોર જોન્સન કહે છે કે "ઇન્દ્રિયોથી દેખાતું જગતનું ચિત્ર જીવનના રોજ-બ-રોજના વ્યવહાર માટે પૂરતું છે, પરંતુ જ્યારે આપણે એના રહસ્ય સુધી પહોંચવા ઇચ્છતા હોઈએ ત્યારે એથી ઉપરની ભૂમિકાએથી અવલોકન કરવું પડે છે. અને ત્યારે આપણને એક નવી જ દુનિયા જોવા મળે છે, જેનું, આપણને પરિચિત જગત તો માત્ર એક પાસું જ છે. ...નીચેની ભૂમિકાના દૃષ્ટિકોણથી, ઉપરની કોઈ ભૂમિકાના અસ્તિત્વનુંય ભાન ન થાય એટલું જ નહિ, એની સંભાવના કરવી એ પણ કાલ્પનિક કે રહસ્યભર્યું લાગે. કોઈ પણ અન્વેષણના સ્વાભાવિક અધૂરાપણાનો નિર્દેશ આમાંથી મળી રહે છે. ભૌતિક વિજ્ઞાને (માત્ર) એક ભૂમિકાએથી–ઇન્દ્રિયોથી અનુભવાતી ભૌતિક ભૂમિકાએથી –પ્રાપ્ત માહિતીનું અન્વેષણ કર્યું છે. ...માટે ભૌતિક જગતને પૂર્ણપણે સમજવા માટે આપણે કોઈ ઉચ્ચતર સ્તરે પહોંચી તે સ્તરેથી એને મૂલવવું જોઈએ." ૨૭

---

૨૭. The common sense picture of the world is adequate for the ordinary business of living, but as soon as we want to know meanings, we have got to approach on a higher level of significance, and then we discover a world very unlike the familiar one—a world of which the latter is only a partial aspect... ...From the viewpoint of a lower grade of significance, the very existence of any higher grade may be unrecognised, and even to postulate it may seem imaginative or mystical. This general standpoint indicates the inherent limitations present in any type of enquiry. →

આજે, પરામનોવૈજ્ઞાનિક પોતાના સંશોધનકાર્યમાં માનવમનની અતીન્દ્રિય જ્ઞાનશક્તિનો ઉપયોગ કરી રહ્યો છે. તેથી ઇન્દ્રિયોની પહોંચની બહારના જગતમાં પણ હવે વિજ્ઞાન પ્રવેશવા માંડયું છે. એવા સંશોધનના આધારે એલેકઝાંડર કેનન કહે છે કે "... પૃથ્વી માત્ર ભૌતિક દેહધારીઓથી વસેલી છે એવું નથી; પણ અન્ય સૂક્ષ્મ-'એસ્ટ્રલ' અને ઇથીરિક'-દેહધારીઓનો પણ એના ઉપર વાસ છે....ચેતનાના અન્ય સ્તરોના અસ્તિત્વનો અને, એકબીજામાં ઓતપ્રોત પણ પરસ્પર જ્ઞાત સંપર્ક વિનાની, એકની અંદર બીજી દુનિયાના અસ્તિત્વનો માત્ર નિર્દેશ જ નહિ પણ કંઈ પણ આશંકાને અવકાશ જ ન રહે એવી પ્રતીતિ પણ મને મળી છે." ૨૮ આપણી ધરતી ઉપર વ્યંતર દેવો વસે છે એ શાસ્ત્રોક્ત માન્યતાને આ વિધાનથી એક વૈજ્ઞાનિક-'કેનન સાઈકોગ્રાફ'ના ૨૯ શોધક-દ્વારા પુષ્ટિ મળે છે.

---

Natural science has ordered and classified and correlated date on one level of significance : the physical level or level of sense-data. ... ...so fully to understand the physical world, we must penetrate into and interpret from a higher significant grade.

—The Imprisoned Splendour, pp. 103-4.

૨૮. All the subjects so far used have stated that the Earth is populated not only with physical beings but also with astral and etheric beings. ... ... The existence of other levels of consciousness, and of worlds within worlds which are inter-penetrating but not in mutual conscious contact, has not only been stated by the subjects as a matter of fact, but has also been demonstrated by them in ways which permit of no doubt in the matter.

—The Power Within, pp. 185-6.

૨૯. આપણી શ્વસનક્રિયા અને વિચારપ્રક્રિયાઓને પરસ્પર નિશ્ચિત પ્રકારનો સંબંધ છે; એ સિદ્ધાંતના આધારે આ યંત્ર દ્વારા, મગજની વિભિન્ન અવસ્થાઓનો નિર્દેશ મેળવી શકાય છે—જેમ 'કાર્ડિઓગ્રામ' દ્વારા હૃદયની ગતિનો. આ યંત્રનો મુખવટો—'માસ્ક' પહેર્યા પછી, યંત્ર દ્વારા અંકિત થતા આલેખ—'ગ્રાફ' ઉપરથી તે વ્યક્તિના ચિત્તની વિવિધ અવસ્થાઓનો નિર્દેશ મળી શકે, જેમ કે તે શાંત

પહેલાંનો વૈજ્ઞાનિક પોતાના પ્રયોગોમાં જેમ 'ટેસ્ટ ટ્યુબ' અને સૂક્ષ્મ-દર્શક યન્ત્રનો છૂટથી ઉપયોગ કરતો તેમ હવે તે પોતાના પ્રયોગોના સાધન તરીકે, માનવમનનો પણ ઉપયોગ કરી રહ્યો છે. આ રીતે થઈ રહેલાં શ્રેણિબદ્ધ સંશોધનોનાં પરિણામે વિજ્ઞાન આજે તે સત્યોનું ઉચ્ચારણ કરી રહ્યું છે, જેને ગઈ સદીનું વિજ્ઞાન અધ્યાત્મવાદીઓની મૂર્ખાઈભરી ભ્રમણાઓ ગણી ઉવેખતું હતું.

---

છે કે ચિંતાગ્રસ્ત? ઊંડા વિચારમાં મગ્ન છે કે તંદ્રામાં? એકાગ્ર છે કે વિક્ષિપ્ત? ધ્યાનમાં લીન છે કે ઊંઘમાં? વગેરે. (વધુ વિગત માટે જુઓ 'ધ પાવર વિધિન,' પૃ૦ ૭૯–૯૫).

# ૫

# આપણો પ્રાણપ્રશ્ન

વીસમી સદીના વિજ્ઞાનની કૂચ જાણ્યે-અજાણ્યે પણ અધ્યાત્મની છાવણી ભણી આવી રહી છે. આ વસ્તુસ્થિતિનો ઉલ્લેખ કરતાં ડૉ. પોલ બ્રન્ટને લખ્યું છે કે “ પહેલા વિશ્વયુદ્ધ પછી ભૌતિક વિજ્ઞાનોમાં એક શાંત ક્રાન્તિ ચાલી રહી છે, ઓગણીસમી સદીનો સીધોસાદો જડવાદ હવે વિશ્વસનીય રહ્યો નથી; ‘ થીઅરિ ઑફ રિલેટિવિટિ ’, ‘ કવૉન્ટમ થીઅરિ ’ અને ‘ વેવ મિકેનિકસ ’ દુનિયા પ્રત્યેનું આપણું દૃષ્ટિબિંદુ બદલી રહ્યાં છે, ત્યારે એ હવે આજના જમાનામાં અસંગત અને તિરસ્કૃત બની ચૂકયો છે. જ્યારે નક્કર અણુનું ઈલેકટ્રિક ચાર્જમાં રૂપાંતર કરવામાં આવ્યું અને પછી શુદ્ધ ઈથરમાં એને વિલીન કરાયું ત્યારે જડવાદીનો પદાર્થ એની પાસેથી ઝૂંટવાઈ ગયો. પ્રાચીન કાળના જ્ઞાની પુરુષોના સિદ્ધાંતોને–બેબિલોનિયા, ઈજિપ્ત અને ભારતના બોધને–સમજાવવાનો આપણે આરંભ કરી દીધો છે, કિંતુ આપણે તે કાર્ય આધુનિક વૈજ્ઞાનિક પ્રગતિના પ્રકાશ વડે કરી રહ્યા છીએ. સ્મૃતિપટ ઉપરથી ભૂંસાઈ ગયેલા પ્રાચીનોએ જે વાતો કરી હતી તેનું જ, પણ જરા જુદી રીતે, પુનરુચ્ચારણ કરવાનો પ્રારંભ વિજ્ઞાન કરી રહ્યું છે, એ જણાવતો પુરાવો વધતો જાય છે. ” ૩૦

---

૩૦. A silent revolution has been taking place in physical sciences ever since the Great War. The naive materialism of the nineteenth centuary no longer appears credible, and is pitifully out of date, while the theory of relativity, the quantum theory and wave mechanics are transforming our view of the universe. When the solid atom was broken up into electric charges and then dissolved into prestine ether, the materialist was robbed of his matter ! We are beginning to expound the doctrines of the ancients, the teachings of Babylonia, Egypt and India, but we are doing so by the light of modern scientific progress. Evidence accumulates that

વીસમી સદીના વિજ્ઞાનની નવી શોધોથી બુદ્ધિશાળી માણસને એ સમજવાનો અવસર મળ્યો છે કે જ્ઞાની પુરુષોએ હજારો વર્ષ પહેલાં જે તત્ત્વનિરૂપણ કરેલું છે તે તરફ વિજ્ઞાન આજે લથડિયાં ખાતું આવી રહ્યું છે.

## આત્મવિશુદ્ધિ દ્વારા પ્રાપ્ય પ્રજ્ઞાનો પ્રત્યક્ષ પુરાવો

ક્રેસ્કોગ્રાફ શોધીને, તે દ્વારા, વનસ્પતિ પણ આપણી જેમ સુખદુઃખનાં સંવેદનો અનુભવે છે એની સાબિતી વિજ્ઞાનયુગને સર જગદીશચંદ્ર બોઝે આપી. વિજ્ઞાનજગતમાં એ મહત્ત્વની શોધ ગણાઈ અને જગદીશચન્દ્ર બોઝ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યા. બુદ્ધિવાદી ગણાતા પાશ્ચિમાત્ય જગતને જે વાતે આશ્ચર્યમુગ્ધ કરી દીધું એ વાતથી જૈન જગતનો અભણ માણસ પણ તે વખતે ચિરપરિચિત હતો. કારણ કે વનસ્પતિમાં જીવનું અસ્તિત્વ છે અને આપણા સ્પર્શથી પણ તેને અત્યંત દુઃખ થાય છે એ વાત ભગવાન મહાવીર જેવા ભારતના આર્ષ દ્રષ્ટાઓએ અઢી હજાર વર્ષ પહેલાં જગતને જણાવી હતી; અને એ જ્ઞાન જૈન કુટુંબમાં જન્મેલ બાળકને ગળથૂથીમાં જ પ્રાપ્ત થઈ જાય છે.

કાંઈ પણ બાહ્ય સાધન-સામગ્રી ( apparatus ) વિના, માત્ર આત્મશુદ્ધિ દ્વારા પ્રાપ્ત કરેલ જ્ઞાનની આંતર શક્તિના બળે જ, કેવળ વિશ્વકલ્યાણ અર્થે જ્ઞાનીઓએ જગતને જણાવેલાં આવાં અનેક સત્યો **સદીઓ પછી**, પ્રયોગોથી સિદ્ધ થતી હકીકતોના આધારે આધુનિક વિજ્ઞાનને આખરે સ્વીકારવા પડયાં છે.

જ્ઞાનીઓ કંઈ પણ બાહ્ય સામગ્રી વિના પણ સૃષ્ટિના અંતસ્તલમાં ભરેલ ગૂઢ રહસ્યો જોઈ શકયા હતા એનો વધુ પુરાવો વિજ્ઞાન પોતે જ દિન-પ્રતિદિન આપી રહ્યું છે. આજે થઈ રહેલાં વૈજ્ઞાનિક સંશોધનોમાં ઊંડા ઊતર્યા વિના, આપણા નિત્યના જીવનવ્યવહારમાં પણ આની સાબિતી જાગૃત માણસને મળી શકે છે.

આજે ગુનાઓને શોધવામાં કૂતરાંઓનો ઉપયોગ થઈ રહ્યો છે એ આપણે જાણીએ છીએ. કૂતરાંઓ ગુનેગારને શી રીતે શોધી કાઢે છે એ જાણો છો? કૂતરું માણસને એના શરીરની ગંધ પરથી ઓળખી કાઢે છે. એની આ શક્તિ અહીં કામે લગાડાય છે. ગુનાશોધક કૂતરાને ગુનાના સ્થળ પર લઈ જઈ,

---

science is beginning to say the same things as those forgotten ancients, albeit in a different way.

—The Quest of the Overself, p. 38.

ગુનેગારે જેનો ઉપયોગ કર્યો હોય એવી કોઈ વસ્તુ—એનું ત્યાં રહી ગયેલું કોઈ કપડું, ચંપલ, રૂમાલ વગેરે—કૂતરાને સૂંઘાડવામાં આવે છે. પછી એવી ગંધ જ્યાંથી આવતી હોય ત્યાં કૂતરું જાય છે. આમ, ગુનેગાર જે માર્ગેથી પસાર થયો હોય તે માર્ગે એ કૂતરું આગળ ચાલીને, ગુનેગારના સગડ પોલીસને મેળવી આપે છે. બાર કલાક કે વધુમાં વધુ ચોવીસ કલાક સુધીમાં આ શકય બને છે. આમ, માણસ જ્યાંથી માત્ર પસાર થયો હોય ત્યાં પણ એના પરમાણુઓ, બાર કલાક સુધી કૂતરાની ઘ્રાણેન્દ્રિય પકડી શકે એટલા પ્રમાણમાં રહે છે, તો એ જ્યાં બેઠો હોય ત્યાં એના પરમાણુઓ વધારે મોટા પ્રમાણમાં રહે અને તે વિજાતીય વ્યક્તિના નાડીતંત્ર ઉપર કંઈક વિકારી અસર જન્માવે એ સમજી શકાય એવું છે. તેથી, બ્રહ્મચર્યની રક્ષાર્થે બતાવેલ નિયમોમાં ભગવાન મહાવીરદેવે એક સૂચન એ પણ કર્યું કે સ્ત્રીના આસનનો પુરુષે અને પુરુષના આસનનો સ્ત્રીએ અમુક સમય સુધી ઉપયોગ ન કરવો. એમનું જ્ઞાન કેટલું ઊંડું અને તલસ્પર્શી હતું તેનું પ્રત્યક્ષ પ્રમાણ આપણને આ વિધાનમાં જોવા મળે છે.

## વૈજ્ઞાનિકો અને ધાર્મિકો એકબીજાને સમજવાની ધીરજ કેળવે

અઢી હજાર વર્ષ પહેલાં, વૈજ્ઞાનિક કોઈ સાધન વિના, પ્રકૃતિનું આ રહસ્ય જે પ્રજ્ઞાએ પ્રાપ્ત કર્યું એ પ્રજ્ઞાએ નિરૂપેલ અન્ય કોઈ વાત આધુનિક વિજ્ઞાનથી જુદી પડતી હોય ત્યાં, વિજ્ઞાન ઉપરની આસ્થાવાળી વ્યક્તિએ પણ ઉતાવળે કંઈ નિર્ણય ન બાંધતાં, એ પ્રશ્ન પરત્વે સત્ય શું છે તે સમજવા ખુલ્લા રહેવું એ વધુ વાજબી છે, એમ નથી લાગતું ? પોતાને બુદ્ધિવાદી ગણાવતા લોકો સામે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર સર્વપલ્લી રાધાકૃષ્ણનનો આક્ષેપ છે કે 'બુદ્ધિવાદી માણસ જે વાદો ને સિદ્ધાંતોનું પોતે ખંડન કર્યું માને છે તે વાદોમાં તેને આવેશ, જીદ અને સંકુચિતતાનાં દૂષણો દેખાયાં છે. પણ કેટલીક વાર તેના પોતામાં, વિજ્ઞાનની પ્રામાણિકતાનાં ગુણગાન કરતી વેળા, એ જ દૂષણો આવી જાય છે."[૩૧]

બીજી બાજુ, ધર્મશાસ્ત્રો ઉપરની આસ્થાવાળા દરેકે એ સમજી લેવું જોઈએ કે શાસ્ત્રોના આધારે ઘડાયેલી પોતાની માન્યતા સાથે મેળ ન ખાતો કોઈ નવો વિચાર વિજ્ઞાનજગતમાંથી પોતાની સન્મુખ આવે ત્યારે, તેની વૈજ્ઞાનિક પાર્શ્વભૂ સમજ્યા વિના, માત્ર વિરોધની ખાતર જ વિરોધ કરવાના વલણથી, કંઈ વિજ્ઞાન ઉપરની આસ્થાવાળાના હૃદયમાં શાસ્ત્ર ઉપરની શ્રદ્ધા પ્રગટાવી શકાતી નથી કે

---

૩૧. ધર્મોનું મિલન, પાદનોંધ, પૃષ્ઠ ૩૨.

નથી એ રીતે પોતાના આપ્ત પુરુષોની પ્રતિષ્ઠા વધારી શકાતી. વૈજ્ઞાનિકો દ્વારા, જાણીબૂઝીને નહિ પણ અજ્ઞાનવશ, ખોટું નિરૂપણ થવા સંભવ છે, પણ તેઓ સત્ય પ્રાપ્ત કરવા ઉત્કટપણે ઝંખે છે અને હકીકતોનું તટસ્થ અવલોકન, પૃથક્કરણ અને મૂલ્યાંકન કરે છે એ તો સ્વીકારવું જ રહ્યું. એ તો સૌ જાણે છે કે વિજ્ઞાન પ્રયોગની કસોટીએ ચડાવ્યા પછી જ કોઈ પણ સિદ્ધાંતનો સ્વીકાર કરે છે, જેની યથાર્થતાની પ્રતીતિ વિજ્ઞાનના સિદ્ધાંતો ઉપર આધારિત શોધો અને આવિષ્કારો અને તે દ્વારા પ્રાપ્ત સુખસગવડો, રોજ-બ-રોજના જીવન-વ્યવહારમાં આપણને નિત્ય આપી રહ્યાં છે.

તે છતાં, ધર્મશાસ્ત્રો અર્થાત્ જ્ઞાનીઓએ બતાવેલ સ્વરૂપપ્રાપ્તિ (મુક્તિ)-ના વિજ્ઞાનના ગ્રન્થો ઉપર આસ્થાવાળી વ્યક્તિ અર્વાચીન વિજ્ઞાનની આજની વાતને છેવટના સત્ય તરીકે સ્વીકારતાં અચકાય એ સહજ છે, કારણ કે વિજ્ઞાન એ એક એવી નદી છે જેમાં નિત નવી નવી લહેરો ઊઠ્યા કરે છે. સમયના વહેણ સાથે વિજ્ઞાનની માન્યતાઓ પણ બદલાતી રહે છે. આ તથ્ય વિજ્ઞાનની કંઠી બાંધનારે પણ સ્વીકારવું જ રહ્યું.

## વિજ્ઞાનની પરિવર્તનશીલતા

દાખલા તરીકે, સો વર્ષ પૂર્વે ઇલેક્ટ્રિસિટી–વિદ્યુત્ અને ચુંબકત્વ એ બન્ને જુદી શક્તિઓ માનવામાં આવતી હતી. પરંતુ ગઈ સદીમાં ઓસ્ટીંડ અને ફેરાડેના પ્રયોગોએ બતાવી આપ્યું કે વિદ્યુત્નો પ્રવાહ હમેશાં ચુંબકીય ક્ષેત્રથી વીંટળાયેલો હોય છે અને અમુક સંયોગોમાં ચુંબકીય બળો વિદ્યુત્-પ્રવાહો જન્માવે છે. એ પ્રયોગોથી 'ઇલેક્ટ્રોમેગ્નેટિક ફીલ્ડ' ની શોધ જન્મી, ને વિદ્યુત્ અને ચુંબકત્વ એ બંને મૂળમાં એક જ શક્તિ છે એ માન્યતા આકાર પામી.

વળી, વૈજ્ઞાનિક માન્યતાઓમાંની બધી જ કંઈ પ્રયોગોના આધારે ઘડાઈ નથી હોતી; વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પણ બે પાસાં છે: એક પ્રયોગોના આધારે તારવવામાં આવેલ; અને બીજું, ગણિતના આધારે સ્વીકારવામાં આવેલ. આધુનિક પદાર્થવિજ્ઞાનના અત્યંત માનીતા સિદ્ધાંતો–'કવોન્ટમ થીઅરિ', 'થીઅરિ ઑફ રિલેટિવિટિ' અને 'યુનિફાઈડ ફીલ્ડ થીઅરિ'–ગણિતના આધારે તારવવામાં આવ્યા છે.[૩૨] ગણિતના આધારે નક્કી થયેલ આવા કેટલાયે સિદ્ધાંત વખત

૩૨. (i) All attempts failed until Plank found **by mathematical means** an equation ... ...The extra-ordinary feature of his equation was that **it rested on the assumption** that

જતાં અધૂરા જણાય છે, અને ત્યારે એને આધારે તારવેલ બીજા અનેક નિયમોનુંય પરિમાર્જન કરવું પડે છે.

બે સૈકાથી વધુ સમયના પ્રયોગો અને સિદ્ધાંતો એ વાત ભારપૂર્વક કહેતા હતા કે પ્રકાશનાં મોજાં છે, છતાં આઈન્સ્ટાઈનના 'ફોટોઇલેક્ટ્રિક'ના નિયમે એટલી જ પ્રબળતાથી એ બતાવ્યું કે પ્રકાશના કણો–'ફોટોન' છે. એવી જ રીતે ઈ. સ. ૧૯૨૫માં ફ્રાન્સના એક યુવાન પદાર્થવિજ્ઞાની લુઈ-ડ-બ્રોગ્લીએ સૂચન કર્યું કે 'ઈલેક્ટ્રોન'ને કણ–particle ન માનતાં મોજાંઓની એક રચનાવિશેષ માનીએ તો બીજી કેટલીક ગૂંચો ઊકલી જાય છે. આ સાહસિક ધારણાએ 'કવોન્ટમ' સિદ્ધાંતને અનુસરતાં આ પહેલાંનાં બે દાયકાનાં સંશોધનો, કે જેના આધારે વૈજ્ઞાનિકોએ પદાર્થના મૂળભૂત ઘટકના કણો વિશે અમુક ચોક્કસ ખ્યાલો બાંધી દીધેલા, તેને ફેંકાવી દીધાં.[૩૩] એવું જ 'યુનિફાઈડ ફીલ્ડ થીઅરિ' વિશે પણ બન્યું. આઈન્સ્ટાઈને પ્રથમ ઈ. સ. ૧૯૨૯માં એ થીઅરિ અંગે પોતાનો સિદ્ધાંત જાહેર કર્યો. પાછળથી આઈન્સ્ટાઈનને ખુદને જ એ ખામીભર્યો લાગતાં એને એણે ફગાવી દીધો, અને ઈ. સ. ૧૯૪૯માં નવી થીઅરિ રજૂ કરી. ઈ. સ. ૧૯૪૮માં હરમન બોન્ડી, થોમસ ગોલ્ડ અને ફ્રેડ હોઈલે વિશ્વની

---

radiant energy is emitted not in an unbroken stream but in discontinuous bits or portions which he termed quanta.

Plank had no evidence for such an assumption, for no one knew anything (then or now) of the actual mechanism of radiation.

—The Universe and Dr. Eienstein
(Mentor edition, 1955) p. 25.

(ii) The Unified Field Theory...sets forth in one **series of mutually consistent equations** the physical laws governing the two fundamental forces of the universe, gravitation and electro-magnetism.

—ibid, p. 14.

૩૩. This audacious concept flouted two decades of quantum research in which physicists had built up rather specific ideas about the elementary particles of matter.

—ibid, p. 30.

ઉત્પત્તિ કઈ રીતે થઈ એ સમજાવતી 'સ્ટેડી સ્ટેટ થીઅરિ' (steady state theory) કાઢી. પરંતુ, એ સિદ્ધાંત–'થીઅરિ'ના મુખ્ય ઘડવૈયા ફ્રેડ હોઈલે જ ઈ. સ. ૧૯૬૫માં જાહેર કર્યું કે પોતાનો સિદ્ધાંત ખોટો છે. એ જ રીતે, 'ઇલેક્ટ્રોન' કે જે ઈ. સ. ૧૯૨૫ સુધી પદાર્થ (matter)ના અંતિમ ઘટક મનાતા અને 'વિશ્વના પાયાના અવિનાશી આધાર'—'the imperishable foundation-stones of the universe' ગણાતા તે આજે માત્ર 'ઇલેક્ટ્રિકલ ચાર્જ' બની ગયા છે.

વૈજ્ઞાનિક સિદ્ધાંતોની અસ્થિરતા વિશે આજે વૈજ્ઞાનિકો પોતે પણ સજાગ છે. બ્રિટિશ પદાર્થવૈજ્ઞાનિક સર જેમ્સ જીન્સ કહે છે કે "આજે અમે આ અનુમાન કરવા પ્રેરાયા છીએ, પરંતુ કોને ખબર છે કે જ્ઞાનની સરિતા આગળ જઈને હજી પણ કેટલા વળાંક લેશે?...આજ સુધીમાં અમે જે કાંઈ કહ્યું છે, અને તત્કાળ પૂરતા જે કંઈ નિર્ણય આગળ ધર્યા છે, તે સર્વ અનિશ્ચિત અને, સાચું કહીએ તો, માત્ર કલ્પનાનું ઉડ્ડયન છે."[૩૪]

## તત્ત્વજ્ઞાનની નિકટ સરકી રહેલું વિજ્ઞાન

વિજ્ઞાનના પક્ષે એક ઊજળી બાજુ એ રહી છે કે તે પોતાની ભૂલ કબૂલવા હંમેશ તૈયાર રહે છે. આજે એ જેને સત્ય તરીકે પૂજતું હોય, એ કાલે એને ખોટું સમજાય તો એને ફેંકી દેતાં તે અચકાતું નથી. પરિણામે, જડવાદની પકડમાંથી તે બહાર આવી રહ્યું છે. ઓગણીસમી સદીનો વૈજ્ઞાનિક જેવો જડવાદી હતો તેવો જડવાદી આજનો વૈજ્ઞાનિક રહ્યો નથી. મેક્સ પ્લેંકની ક્વૉન્ટમ થીઅરિ, આઇન્સ્ટાઈનની થીઅરિ ઑફ રિલેટિવિટિ અને એ પછી યુનિફાઈડ ફીલ્ડ થીઅરિના સ્વીકાર પછી આજનો વૈજ્ઞાનિક, ઓગણીસમી સદીના વૈજ્ઞાનિકની જેમ, છાતી ઠોકીને નથી કહેતો કે હું કહું છું તે જ અંતિમ સત્ય છે; એને ખુદને પોતાની મર્યાદાનું ભાન થઈ ચૂક્યું છે.[૩૫]

---

૩૪....So at least we are tempted to conjecture to-day and yet who knows, how many more times the stream of knowledge may turn on itself?... ...everything that has been said, and every conclusion that has been tentatively put forward is quite frankly speculative and uncertain.

—James Jeans, Mysterious Universe. p. 138.

૩૫. ...It would be difficult to-day to find any scientist who imagines himself, because of his ability to discern pre-

ક્વૉન્ટમ થીઅરિનો જનક મેક્સ પ્લેંક કહે છે કે “ એક કોયડો ઉકેલીએ કે એથીય વધુ ગૂંચવણભર્યો નવો કોયડો સામે આવે છે...ઉત્તુંગ પર્વતના આરોહણમાં, તળેટીએથી ઉપર ચઢતાં, પર્વતનું પ્રત્યેક શિખર આપણને તેની ઉપરના શિખરનું દર્શન કરાવે છે તેમ. ...એક અત્યંત રહસ્યમય તત્ત્વ છે કે જે પ્રત્યેક પુરુષાર્થથી વારંવાર પર રહે છે.” એડીંગ્ટન જેવા અગ્રગણ્ય વૈજ્ઞાનિક કહે છે કે આ ભૌતિક જગતનું ચેતના સાથે અનુસંધાન ન કરીએ તો તે એક કલ્પના જ બની રહે છે.

આઇન્સ્ટાઈન જેવા ટોચના વૈજ્ઞાનિકે પણ કહ્યું છે કે “ વિશ્વને આલિંગતો આધ્યાત્મિક અનુભવ એ વૈજ્ઞાનિક સંશોધનનો અત્યુત્તમ અને પ્રબળ આધાર–મૂળ છે. ...અગમ્યનું સંવેદન એ આપણા અનુભવમાં આવતી ઊંડામાં ઊંડી અને પરમ સૌન્દર્યપૂર્ણ ઊર્મિ છે. સમગ્ર યથાર્થ વિજ્ઞાનનો એમાંથી જ ઉદ્ભવ થાય છે. આ ઊર્મિ જેને અપરિચિત છે, જે ( વિશ્વમાં વિલસી રહેલ અગમ્ય તત્ત્વના ભાનથી ) આશ્ચર્યમુગ્ધ હૃદયે ઊંડા અહોભાવમાં ખોવાઈ નથી જતો તે નિષ્પ્રાણ છે.”[૩૬]

જતે દહાડે વિજ્ઞાન પોતે જ તત્ત્વજ્ઞાનીઓએ ભાખેલાં સત્યોને વાચા આપશે એવી શકયતા પશ્ચિમના વિચારકો આજે જોઈ રહ્યા છે. આધ્યાત્મિક ભારતના જ્ઞાની પુરુષો પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં તેઓ કહે છે કે “ એ વિશેષ નોંધપાત્ર છે કે વિજ્ઞાન પણ જાણ્યે-અજાણ્યે તત્ત્વજ્ઞાનની છાવણીમાં આવી

---

vious errors, in a position to enunciate final truths. On the contrary, modern theorists are aware, as Newton was, that they stand on the shoulders of giants and that their particular perspective may appear as distorted to posterity as that of their predecessors seemed to them.

—The Universe and Dr. Einstein.
(Mentor edition, 1955) p. 124.

૩૬. The cosmic religious experience is the strongest and noblest main spring of scientific research ... ... The most beautiful and most profound emotion we can experience is the sensation of the mystical. It is the sower of all true science. He to whom this emotion is a stranger, who can no longer wonder and stand rapt in awe, is as good as dead.

—Dr. Albert Einstein : ibid. p. 117.

રહ્યું છે. કારણ કે આઇન્સ્ટાઈન, પ્લેંક, હીઝનબર્ગ, જીન્સ અને એવા બીજા અગ્રગણ્ય વૈજ્ઞાનિકોએ રજૂ કરેલા વિજ્ઞાનના છેલ્લામાં છેલ્લા સિદ્ધાંતોનું ભારતના ઋષિઓ દ્વારા તે સમયે પ્રતિપ્રાદન થયું છે કે જ્યારે પાશ્ચિમાત્ય સંસ્કૃતિ તો હજી તેના બાલ્યકાળમાં ધૂળમાં રમતી હતી."[૩૭]

આ પરિસ્થિતિમાં, એ દેખીતું જ છે કે, વિજ્ઞાનનાં બધાં જ કથનોને, કોઈ પણ શંકા કે પ્રશ્ન ઊઠાવ્યા વિના, જેમનાં તેમ સ્વીકારી લેવાનો આગ્રહ તો ન જ રાખી શકાય. ભૌતિક ક્ષેત્રે વિજ્ઞાને ગમે તેવી વિરાટ સિદ્ધિઓ હાંસલ કરી હોય, કિંતુ આધ્યાત્મિક ક્ષેત્રમાં તો તે હજુ પા-પા પગલી માંડતું બાળક જ છે: એ વાત ન વીસરાવી જોઈએ.

## આ જાગૃતિ ધાર્મિક વર્તુળો કેળવે

બીજી બાજુ, ધાર્મિક વર્તુળોએ પણ હવે એ વસ્તુસ્થિતિ પ્રત્યે ઉદાસીન રહેવું ન ઘટે કે નવી પેઢીની ધર્મશ્રદ્ધા ટકાવી રાખવા તેની બુદ્ધિને સમાધાન આપવું આજે આવશ્યક બન્યું છે. આજના માનવીની બુદ્ધિને સંતોષ આપવાની આવશ્યકતાને અવગણીને એની ધર્મશ્રદ્ધાને જીવંત રાખવાની આશા વિફળ જ રહેવાની. માટે ધાર્મિક વર્તુળોએ એ જાગરૂકતા કેળવવી ઘટે કે ભૌતિક જગતને સ્પર્શતી વૈજ્ઞાનિક શોધો, જ્યારે, પૂર્ણજ્ઞાનીઓએ કરેલાં મનાતાં કથનોના આધારે ઘડાયેલી પોતાની માન્યતા સાથે મેળ ખાતી ન જણાય, ત્યારે 'ધર્મની શ્રદ્ધાથી લોકોને ચલિત કરવા માટેનો ભૌતિકવાદીઓનો એ ખોટો પ્રચાર છે' એમ કહી એની સામે આંખ મીંચી ન દેતાં, કે એનો આંધળો વિરોધ કરવાની ઉતાવળ ન કરતાં, પહેલાં એ ચકાસણી કરવી કે–પોતાની માન્યતાને ખરેખર પૂર્ણ જ્ઞાનીઓનાં જ વચનોનો વજ્રવત્ અચલ આધાર છે ખરો?[૩૮]

---

૩૭. What is of special interest is that science is also unwittingly moving into the camp of the hidden philosophy, for some of its latest tenets as formulated by Einstein, Plank, Heisenberg, Jeans and others were anticipated and affirmed by the Indian sages at a time when Western Civilization was babbling in its infancy.

—Paul Brunton : The Hidden Teaching Beyond Yoga, p. 11.

૩૮. જુઓ, ઉપાધ્યાય અમરમુનિ (કવિજી) નો લેખ : 'क्या शास्त्रों को चुनौति दी जा सकती है ?'– अमर भारती (હિન્દી માસિક), ફેબ્રુ૦ ૧૯૬૯; અથવા चिन्तन की मनोभूमि, પૃષ્ઠ ૨૨૩–૨૪૦, (પ્રકાશક : સન્મતિ જ્ઞાનપીઠ, આગરા).

બીજો એક મુદ્દો ધ્યાનમાં રાખવા જેવો છે, તે એ કે પોતાની માન્યતા —તે જ્ઞાનીઓના વચનના આધારે ઘડાયેલી હોય તોયે—જ્ઞાનીઓના વચનમાંથી તેમનો ભાવ પકડી શકવાની ક્ષમતાના અભાવે, ખોટી હોઈ શકે. તેથી, એ વિચારવું આવશ્યક થઈ પડે છે કે જ્ઞાનીઓ યથાર્થવાદી હતા એ ખરું, પણ એમના કથન વિશેની આપણી સમજ યથાર્થ છે કે કેમ? અર્થાત્ જ્ઞાનીઓની વાતને આપણે જે રીતે સમજ્યા છીએ તેની સત્યાસત્યતાની ચકાસણી કરતાં ન અચકાવું જોઈએ. પ્રશ્ન જ્ઞાનીઓના કથનની યથાર્થતાનો નહિ પણ આપણી સમજની યથાર્થતાનો તો રહે જ છે. આપણે બંને વાત સ્મૃતિમાં રાખવી ઘટે: એક એ કે જ્ઞાનીઓનું નિરૂપણ યથાર્થ છે; અને બીજી, આપણી સમજ અધૂરી છે, એ ખોટી પણ હોઈ શકે.

આમ થવાનાં અનેક કારણો છે. તેમાંનું એક કારણ એ છે કે જ્ઞાનીઓનાં વચનોની પૂર્ણ નોંધ આજે આપણી પાસે નથી. દા. ત. જૈન પરંપરા એ સ્વીકારે જ છે કે ગણધર ભગવંતો (ભગવાન મહાવીરના પટ્ટશિષ્યો)એ ગૂંથેલાં આગમસૂત્રોમાંના જે ગ્રંથો આજે ઉપલબ્ધ છે તે મૂળ આગમનો અલ્પાંશ માત્ર છે. ચૌદ પૂર્વ ધરાવતું બારમું અંગ તો આજે સમૂળગું નથી મળતું; એમાંના માત્ર કોઈ કોઈ અંશો જ અન્ય ગ્રંથોમાં ઉદ્ધૃત થયેલા પ્રાપ્ત થાય છે. બાકી રહેલ, આજે ઉપલબ્ધ થતાં, અગિયાર અંગો પણ ગણધર-રચિત મૂળ રચનાની અપેક્ષાએ તેના અત્યલ્પ અવશેષો જ છે. ગૌતમ બુદ્ધ, શ્રીકૃષ્ણ, ઈસુ, મહમદ પયગંબર વગેરેના ઉપદેશોની પણ આ જ સ્થિતિ છે.[૩૯] બહુધા ધર્મપ્રવર્તકોના ઉપદેશો તેમની હયાતી બાદ સૈકાઓ પછી ગ્રંથારૂઢ થયા છે. તેથી તેનો જે અંશ તે સમયે સ્મૃતિમાં સચવાઈ રહ્યો હોય છે તે અંશ જ—નહિ કે પૂર્ણ ઉપદેશ—ભાવિ પેઢીઓને ગ્રંથોમાં મળે છે. આમ, જ્ઞાનીઓનાં વચનોના અલ્પાંશ ઉપર જ આપણી સમજનું ઘડતર થતું હોવાથી, કોઈ ઠેકાણે જ્ઞાનીઓના વચનને સમજવામાં—શાસ્ત્રોની કોઈ સંજ્ઞા કે સંકેતના અર્થઘટનમાં—આપણી ભૂલ થવી સંભવે.

એક દાખલો આપું. શ્રી કલ્પસૂત્રાદિ શાસ્ત્રગ્રંથોમાં કાળની ગણતરીનું માપ

---

૩૯. ભગવદ્ગીતામાં કુરુક્ષેત્ર ઉપર અર્જુનને અપાયેલો શ્રીકૃષ્ણનો ઉપદેશ અક્ષરશઃ શબ્દબદ્ધ થયેલ મનાય છે; પરંતુ ઈતિહાસકારો આ વાતમાં સંમત થતા નથી. તેઓ કહે છે કે વર્તમાનમાં ઉપલબ્ધ મહાભારત સાતવાહન યુગ (ઈ. પૂ. ૨૧૨થી ઈ. સ. ૨૩૮ સુધી)માં સંકલિત થયું છે. (જુઓ, જયચંદ્ર વિદ્યાલંકાર: ભારતીય ઇતિહાસ કી રૂપરેખા, પૃ. ૧૦૦૩).

બતાવતાં કહ્યું છે કે 'स्तोकः सप्तोच्छ्वासमानः'[40] ઇત્યાદિ. તે ઉપરથી જૈન પરંપરામાં ૩૭૭૩ શ્વાસોશ્વાસ=મુહૂર્ત અર્થાત્ ૪૮ મિનિટ (૭ શ્વાસોશ્વાસ=૧ સ્તોક, ૭ સ્તોક=૧ લવ અને ૭૭ લવ = ૧ મુહૂર્ત )નું માપ આજે પ્રચલિત છે. એના ઉપર ઊહાપોહ–ચિંતન કરનારને એ દેખાયા વિના નહિ રહે કે આમાં ક્યાંક સ્ખલના થઈ રહી છે; કારણ કે સામાન્યતઃ સરેરાશ માણસ એક મિનિટે ૧૬-૧૮ શ્વાસોશ્વાસ લેતો હોય છે; યોગસાધકોના શ્વાસોશ્વાસ તો એથી પણ ઓછા હોય છે. આ ગણતરીએ ૩૭૭૩ શ્વાસોશ્વાસની અડતાલીસ મિનિટ નહિ પણ ૨૨૨ મિનિટ અર્થાત્ લગભગ સાડા ત્રણ કલાક થાય; જ્યારે અડતાલીસ મિનિટના લગભગ આઠસો–સાડીઆઠસો શ્વાસોશ્વાસ જ થાય. આમ, ઉપર્યુક્ત ગણના પ્રત્યક્ષબાધિત ઠરે છે. પરંતુ મૂળ આગમવચનમાંના 'पाण' શબ્દથી જ્ઞાનીઓને અહીં 'શ્વાસોશ્વાસ' નહિ પણ 'નાડીનો ધબકાર' (pulse) અભિપ્રેત હોવો જોઈએ. એ અર્થઘટન સ્વીકારતાં આગમ-વાણીની યથાર્થતા અબાધિત રહે છે, અને આપણી સમજમાં રહેલી ત્રુટિ સંધાઈ જાય છે.

**આગમવાણીનું આપણું અર્થઘટન સ્ખલનાથી સર્વથા પર ન હોઈ શકે તેના પ્રત્યક્ષ પુરાવારૂપ આ ઉદાહરણ આપણને થોડા વધુ નમ્ર અને આપણી સમજથી જુદી સમજ ધરાવનાર પ્રત્યે થોડા વધુ સહિષ્ણુ બનવાની આવશ્યકતાનો નિર્દેશ નથી આપી જતું ?**

સ્થળના જૈનાગમોક્ત માપના કોઈ સંકેતના અર્થઘટનમાં પણ આવી જ કોઈક વણઉકેલાયલી ગૂંચ સંભવે છે કે જેના ઉકેલ વિના, નગરાદિના વિસ્તાર અને અંતર વિષયક શાસ્ત્રગ્રંથોમાં મળતા કેટલાયે ઉલ્લેખોનો સમન્વય કરવો મુશ્કેલ રહે છે.

વિચક્ષણ ધર્મનેતાઓને એ સમજતાં મુશ્કેલી ન રહેવી જોઈએ કે આજની આ પરિસ્થિતિમાં, શાસ્ત્રથી વિજ્ઞાન ક્યાં જુદું પડે છે એ વાત ઉપર 'મેગ્નીફાઈંગ ગ્લાસ' મૂકીને નહિ પણ વિજ્ઞાન અને આગમ વચ્ચેનું સામ્ય બતાવીને, વિજ્ઞાન ઉપરની આસ્થાવાળાના અંતરમાં આગમવચન પ્રત્યે બહુમાન અને તેના પ્રરૂપક આપ્ત પુરુષો પ્રત્યે ભક્તિ જન્માવી શકાશે. અને, આધ્યાત્મિક કોયડા ઉકેલવાની દિશામાં વિજ્ઞાન જે રીતે આગળ વધી રહ્યું છે તે જોતાં, આ માટેના સંયોગો આજે અનુકૂળ છે.

---

૪૦. કલ્પસૂત્ર, વ્યાખ્યાન છઠ્ઠું; સૂત્ર ૧૧૮ ની સુબોધિકા ટીકા.

## સમાન ભૂમિકા

આપણે એ તો જોઈ ગયા કે અર્વાચીન વિજ્ઞાનને માન્ય રાખનારે પણ હવે એ હકીકત સ્વીકારવી રહી કે—

૧. આપણે આ શરીર ઉપરાંત કંઈક અવિનાશી તત્ત્વ ધરાવીએ છીએ;

૨. આ દેહનો વિલય–નાશ થયા પછી અંદર રહેલ 'હું'ને બીજો જન્મ લેવો પડે છે; અને

૩. ભવભ્રમણ માટે, આ પૃથ્વી સિવાય, જુદી જુદી જીવનપરિસ્થિતિઓ ધરાવતું વિરાટ વિશ્વ પડ્યું છે—પછી ભલે એ ક્ષેત્રને આપણે વિજ્ઞાને આપેલ 'ગ્રહ'ના નામે, 'એસ્ટ્રલ વર્લ્ડ'ના નામે કે શાસ્ત્રોક્ત 'દ્વીપ' કે 'દેવલોક'-ના નામે ઓળખીએ.

**ટૂંકમાં, આપણે સૌ અનંત-અફાટ વિશ્વના પ્રવાસી છીએ; સ્થિરનિવાસી ક્યાંયના નહિ.**

હવે આપણી સમક્ષ કોયડો એ છે કે આપણી આ યાત્રા શા માટે છે? એનું લક્ષ્ય શું છે? આગળનો આપણો પ્રવાસ ટૂંકો, નિષ્કંટક અને સગવડભર્યો રહે એ માટે આ જીવનમાં શું કરી શકાય? આ પ્રશ્નો અત્યધિક મહત્ત્વના બની રહે છે. માટે, વિજ્ઞાનની આસ્થાવાળાએ તેમજ આગમની આસ્થાવાળાએ—બંનેએ એકબીજાની માન્યતામાં રહેલ ઉપર્યુક્ત મુખ્ય મુદ્દાઓનું સામ્ય લક્ષમાં રાખી, તેની અપેક્ષાએ ગૌણ બાબતોમાં જણાતા મતભેદના વિવાદમાં પોતાનાં સમય અને શક્તિનો વ્યય ન કરતાં, **આપણા અનંત પ્રવાસની પશ્ચાદ્ભૂમાં આપણું વર્તમાન જીવન કઈ રીતે વિતાવવું શ્રેયસ્કર છે એ પ્રાણપ્રશ્નના ઉકેલમાં પોતાની સર્વ શક્તિ રેડવી ઘટે.**

# ૬

# સુખ-સમૃદ્ધિનો મૂળ સ્રોત

ત્રીસ વર્ષની વય પહેલાં ધર્મશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર અને સંગીત, એમ ત્રણ ત્રણ વિષયોમાં સર્વોચ્ચ ડિગ્રીઓ અને ઉજ્જ્વળ કારકિર્દી ધરાવનાર ડૉ. આલ્બર્ટ સ્વાઈટ્ઝરે એકાએક આફ્રિકાના દુઃખપીડિત હબસીઓની વચ્ચે રહી એમની સેવા કરવાનો નિર્ણય કર્યો. અને ત્રણ વિષયોમાં પીએચ. ડી.ની ડિગ્રી ધરાવનાર સ્વાઈટ્ઝરે, પોતાની સમસ્ત ખ્યાતિ અને ઐશ્વર્ય તરફ પીઠ વાળીને, ત્રીસ વર્ષની ઉંમરે દાક્તરી વિદ્યાના અભ્યાસનો આરંભ કરી દીધો. એ અભ્યાસ પૂર્ણ કરીને, ઈ. સ. ૧૯૧૩માં, તેઓ આફ્રિકા જવા રવાના થયા. આમ સુખચેનભરી જિંદગીનો સ્વેચ્છાએ ત્યાગ કરી, આફ્રિકાની જંગલી જાતિઓની સેવા અર્થે, તેઓ કોંગો નદીના તટ પર જઈ વસ્યા; અને અનેક કઠણાઈઓ વેઠીને તેમણે એ સેવામાં પોતાનું સમસ્ત જીવન રેડ્યું. આજની દુનિયાના સ્વાર્થભર્યા વાતાવરણમાં સ્વાઈટ્ઝરમાં આ સેવાભાવના ક્યાંથી પ્રગટી? એનો કંઈક નિર્દેશ એમના બચપણના જીવનમાંથી મળી શકે છે.

સ્વાઈટ્ઝરના બાલ્યકાળની એક ઘટના છે કે એકવાર એની માએ એને માટે એક ઓવરકોટ તૈયાર કર્યો અને તે એને પહેરવા આપ્યો. બાળ આલ્બર્ટે કહ્યું : 'મમ્મી! આજે તો ઠંડી ઘણી નથી; મારે ઓવરકોટની જરૂર નથી.' માએ કહ્યું: 'જો ધૂમસ ઘણું છે. તું એ પહેરી લે.' આલ્બર્ટે કહ્યું, 'મમ્મી! બીજા કોઈ છોકરાઓની પાસે ઓવરકોટ તો છે નહિ તો હું એકલો એ કેમ પહેરું?' 'સારું', કહીને એની માએ તે વખતે એ વાત પડતી મૂકી. બીજે દિવસ ફરી એ વાત નીકળી, ત્યારે એના પિતાએ એને ઘણી ધાકધમકી આપી, તે છતાં બાળ આલ્બર્ટ કોટ પહેરવા તૈયાર ન થયો. બાપે કોટ પહેરવા એને સમજાવતાં કહ્યું કે 'તું આવી જીદ કેમ કરે છે? તું તો ડાહ્યો છોકરો છે. તારી મમ્મીએ કેટલી મહેનત કરીને તારે માટે એ કોટ તૈયાર કર્યો છે! છેવટે એને ખુશ કરવા ખાતર પણ તારે એ કોટ પહેરી લેવો જોઈએ.' પરંતુ આલ્બર્ટ કોટ પહેરવા

રાજી નહોતો; કારણ, બીજા વિદ્યાર્થીઓને જે સગવડ ન મળતી હોય તે સગવડ લેવા એનું મન માનતું ન હતું. એની આ જીદથી અકળાઈ ઊઠીને, એના પાદરી પિતાએ એનું બાવડું પકડીને એને ઘરની બહાર કાઢી મૂક્યો અને કહ્યું : "જ્યાં સુધી તું તારી જીદ ન છોડે ત્યાં સુધી તું ઘરની બહાર જ રહે." અને, આલ્બર્ટ ઘરની બહાર ઘૂંટણ પર હાથ ટેકવીને રોતો બેસી રહ્યો. પોતાના પડોશી પ્રત્યે જાત તુલ્ય પ્રેમ રાખવા ઈસુએ કરેલ આજ્ઞા–'લવ ધાય નેબર એઝ ધાય સેલ્ફ'–ના અમલમાં બાળ આલ્બર્ટ તેના પાદરી પિતાને ટપી ગયો.

## પૂર્વનાં જીવનોમાં પોષાયેલી વૃત્તિ–પ્રવૃત્તિનો પડઘો

બાળકોમાં જોવા મળતા આવા આત્મિક ગુણવિકાસના, બૌદ્ધિક પ્રતિભાના કે કાવ્ય, સંગીત, નૃત્ય આદિ લલિત કળાઓમાં પારંગતતાનાં દૃષ્ટાંતો એક વાત બુલંદ સ્વરે કહી જાય છે કે જીવનમાં વ્યક્તિએ જે ગુણો પ્રાપ્ત કર્યા હોય કે શક્તિઓ વિકસાવી હોય તેનો લાભ કાયા બદલાયા પછી, અન્ય જન્મમાં, પણ તેને મળે છે. હેન્રી ફોર્ડને એમ કહેતા ટાંકવામાં આવે છે કે "પુનર્જન્મની શોધે મારી અસ્વસ્થતા દૂર કરી; મેં નિરાંત અનુભવી, મને લાગ્યું કે જીવન ભલે રહસ્યભર્યું રહ્યું, પણ તેમાં વ્યવસ્થા અને પ્રગતિ રહેલાં જ છે. ત્યારથી જીવનના રહસ્યના ઉકેલની શોધમાં અન્યત્ર ફાંફાં મારવાનું મેં છોડી દીધું છે."

જી. પી. બીડર નામનો એક અમેરિકન છોકરો ચાર વર્ષની વયે ગણિતનો ખાં બની ચૂક્યો હતો, અને 'કોમ્પ્યુટર'ની ઝડપે મોટી મોટી રકમના દાખલા ગણી બતાવતો ! આયર્લેન્ડનો વિલિયમ હેમિલ્ટન, શાળા-મહાશાળાનો ઉંબરો ચઢયા વિના જ, બાર વર્ષની વયે, પ્રકાશ ઉપર મહાનિબંધ લખીને પીએચ. ડી. થઈ ચૂક્યો હતો. નાની વયે જ અસાધારણ બુદ્ધિપ્રતિભા બતાવનારાં આવાં બાળકોના દાખલાઓ આપણે અવારનવાર સાંભળીએ છીએ. તેનું સ્મરણ કરાવે એવી એક છોકરી અમેરિકામાં હાલમાં પ્રકાશમાં આવી છે. એડિથ સ્ટર્ન નામની આ છોકરી ચૌદમે વર્ષે ગ્રેજ્યુએટ બની, અને અત્યારે મિશિગન વિદ્યાપીઠમાં પ્રાધ્યાપિકા છે.

માત્ર સોળ વર્ષની ઉંમરમાં જ જ્ઞાન, યોગ અને ભક્તિનો ત્રિવેણીસંગમ સાધતા 'અમૃતાનુભવ' અને ગીતાની પ્રથમ હરોળની ટીકાઓમાં સ્થાન પામતી 'જ્ઞાનેશ્વરી'ની રચના કરનાર સંત જ્ઞાનદેવ; નવ વર્ષની વયે જ રામાયણ અને મહાભારતની સંક્ષેપમાં પદ્યમાં રચના કરનાર અને દશમે વર્ષે 'દૂર-દર્શન' આદિ અતીન્દ્રિય શક્તિઓનો પરચો આપનાર શ્રીમદ્ રાજચંદ્ર, અને, આ

જીવનમાં કોઈ સાધના કર્યા વિના, વિદ્યાર્થી અવસ્થામાં જ આત્મસાક્ષાત્કાર પામનાર શ્રી રમણ મહર્ષિ જેવા આધ્યાત્મિક જગતના સિતારાઓનાં નામો પણ આ સંદર્ભમાં ઉલ્લેખનીય છે. દીર્ઘ કાળના પુરુષાર્થ વિના જે સફળતા અને સિદ્ધિઓ પ્રાપ્ત થવી સંભવિત નથી તે, બચપણમાં જ, કે આ જીવનના તેવા કોઈ પ્રયત્ન વિના, આ મહાનુભાવોને શી રીતે સાંપડી ?

**આપણી વર્તમાન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓ અને મર્યાદાઓનું તેમજ આપણને પ્રાપ્ત થયેલ કૌટુંબિક અને સામાજિક પરિસ્થિતિનું બીજ આપણાં પૂર્વ જીવનોમાં આપણે પોષેલી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓમાં રહેલું છે.** આ તથ્યની સ્પષ્ટ સમજણ માણસને લાધે તો, વર્તમાન જીવનનું વહેણ નક્કી કરવાની સાચી દૃષ્ટિ તે મેળવી શકે.

### કુદરતનો અનુલ્લંઘનીય કાયદો

પ્રકૃતિનો એક પવિત્ર નિયમ છે કે જેનું ઉલ્લંઘન કદી કોઈથી કરી શકાતું નથી. માણસ જે કાંઈ સારું-નરસું કામ કરે કે મંગળ-અમંગળ ધ્યાન કે વિચાર સુધ્ધાં કરે તેનો બદલો તેને અવશ્ય મળે જ છે. ગમે તેવા એકાંત સ્થળે પાપ કરો તોય એનું ફળ તમને મળવાનું જ; દુઃખ અને દારિદ્રય તમારા ઉપર ત્રાટકશે જ. પ્રકૃતિને કોઈ રીતે છેતરી શકાતી નથી, એની આંખમાં ધૂળ નાખી શકાતી નથી. ગમે તેવી નિર્જન એકાંત ગુફામાં જઈને પાપ આચરો તોય કુદરતના આ નિયમમાંથી છટકી શકાતું નથી. હૃદયમાં તમે પાપી વિચારને પોષ્યો કે એના પરિણામ સ્વરૂપે બાહ્ય જગતમાં દુઃખદાયક પરિસ્થિતિ, મોડી કે વહેલી, તમને અચૂક ઘેરી વળશે. એ જ રીતે, વ્યક્તિએ કરેલું સુકૃત્ય લોક જાણતું હોય કે ન જાણતું હોય, પરંતુ કુદરત તેના પ્રત્યેક સુકૃત્યની પણ નોંધ રાખે છે, અને તેનું ઇનામ ઘેર બેઠાં તેને પહોંચાડે છે.

આપણા પ્રત્યેક વિચાર-વર્તનના આપણે ભોગવવા પડતા પ્રત્યાઘાતોની વિશદ સમજ આપતો કર્મનો સિદ્ધાંત જૈન, બૌદ્ધ, હિંદુ આદિ આધ્યાત્મિક વિચારધારાઓમાં અપનાવાયેલો છે. પરામનોવિજ્ઞાનનાં સંશોધનો દરમ્યાન કર્મના એ સિદ્ધાંતને પણ સમર્થન મળ્યું છે. 'બીજો જન્મ ક્યાં લેવો એની પસંદગી કરી શકાય છે ખરી?' એ પ્રશ્નનો 'એજ-રીગ્રેશન'ના અખતરાઓ દરમ્યાન ઉત્તર મળ્યો છે કે 'એવી પસંદગી કરી શકાતી નથી, પરંતુ પૃથ્વી ઉપરનું પહેલાંનું જીવન કે અન્ય ગ્રહો ઉપર વચ્ચે વીતાવેલું જીવન વ્યક્તિએ જે રીતે ગાળ્યું

હોય એને અનુસારે જ નવા જીવનમાં તે કયું શરીર ધારણ કરે અને સમાજમાં કેટલો મોભો ધરાવે તે નક્કી થતું હોય છે." ૪૧

'હિપ્નોટીક ટ્રાન્સ'ની મદદથી એક હજારથી યે વધુ વ્યક્તિઓનાં પૂર્વ-જીવનોનો અભ્યાસ કર્યા પછી ડૉ. એલેકઝાંડર કેનને નોંધ્યું છે કે "ગત જન્મમાં આચરેલ કોઈ દુષ્ટ કૃત્યના બદલામાં તે વ્યક્તિ, ક્રિયા-પ્રતિક્રિયાના આ નિયમના કારણે, આ જીવનમાં કેવી રીતે દુઃખી થાય છે તે દર્શાવીને, આ અભ્યાસ, પ્રકૃતિ-તંત્રમાં અત્યંત વ્યાપક અર્થમાં પ્રવર્તતા અદલ ન્યાયની વાત કહી જાય છે. કેટલાય માણસો નથી સમજી શકતા કે, તેમના માથે ઉપરાઉપરી અનેક આપત્તિઓ કેમ ત્રાટકયા કરે છે? એમના ગત જન્મોમાં નજર નાખતાં જણાય છે કે એમણે પૂર્વે ક્રૂર કર્મો કર્યાં છે. જ્યારે કોઈ આજે ગમે તેમ વર્તે છે તોય એના પાસા પોબારા જ પડે છે; ગત જન્મોમાં એણે કરેલ કોઈ સત્કાર્યનું એ ઇનામ ન હોઈ શકે?" ૪૨

ગત જીવનના આચાર-વિચારના પડઘારૂપે વ્યક્તિનું વર્તમાન જીવન આકાર લે છે; એની સાબિતી એડ્ગર કેસીએ આપેલાં 'લાઈફ-રીડીંગ્ઝ'માં

૪૧. The subject was then asked if there was any choice in the matter of the body into which an entity was being reincarnated. She replied that there was no choice, but that it all depended upon how one had lived in one's past life on earth and in the intermediary life on the other planets as to what body and what station of life one would inhabit in this new incarnation.

—The Power Within, p. 180.

૪૨. This study explains the scale of justice in a very broad way showing how a person appears to suffer in this life as a result of something he has done in a past life through this law of action and reaction known in the East as Karma. ... Many a person cannot see why he suffers one disaster after another in this life, yet reincarnation may reveal atrocities committed by him in lives gone by. Others, no matter what they seem to do, 'fall on their feet' as it were, and may it not be the reward for services rendered in lives gone by?

—Ibid, pp. 170-1.

પણ પ્રાપ્ત થઈ છે. “ કેસીએ, ગત જીવનના આધારે તે વ્યક્તિઓની શક્તિઓ, ખાસિયતો, શોખો, રસવૃત્તિઓ અને ધંધા સુધ્ધાંની આગાહીઓ કરેલી, જે આશ્ચર્યજનક હદે સાચી પુરવાર થઈ છે.” ૪૩ ‘ એજ-રીગ્રેશન ’ દ્વારા વ્યક્તિનાં ગત જીવનોમાં નજર કરવાના અખતરાઓમાં એ પણ દેખાયું છે કે એક જીવનનાં વિચાર-વર્તનના પડછાયા એ પછીના બીજા જ જીવનમાં કે ઘણા ભવોનું અંતર પડયા પછી સપાટી ઉપર આવે છે. ૪૪

## આપણી વર્તમાન પરિસ્થિતિનું બીજ

પૂર્વજીવનનું કર્મ જેમ વર્તમાન જીવનમાં ફળ દેખાડે છે, તેમ આ જીવનનું કર્મ પણ વર્તમાન જીવનમાં પોતાનો પ્રત્યાઘાત જન્માવી શકે છે: આ સત્ય પશ્ચિમમાં આજે સ્વીકારાઈ રહ્યું છે. આ જીવનમાં આપણને પ્રાપ્ત થતી પ્રસન્ન પળો કે દુઃખના દિવસોનું બીજ આપણે પૂર્વજીવનમાં જ નાખ્યું હોય એવો નિયમ નથી, એ બીજ આપણે વર્તમાન જીવનમાં વાવ્યું હોય એમ પણ બને; અને માત્ર પ્રવૃત્તિ જ નહિ, આપણા મનમાં ઊઠતી લાગણીઓ અને વિચારો પણ, તેના તેવા તેવા પ્રત્યાઘાતો જન્માવે છે. “ એવું નથી કે વિચારો કૃતિમાં ઊતરે તો જ કર્મના નિયમાનુસાર તે પોતાના પ્રત્યાઘાત જન્માવવા સમર્થ બને. જો તે પૂરતી ઉત્કટતા ધરાવતા હોય અને પૂરતા સમયગાળા સુધી રહ્યા હોય તો આખરે, તે પોતાને અનુરૂપ ફળ બાહ્ય પરિસ્થિતિમાં પણ નીપજાવશે. એક ચાલુ ઉદાહરણથી આ વાત સ્પષ્ટ કરી શકાય : જો કોઈ માણસ કોઈને ઉત્કટતાથી સતત ધિક્કારતો હોય–ત્યાં સુધી કે તેને મારી નાખવાની આતુર અભિલાષા તે ધરાવતો હોય–પણ એ કૃત્યનાં માઠાં પરિણામોની બીકથી તેને મારી નાખવાની હિંમત ન કરી શકતો હોય; તો, તેના આ ખૂની વિચારો પોતાને અનુરૂપ પ્રત્યાઘાત તેની જાત ઉપર જ એક દિવસ દેખાડશે. ને ત્યારે તે પોતે જ ઓચિંતા મૃત્યુનો કોઈ જીવલેણ અકસ્માતનો કે તેના ચારિત્ર્યને ભરખી જનાર દ્વેષની જેમ તેના શરીરને કોરી ખાનાર કોઈ વ્યાધિનો શિકાર બને. આમ જોકે તે

---

૪૩. ... the detailed projections made by Cayce, which were based, he had indicated, on their former earth-experiences, have proved singularly true, even to the extent of predicting skills, traits, hobbies, interests and professions.

—The Search for Bridey Murphy, p. 93.

૪૪. **Vide** : The Power Within, pp. 171–3.

ખરેખર ખૂનનો ગુનેગાર નથી હોય, તેના ખૂની વિચારો માટે, તેને શારીરિક દંડ ભોગવવો પડે છે."૪૫

## કર્મના સિદ્ધાંતને અપનાવવા ઉત્સુક બનેલું પશ્ચિમ

પરામનોવૈજ્ઞાનિક સંશોધનોએ, આમ, કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતની પ્રતીતિ પાશ્ચિમાત્ય જગતને કરાવી આપી છે, તેથી, ત્યાં પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતની પુનઃ પ્રતિષ્ઠા કરવાની માગ શરૂ થઈ ચૂકી છે. એ સુપ્રસિદ્ધ અંગ્રેજ લેખક લખે છે કે "કર્મ એ એક વૈજ્ઞાનિક નિયમ છે. છતાં, એશિયાઈ ધર્મોએ એને અપનાવેલો. પહેલાં યુરોપની ધાર્મિક શ્રદ્ધામાં એનું સ્થાન હતું. પરંતુ ઈસુ પછી પાંચસો વર્ષે કૉન્સ્ટેન્ટીનોપલની કાઉન્સિલે ઈસુના ઉપદેશમાંથી એને રુખસદ આપી. આમ થોડા મૂર્ખ માણસોના મંડળે પશ્ચિમને આ વૈજ્ઞાનિક સિદ્ધાંતથી વંચિત કર્યું ! પણ હવે આ

---

૪૫. Every deed creates both its physical reaction and the psychological tendency to repeat the deed. It was mentioned...that thought tends to be creative and that sooner or later it produces Karmic fruit in man's general environment. This is also true of his moral life. Here, it is not always necessary for his thoughts to translate themselves into deeds before they can become Karmically effective. If they have sufficient intensity and if they are prolonged over a sufficient period, they will eventually bring appropriate results even in external circumstances. This can be made clearer by an actual illustration. If a man persistently and intensely hates somebody, even to the point of ardently wishing his death, but if through fear of consequences he lacks the courage to slay the other person, then his murderous thoughts will one day react upon himself in an equilibrated form. He may then himself experience a violent death or fall victim to a fatal accident or suffer from a disease which is as corrosive to his body as his hatred was to his character. Thus although not actually guilty of commiting murder, he undergoes a physical penalty for **thinking** murder.

—Dr. Paul Brunton, The Wisdom of the Overself, p. 138.

વૈજ્ઞાનિક સત્યની અર્વાચીન જગતમાં પુનઃ પ્રતિષ્ઠા કરવાનો સમય આવી લાગ્યો છે. એ પુનઃ પ્રતિષ્ઠાના કાર્યને વેગ આપવાની રાષ્ટ્રના શાસકોની, નેતાઓની, શિક્ષણકારોની અને ધર્મગુરુઓની ફરજ છે. સત્યને ન્યાય આપવા આ જરૂરી છે એટલું જ નહિ, પશ્ચિમની સંસ્કૃતિની સુરક્ષા અને ટકાવને માટે એ અત્યંત આવશ્યક છે. જ્યારે માણસ એ સમજતો થશે કે તે પોતાની વૃત્તિ-પ્રવૃત્તિના પ્રત્યાઘાતોમાંથી છટકી શકે તેમ નથી ત્યારે પોતે કઈ પ્રવૃત્તિમાં જોડાવું એ બાબત તે જાગૃત બનશે અને પોતાના વિચારોમાં પણ એ વધુ સાવધ રહેશે. જ્યારે તેને જ્ઞાન થશે કે **ધિક્કાર અને દ્વેષ એ એવું તિક્ષ્ણ શસ્ત્ર છે કે જે માત્ર સામી વ્યક્તિને જ નહિ પણ, ત્યાં અથડાઈને, એ શસ્ત્ર છોડનારને ખુદને પણ ઘાયલ કરે છે,** ત્યારે માનવજાતિના આ સૌથી વધુ અનર્થકર પાપને પોતાના હૃદયમાં સ્થાન આપતાં પૂર્વે એ સત્તર વાર વિચાર કરશે.

"... ...આ સમજમાંથી સુદૃઢ નૈતિક જીવન આપોઆપ ઉદ્‌ભવશે. પશ્ચિમે પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતને અપનાવવાની અત્યંત આવશ્યકતા છે અને તે પણ તાકીદે. કારણ કે, આ સિદ્ધાંતો વ્યક્તિને અને રાષ્ટ્રને પોતાની નૈતિક જવાબદારીનું જે ભાન કરાવે છે તે કોઈ પણ અસંગત વાદ કે મત નહિ કરાવી શકે."[૪૬]

---

૪૬. Although Karma is really a scientific law it was appropriated by the Asiatic religions as well as by the pegan faiths of primitive Europe. ... It lived in Christian faith for five hundred years after Jesus. Then a group of men, the Council of Constantinople, banished it from the Christian teaching. ...because it offended their own petty personal prejudices. Thus a little band of foolish men ... have robbed the West of a religious belief which, in the turn of history's wheel, must now be restored to the modern world for the scientific truth that it really is.

It is the duty of those who rule nations, guide thought, influence education and lead religion to make this rastoration. Truth demands it in any case, but the safety and survival of Western civilization imperiously demand it still more. When men learn that they cannot escape the consequences

### આપણા બંધનનું દોરડું

આપણે એ જોયું કે વ્યક્તિની સારી-નરસી ગમે તે પ્રવૃત્તિ કે વિચાર સુધ્ધાં એની પ્રતિક્રિયા તેના જીવનમાં અચૂક જન્માવે છે. રેયૂનોર જોન્સને ઠીક જ કહ્યું છે કે, ભૌતિક જગતમાં સર્વત્ર સ્વીકારાયેલા the law of cause and effect or action and reaction–ક્રિયા અને પ્રતિક્રિયાના નિયમ–નો આપણી પ્રવૃત્તિ, વિચાર, લાગણી આદિ સર્વ સ્તરે સ્વીકાર એ જ આધ્યાત્મિક જગતનો કર્મનો નિયમ છે. આપણે અનુભવીએ છીએ કે દરેક માણસનું જીવન અમુક મર્યાદાઓથી ઘેરાયેલું છે, પૂર્ણ સ્વતંત્ર કોઈ નથી. **બાહ્ય પરિસ્થિતિમાં અમુક પરિવર્તન લાવીને પોતે સ્વતંત્રતાનો આસ્વાદ માણી શકશે એવી આશામાં માનવી અનેક યુદ્ધો લડયો છે. પરંતુ એ પછી ય સ્વતંત્રતા એને હાથતાળી દઈ દૂર જ રહી છે. એનું કારણ એ છે કે તેના બંધનનાં મૂળભૂત કારણો બહાર નહિ પણ માનવીના હૃદય અને મનની અંદર પડયાં છે.** આપણી વાસનાઓ, ટેવો, માનસિક વલણો, ઇચ્છાઓ, આકાંક્ષાઓ અને ગમા-અણગમાઓના આપણે દાસ છીએ. આપણી રાજકીય કે આર્થિક પરિસ્થિતિ જ માત્ર નહિ પણ આપણી બૌદ્ધિક અને શારીરિક શક્તિઓ, આપણી આસપાસનું વાતાવરણ અને આપણું માનસિક ઘડતર પણ આપણા ઉપર અમુક મર્યાદાઓ લાદે છે. આપણે બધા જ બંદી છીએ. કોઈના બંધનનું દોરડું બીજાનાથી જરા લાંબું હશે તેથી એ થોડી વધુ છૂટથી હરીફરી શકતો હશે, પણ એ દોરડાથી અંકિત વર્તુલ આપણી સ્વતંત્રતાની

---

of what they are and what they do, they will be more careful in conduct and more cautious in thinking. When they comprehend that hatred is a sharp boomerang which not only hurts the hated but also the hater, they will hesitate twice and thrice before yielding to this worst of all human sins.

...A sound ethical life will follow naturally as a function of such understanding. The West has great and quick need for the acceptance of Karma and rebirth because they make men and nations ethically self-responsible as no irrational or incoherent dogma can make them. ... Hence the urgency of popularizing the Karma doctrine.

—The Hidden Teaching Beyond Yoga, pp. 335-9.

લક્ષ્મણરેખા બની રહે છે. મોટા ભાગના માનવબંદીઓનું આ વર્તુલ અત્યંત નાનું છે, પણ માણસને એનું ભાન નથી.

કર્મનો સિદ્ધાંત આપણને આપણી મર્યાદાઓના મૂળ કારણ સુધી લઈ જાય છે; ને આપણી બેડી આપણે પોતે જ કેવી રીતે ઘડી રહ્યા છીએ તેનો ખ્યાલ આપણને આપી, એમાં ઇચ્છિત પરિવર્તન લાવવાની ખરી ચાવી આપણા હાથમાં મૂકી દે છે.

## સુખ-સમૃદ્ધિનો મૂળ સ્રોત

જગતને આપણે પ્રસન્નતાનો કે રુદનનો જે અનુભવ આપીએ છીએ તે આપણી સામે આવવાનો. આપણી પરિસ્થિતિમાં આપણે જો અનુકૂળ સુધારો ઇચ્છતા હોઈએ તો, પહેલાં, આપણા આચાર-વિચાર ઉપર આપણે ચોકી મૂકી દેવી પડશે. બીજાને દુઃખ કે ગ્લાનિનો અનુભવ કરાવે એવી કોઈ પ્રવૃત્તિ કે વિચારથી અળગા રહેવા આપણે સજાગ બનવું પડશે. **જીવનમાં સુખ-શાંતિ મેળવવાનો ઉપાય એ છે કે બીજાને સુખશાંતિ મળે એવી રીતે આપણું જીવન ઘડવું. 'વાવો તેવું પામો' એ નિયમ કુદરતમાં સર્વત્ર પ્રવર્તે છે.** ઘઉં જોઈતા હોય તો ઘઉં વાવો, ને ગુલાબ જોઈતું હોય તો ગુલાબ. આવળ વાવીને ગુલાબની આશા રાખવી વ્યર્થ છે, તેમ સુખ જોઈતું હોય તો સુખ વાવો; સુખનો ત્યાગ કરો અને સુખ બીજાને આપો—ખેડૂત બીજનો ત્યાગ કરે છે ને ધરતીને આપે છે તેમ.

આ વાત માણસ બરાબર સમજી લે તો એને ભાન થશે કે **સમૃદ્ધિનું મૂળ ઔદાર્ય અને તંગીનું મૂળ પોતાની જ સંકુચિત સ્વાર્થવૃત્તિમાં રહેલું છે. સંઘર્ષ નહિ પણ સહકાર, દ્વેષ નહિ પણ સહાનુભૂતિ, તિરસ્કાર નહિ પણ કરુણા, ઈર્ષ્યા કે મત્સર નહિ પણ પ્રમોદ એ માત્ર આધ્યાત્મિક ઉન્નતિના જ નહિ પણ દુન્યવી જીવનની સફળતાના પણ મૂળ સ્રોત છે.** આ વાત આજે માનસચિકિત્સકોનાં 'પ્રિસ્ક્રીપ્સનો'માં પણ સ્થાન પામી છે. પ્રાણીમાત્રમાં સમાન આત્મા વિલસી રહ્યો છે એ જાગૃતિપૂર્વકનો જીવનવ્યવહાર જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે છે, તથા સાધના-માર્ગમાંનાં વિઘ્નોને અળગાં રાખે છે.

કર્મનો સિદ્ધાંત બરાબર સમજવામાં આવે તો તે નિષ્ક્રિયતાને પોષવાને બદલે પુરુષાર્થ પ્રેરે છે, નિરાશા ન જન્માવતાં નવી આશા પ્રગટાવે છે. ભૂતકાળની વૃત્તિ-પ્રવૃત્તિથી આપણું વર્તમાન આપણે જ ઘડ્યું છે, તેમ વર્તમાનનો સમજપૂર્વકનો ઉપયોગ કરી આપણે જેવું ભાવિ ઇચ્છતા હોઈએ તેવું ઘડી

શકીએ છીએ એટલું જ નહિ, ભૂતકાળના કર્મથી ઘડાયેલી આપણી વર્તમાન પરિસ્થિતિમાં પણ, એ રીતે, પરિવર્તન આણી શકીએ છીએ.

## કર્મના નિયમથી પર

કર્મના આ નિયમના જ્ઞાનથી માણસ, પોતાને દુઃખરૂપ નીવડે તેવી પ્રતિક્રિયા જન્માવનાર વિચાર-વર્તનથી વેગળો રહી, કર્મની પ્રતિક્રિયા પોતાને અનુકૂળ બનાવી શકે. પણ એ રીતે, તે કર્મ-વિપાકની પ્રક્રિયાના દાસત્વમાંથી સમૂળગો છૂટકારો તો નથી જ મેળવી શકતો. તેના આ દાસત્વનો અંત કોઈ રીતે આવી શકે ખરો ? અર્થાત્ જેનો પ્રત્યાઘાત જ ન હોય એવી પ્રવૃત્તિ શક્ય છે ખરી ? કે ક્રિયા-પ્રતિક્રિયાની આ પરંપરા અનંતકાળ સુધી વણથંભી ચાલતી જ રહેવાની ? આત્મા, પરલોક, પુનર્જન્મ અને કર્મ જેવી મૂળભૂત બાબતોનો નિર્ણય થયા પછી વિમર્શશીલ માનવીને માટે મહત્ત્વનો પ્રશ્ન એ રહે છે કે ક્રિયા-પ્રતિક્રિયાની આ ઘટમાળમાંથી મુક્ત થઈ શકાય ખરું ? આ ઘટમાળ નભે છે શાથી ? એનો અંત કઈ રીતે આણી શકાય ?

પદાર્થવિજ્ઞાનનો એક નિયમ છે કે ક્રિયાની સાથે પ્રતિક્રિયા અનિવાર્ય છે. વિશ્વમાં ક્રિયા-પ્રતિક્રિયાનું ચક્ર ચાલતું જ રહે છે. પરંતુ તેમાં એક અપવાદ નોંધાયો છે. પદાર્થની વિભિન્ન અવસ્થાઓના નિરીક્ષણના પ્રયોગોમાંના તાપમાનને ઘટાડતાં ઘટાડતાં, તેને પરમ શૂન્ય–' એબ્સોલ્યુટ ઝીરો ' ( –૨૭૩·૧૫ ડિગ્રી સેન્ટિગ્રેડ ) સુધી લઈ જવાના પ્રયોગ દરમ્યાન વૈજ્ઞાનિકોએ એક અદ્‌ભુત ઘટના જોઈ. પરમ શૂન્ય તો એક એવી અવસ્થા છે જ્યાં કદી પહોંચી શકાતું નથી; પરંતુ ત્યાં પહોંચવાના પ્રયોગોમાં વૈજ્ઞાનિકોએ એ જોયું કે પરમ શૂન્યની નજીક પહોંચતાં એકાએક પદાર્થની પ્રતિરોધશક્તિ અદૃશ્ય થઈ જાય છે ! ભૌતિક વિજ્ઞાનના આ પરમ શૂન્યના ચમત્કારની પ્રતિકૃતિ આધ્યાત્મિક જગતમાં પણ જોવા મળે છે.

**સાધના દ્વારા માણસ અહંતાનો લોપ કરી ' શૂન્ય ' સુધી પહોંચી જાય તો એની પ્રવૃત્તિ પ્રતિક્રિયાથી પર બની જાય છે. પછી કર્મનાં બંધન એના ઉપર પોતાની પકડ જમાવી શકતાં નથી,** ને એનાં સહજ સુખ, જ્ઞાન અને આનંદને મર્યાદિત કરનારી જૂની પાળો તૂટી પડે છે. ' અહં '-શૂન્ય અવસ્થાએ થતું કાર્ય પ્રતિક્રિયા નથી જન્માવતું—એ શોધ છે આંતરપ્રકૃતિના નિયમો ખોળી કાઢનાર આધ્યાત્મિક જગતના સંશોધકોની.

## આંતર પ્રકૃતિ ઉપર વિજય

બાહ્ય પ્રકૃતિના નિયમો શોધી કાઢીને વિજ્ઞાન બાહ્ય પ્રકૃતિ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવા મથે છે; જ્ઞાનીઓનું નિશાન છે આંતર પ્રકૃતિ ઉપર વિજય. બાહ્ય

પ્રકૃતિ ઉપરનો વિજય આકર્ષક છે, પરંતુ આંતર પ્રકૃતિનો વિજય સર્વોત્તમ અને ભવ્યાતિભવ્ય છે. અણુથી માંડીને ગ્રહો અને તારાઓનું નિયમન કરનાર પ્રાકૃતિક નિયમોનું જ્ઞાન મેળવી અણુનો વિસ્ફોટ કરવો કે ચંદ્રની ધરતી ઉપર પગ મૂકવો એ ઉત્તેજનાપ્રેરક અનુભવ હશે, પણ વાસનાઓ, ઊર્મિઓ અને ચિત્તમાં ઊભરાતા સંકલ્પ-વિકલ્પનું નિયમન કરનાર કાનૂનોનું જ્ઞાન મેળવી, અહં અને મનને પાર જઈ, સમાધિ-અવસ્થામાં પ્રવેશીને આત્મદર્શન પામવું એ એથી ય વધુ રોમાંચક અનુભવ છે.

વાસના-વિજયના માર્ગે કૂચ આરંભવા ઇચ્છનારે જ્ઞાનીઓએ બતાવેલ આત્મસાક્ષાત્કારના માર્ગે ચાલ્યા વિના છૂટકો નથી એ સત્ય આજે ચિંતનશીલ વૈજ્ઞાનિકો પણ કબૂલવા લાગ્યા છે. [૪૭]

તૃષ્ણા, સ્વાર્થ, દ્વેષ, વૈર વગેરે જે અનેકવિધ વાસનાઓનો માનવ દાસ છે, તે સર્વનું ઉદ્દગમસ્થાન અને આધાર માનવીના અંતઃકરણમાં રહેલ અહંતા અને મમતાની ગ્રંથિ છે. એ ગ્રંથિને ઓળખવાની દૃષ્ટિ માણસને અધ્યાત્મ પાસેથી મળે છે, અને તે પછી એ ગ્રંથિને છેદવાની પ્રક્રિયા અને શક્તિ પણ અધ્યાત્મ જ તેને આપી શકે છે.

વિજ્ઞાન માનવીના બાહ્ય જીવનને, કલેવરને, ખોખાને ઓપ આપે છે, માનવીનું આંતરપોત વિજ્ઞાન બદલી શકતું નથી. માનવના હૃદયમાં રહેલ તૃષ્ણા, સ્વાર્થ, દ્વેષ વગેરે અધમવૃત્તિઓ અકબંધ રહે અને વિજ્ઞાન દ્વારા તેના હાથમાં અમાપ શક્તિ આવે તો એથી તે જાતનું અને જગતનું અહિત જ કરશે. અણુમાં પડેલી અમર્યાદ શક્તિ અણુવિસ્ફોટ દ્વારા વિજ્ઞાને માણસના હાથમાં મૂકી દીધી, એનાથી પહેલું પરાક્રમ માનવે એક ક્ષણમાં લાખો જીવંત સ્ત્રી, પુરુષ, બાળકોને એક સાથે અગ્નિસ્નાન કરાવવાનું–હીરોશિમા અને નાગાસાકીને ભસ્મીભૂત કરવાનું–કર્યું. વિજ્ઞાને સુખ-સગવડના વધુ સાધનો માનવીને મેળવી આપ્યાં છે, પરંતુ એ ન ભૂલવું જોઈએ કે માનવીના દુઃખ,

---

૪૭. The fact is that we are too much slaves of sense-perception. We are hypnotised by space and by time—the forms under which we try to understand the outer world. We live in a dream from which the only way to wake up is to take the ancient path of self-realisation. All those who have found their feet upon it and travelled a little way have seen the material world differently.

—Raynor Johnson, The Imprisoned Splendour, p. 344.

પીડા, યાતના વધારવામાં પણ વિજ્ઞાનનો ફાળો મોટો છે. વિજ્ઞાન માણસના હાથમાં શક્તિ આપે છે. એ શક્તિનો સદુપયોગ કરવાનો વિવેક વિજ્ઞાન નથી શીખવતું. તેને એ વિવેક અધ્યાત્મ આપે છે, વિનોબાજીના શબ્દોમાં કહીએ તો, "વિજ્ઞાન જીવનની પ્રાણશક્તિ છે, અને અધ્યાત્મ જીવનનું ચિત્ત છે. ચિત્તના માર્ગદર્શન હેઠળ પ્રાણ કામ કરે છે. માટે અધ્યાત્મનું માર્ગદર્શન વિજ્ઞાનને મળવું જોઈએ. ...આત્મજ્ઞાન વિના વિજ્ઞાનને ખરી દિશા જ નહિ મળે. ... આત્મજ્ઞાન છે આંખ અને વિજ્ઞાન છે પગ. માનવીને જો આત્મજ્ઞાનની દૃષ્ટિ નહિ હોય તો એ અંધ કોણ જાણે કયાં જઈને અથડાશે કંઈ જ કહેવાય નહિ. ...વિજ્ઞાનમાં બેવડી શક્તિ હોય છે: એક વિનાશશક્તિ અને બીજી વિકાસશક્તિ. તે સેવા પણ કરી શકે છે અને સંહાર પણ. અગ્નિની ખોજ થઈ, તો એનાથી રસોઈ પણ બને છે અને ઘરમાં આગ પણ લગાડી શકાય છે, કિન્તુ અગ્નિનો ઉપયોગ ઘર ફૂંકી મારવા માટે કરવો કે ચૂલો પેટાવવા માટે કરવો એ અક્કલ વિજ્ઞાન પાસે નથી. એ વિવેક તો આત્મજ્ઞાન પાસે છે. જેમ પક્ષી બે પાંખોથી ઊડે છે, તેમ મનુષ્ય આત્મજ્ઞાન અને વિજ્ઞાન–એ બે શક્તિઓથી આગળ ધપે તો સુખી થાય છે." ૪૮

અધ્યાત્મ માનવના અંતરમાં રહેલ દુર્વાસનાઓના મળને ધોઈ નાખવાનું કામ કરે છે. અધ્યાત્મની સહાય વડે અંતઃકરણ નિર્મળ થયા પછી માનવ પાસે જે કાંઈ શક્તિ હશે તેનાથી એના જીવનમાં સુખ અને શાંતિ પ્રસરશે. અન્યથા વિજ્ઞાન દ્વારા શક્તિ અને સમૃદ્ધિ એ કદાચ મેળવી શકશે, પણ સુખ અને શાંતિ માટે વલખાં મારવાનું જ એના નશીબે રહેશે.

બાહ્ય સંયોગો અને પરિસ્થિતિઓ વિનશ્વર છે અને જીવનમાં શાંતિ અને સુખ બાહ્ય સાધનોથી નહિ પણ આત્મામાંથી જ મળી શકવાનાં, એ એકડો અધ્યાત્મની પાઠશાળામાં જે ન શીખે તેને કુદરત પોતાની રીતે એ પાઠ ભણાવે છે. માનવસર્જિત તોફાનો, યુદ્ધ, અણુવિસ્ફોટ કે ધરતીકંપ, પૂર, દુષ્કાળ આદિ કુદરતસર્જિત આપત્તિઓથી સંખ્યાબંધ માણસો, પોતે જેને જીવનાધાર માનતા હોય છે તે, ઘરબાર, કુટુંબ, પરિવાર અને જીવનભરની મહેનતથી એકઠી કરેલી સંપત્તિ વગેરે એક પલકારામાં ખોઈ બેસે છે. 'આ બધું નશ્વર છે' એ જ્ઞાનીનું વચન સમજવાનો ઇન્કાર કરનાર જગતને કુદરત આ રીતે એ પાઠ

---

૪૮. વિનોબા ભાવે, "आत्मज्ञान और विज्ञान," ચોથું સંસ્કરણ, પૃ. ૧૩૬-૧૩૭, (સર્વ સેવા સંઘ પ્રકાશન, રાજઘાટ, વારાણસી).

ભણાવે છે; અને એમ કરીને, એની બહિર્મુખ દૃષ્ટિને અંતર્મુખ થવાની તક ઊભી કરી આપે છે.

આ પાઠ આપણે અધ્યાત્મની નિશાળમાં જ્ઞાનીઓના ચરણે બેસીને શીખી લેવા કે કુદરતની નિશાળમાં તંગી, વિયોગ, વિનાશ અને વિષાદ અનુભવીને, દીર્ઘ કાળ સુધી ચિંતાની ભઠ્ઠીમાં શેકાતા રહી શીખવા, એ આપણી ઇચ્છા ઉપર છોડયું છે કુદરતે.

# અધ્યાત્મવાદનું ઉજ્જવળ ભાવિ

ઓગણીસમી સદીના વિજ્ઞાને જડવાદની ખાઈમાં ભુસ્કો માર્યો હતો અને ગઈ સદીમાં એ જડવાદી જ રહ્યું; પરંતુ વીસમી સદીના વિજ્ઞાને અધ્યાત્મ-શિખર તરફ પ્રયાણ આરંભી દીધું છે. અને વિજ્ઞાનની કૂચ હવે અધ્યાત્મના સીમાડામાં પ્રવેશી ચૂકી છે. આ સદીના અંત પહેલાં અધ્યાત્મવાદનો સૂર્ય, જડવાદનાં વાદળોને ભેદીને, ફરી એકવાર સોળે કળાએ પ્રકાશી ઊઠશે એવી આગાહી અનેક વર્તુળોમાંથી આવી રહી છે.

પોતે ભાખેલી ભવિષ્યવાણીઓ સત્ય ઠરવાના કારણે ખૂબ પ્રખ્યાતિ પામેલા પ્રો. હરાર નામના ઈઝરાઈલના યહૂદી ભવિષ્યવેત્તાએ આગાહી કરી છે કે "ભારતમાં એક દૈવી મહાપુરુષ અવતરી ચૂકયા છે. ઈ. સ. ૧૯૭૧ સુધી, તેઓ કોઈ પ્રખ્યાતિ મેળવ્યા વિના, ચૂપચાપ આધ્યાત્મિક ક્રાન્તિનાં મૂળ ઊંડાં ફેલાવશે. પાછળથી આખા એશિયામાં અને દુનિયામાં એ ક્રાન્તિ ફેલાઈ જશે. વિજ્ઞાનને કારણે દુનિયામાંથી સડેલાં ધર્મ અને સંસ્કૃતિ લોપ પામશે ત્યારે આ મૂંગી વાવણીમાંથી એક નવી જાતની વિશ્વવ્યાપી ધાર્મિક ક્રાન્તિ થશે. ...સાઈબેરિયા અને મંગોલિયાની સરહદો અંગે રશિયા અને ચીન વચ્ચે ભારે અથડામણ જાગશે. ઈ. સ. ૧૯૮૦ સુધીમાં દુનિયામાં વિશ્વયુદ્ધનાં વાદળાં ઘેરાશે. ઘણાખરા નાના દેશો ભાંગીતૂટીને મોટા દેશોમાં ભળી જશે. ભારત એમાં અગ્રસ્થાન ભોગવશે. યુનોનું મથક ભારતમાં ખસી આવશે. ભારત એનું અગ્રણી બનશે...હિમાલયમાંથી ભારતને કોઈ ગુપ્ત ભંડારો મળી આવશે અને કલ્પનાતીત અમૂલ્ય સાંસ્કૃતિક વારસો હાથ લાગશે. ...ઈ. સ. ૧૯૮૦થી ૨૦૦૦ સુધીનાં વીશ વર્ષમાં ભારત વીજળીવેગે પ્રગતિનાં શિખરો સર કરશે. ...રાજ્યકર્તાઓ આધ્યાત્મિક જગતના મહાપુરુષોને વંદીને તેમની આજ્ઞા શિરોધાર્ય કરવા જેવી માનશે." ૪૯

૪૯. 'ગુજરાત સમાચાર,' ૧૨-૫-૧૯૭૧.

આયોવા ( અમેરિકા )ના પ્રસિદ્ધ ભવિષ્યદ્રષ્ટા ડૉ. રોબર્ટ ચાર્લ્સ ઍન્ડરસને પોતાની અતીન્દ્રિય જ્ઞાનશક્તિના આધારે આગાહી કરી છે કે " દશ વર્ષની અંદર અમેરિકાનાં બે મહાનગરો ઉપર ચીન અણુબૉંબ નાખશે. અમેરિકાનાં એ બંને મહાનગરો તારાજ થઈ જશે. ત્રીજું વિશ્વયુદ્ધ જાગશે, પણ એ લાંબો સમય નહિ ચાલે; અમેરિકા અને રશિયા મળીને ચીનનો પરાજય કરશે. એ પછીની પચ્ચીશીમાં આ ધરતી ઉપરથી યુદ્ધને વિદાય મળી ચૂકી હશે. દુનિયાનાં બધાં જ રાષ્ટ્રો એક થઈ જશે અને વિશ્વસમાજનું નિર્માણ થશે. " અનુભવથી એ સિદ્ધ થઈ ચૂક્યું છે કે એમની ભવિષ્યવાણી સેંકડે પંચાણુ ટકા સાચી ઠરે છે.[૫૦]

અમેરિકાની મહિલા જેની ડિક્સન પણ એક મશહૂર ભવિષ્યદ્રષ્ટા છે. એણે ભવિષ્યવાણી ઉચ્ચારી છે કે ચીને શરૂ કરેલું યુદ્ધ જલદી પૂરું થઈ જશે; અને ઈ. સ. ૧૯૮૦ સુધીમાં બધા પ્રકારનાં યુદ્ધોનો અંત આવી જશે. પશ્ચિમ એશિયામાં એક દૈવી બાળકનો ફેબ્રુઆરી ૧૯૬૨માં જન્મ થયો છે. એ બાળક મોટો થઈને દુનિયામાં ક્રાન્તિ લાવશે. જગત ઉપર એ અવતારી પુરુષનો પ્રભાવ એની ઓગણીસ વર્ષની વયથી વિસ્તરવા માંડશે, અને પછીનાં થોડાં વર્ષોમાં તે આખીયે માનવજાતને એકતાના સૂત્રે બાંધી દેશે. એની દેશના સાંભળી વિવિધ ધર્મોના અનુયાયીઓ પોતાના મતભેદ ભૂલી જશે. એની વાણીથી માનવમાત્રનું હૃદય શુદ્ધ અને શીતલ બની જશે. ઈ. સ. ૧૯૯૯માં દુનિયામાં પૂર્ણ શાંતિ સ્થાપિત થઈ જશે, અને પૃથ્વી પર " वसुधैव कुटुंबकम् " ની ભાવના સાકાર બનશે.

---

૫૦ ' કાદમ્બિની ' ( હિન્દી માસિક ), ઓક્ટોબર, ૧૯૬૯.

# લેખકશ્રીની અન્ય કૃતિઓ

## યોગસાધકો માટે એક મહત્ત્વનો ગ્રંથ
## આત્મજ્ઞાન અને સાધનાપથ

આવૃત્તિ બીજી　　　　પૃષ્ઠ ૨૩૨+૨૮　　　　બાર રૂપિયા

આધ્યાત્મિક સાધના કરનારને માટે આ એક **અમૂલ્ય પુસ્તક છે.**

અમદાવાદ—૯　　　　**—કુમારપાળ દેસાઈ**

પુસ્તક બહુ ગમ્યું ......જુદી જુદી પદ્ધતિઓનો **સ્વીકાર અને સમજૂતિ,** વ્યવહારુ **માર્ગદર્શન અને સ્પષ્ટ શૈલી—એ એનાં વિશેષ લક્ષણો છે.**

અમદાવાદ—૯　　　　**—ફાધર વાલેસ**

'આત્મજ્ઞાન અને સાધનાપથ' **પુસ્તક** વાંચ્યું, મનમાં ઊઠતા ઘણા પ્રશ્નોનો તેમાંથી જવાબ મળ્યો. ...સાધના અને આત્મજ્ઞાન વિષે આટલો તલસ્પર્શી **અભ્યાસ,** વિશદ છણાવટ અને વિષય અંગે દરેક સાધકને સ્વભાવિક ઊભા થતા પ્રશ્નોનું આટલું સુંદર નિરૂપણ મારા વાંચવામાં આજ સુધી આવ્યું નથી.

અમદાવાદ-૪　　　　**—જસ્ટીસ ટી. યુ. મહેતા**

સર્વાંગસુંદર ગ્રંથ...આ ગ્રંથ માત્ર જૈન સમાજ માટે નથી, પણ જગતના દરેકે દરેક યોગસાધનાના અભ્યાસી માટે આ એક અમૂલ્ય ગ્રંથ છે.

પ્રસ્તુત ગ્રંથનું હિન્દી, મરાઠી, અને અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરી બહાર પાડવામાં આવે તો અનેક સાધકો માટે એ કાર્ય આશીર્વાદરૂપ બનશે.

**—મનસુખલાલ તારાચંદ મહેતા,**
'આત્માનંદ પ્રકાશ,' જાન્યુ૦ ૭૫.

એક સાંપ્રદાયિકા પરંપરા ધરાવતા વર્તુલમાં આ પ્રકારનું મૌલિક ચિંતન જવલ્લે જ થતું જોવામાં આવે છે, અને તેમાંય મૂળભૂત સિદ્ધાંતો અને શ્રદ્ધાને સાચવીને.

અત્યંત ગંભીર વાત સરળ અને સુગમ ભાષામાં પ્રતીતિકર રીતે રજુ કરી છે.

વિષયનિરૂપણની શૈલી વાચકની રસવૃત્તિને છેવટ સુધી બરાબર પકડી રાખે એવી છે એ જ બતાવે છે કે લેખક પોતે આવા ગંભીર વિષયના એક અનોખા ખેડુ છે.

છેવટનાં કેટલાંક પ્રકરણોમાં ધ્યાનસાધનાની દિશામાં ખેડાયેલી જુદી જુદી ધ્યાનપદ્ધતિઓ અંગેની જે માહિતી આપેલી છે તે જિજ્ઞાસુઓ માટે ખૂબ જ ઉપયોગી બને એવી છે.

અમદાવાદ–૭ **—ચંદ્રકાંત બકુભાઈ**

મુમુક્ષુજનોને તેમજ પૂ. સાધુ–સાધ્વીજીઓને ઉચ્ચ કોટિનું માર્ગદર્શન આ પુસ્તકમાંથી મળી શકે તેમ છે.

મુંબઈ—૩ **એમ. જે દેસાઈ**

માનદ્ મંત્રી

શ્રી. અ. ભા. શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સ

અનેક દૃષ્ટિએ પુસ્તક સુંદર અને ઉપયોગી છે. આત્મસાધનાના ક્ષેત્રમાં પ્રવેશ કરવાની ઝંખનાવાળા મુમુક્ષુઓ તેમ જ નવસાધકો માટે તો એ એક standard hand book – ભારે ઉપયોગી અને પ્રમાણભૂત માર્ગદર્શિકા – ની ગરજ સારે એવું બન્યું છે; એટલું જ નહિ, સાધનામાં ઠીક ઠીક આગળ વધેલાને માટે પણ તે ઓછું મૂલ્યવાન કે ઓછું ઉપયોગી નથી.

કશા જ આડંબર વિનાની સીધી સાદી સરળ અને તર્કસંગત નિરૂપણશૈલીને કારણે (આ પુસ્તક) વાંચતાં વાંચતાં સમર્થ તત્ત્વવિવેચક શ્રી કિશોરલાલભાઈ મશરૂવાળાનું સ્મરણ થયા કરતું હતું.

રાષ્ટ્રીયશાળા, રાજકોટ. **—વજુભાઈ શાહ**

મનને સમજીને, મનની–હૃદયની ગ્રંથિઓ છોડવા વિષે આપેલી સમજ શ્રુતિ, યુક્તિ અને અનુભવથી તોલીને આપી હોઈ, સાધક માટે સાધનાની માર્ગદર્શિની તરીકે આ ગ્રંથ સતત સાથે રાખવા યોગ્ય છે.

જૈન અને જૈનેતર સર્વ માટે આ પુસ્તક એકસરખું ઉપયોગી છે.

દ્વારકા **—પુષ્કરભાઈ ગોકાણી**

'આત્મજ્ઞાન અને સાધનાપથ'માં જીવનના સૌથી ઊંચા શિખરનું દર્શન છે, સાથે સાથે એ શિખર પર ચડવા માટે કયો માર્ગ લેવો જોઈએ, વચ્ચે કેટકેટલાં વળાંકો ને આકરાં ચડાણો આવે છે, ત્યારે કેવી સાવધાની રાખવી અને કેવી રીતે આગળ વધવું તેની પુષ્કળ અને બારીક સમજણ આપી છે. જેમને તળેટીમાં બેસીને માત્ર શિખરની વાતો કરવી છે તેમને માટે તો આ પુસ્તક સાંભળેલી વાતોનો ભંડાર લાગશે. પણ જેમને ભેટ બાંધીને નીકળી પડવું છે તેમને માટે તો એ પહાડી ચડાણમાં હાથની લાઠી બની જશે, અંતરિયાળ ભૂલા પડતી વખતે માર્ગની એંધાણી બની જશે, ધોરી વળતા

અંધાર વખતે મશાલ બની જશે અને અંતરનું દૈવત ખૂટતું લાગે ત્યારે અમૃતનું ભાતું બની જશે.

સાધકને માટે તો આગમ-યુક્તિ-અનુભવને એકમાં સમાવતા ત્રિશૂળ સમું, મન-બુદ્ધિ-અહંકારની ત્રિકૂટિ ભેદનારું, આ આયુધ છે. મન-બુદ્ધિ-અહંકારની ત્રિકૂટિ ન ભેદાય ત્યાં સુધી દરેક મુકામે સાધકને એનું કામ પડવાનું.

મુંબઈ—૫૮ —મકરન્દ દવે

*

## અચિંત ચિંતામણિ નવકાર

આવૃત્તિ ચોથી : પૃષ્ઠ ૫૮ : કિંમત દોઢ રૂપિયો

શ્રી નવકાર મહામંત્રના અચિંત્ય પ્રભાવની પ્રતીતિ કરાવતું વર્તમાનકાળનું એક જ્વલંત ઉદાહરણ ટાંકી, નવકારની સફળ સાધનાનાં મહત્ત્વનાં અંગો વિષે મુનિશ્રીએ આપેલું અનોખું માર્ગદર્શન.

☐

કથાપ્રસંગ તો સુંદર છે જ, પણ મહારાજશ્રીએ કરેલ સમાલોચના –વિશ્લેષણ ઘણું જ સુંદર, અભ્યાસપૂર્ણ અને જીવન જીવવામાં ઉપકારક થઈ પડે તેવું છે.

અમદાવાદ–૭ **શાંતિલાલ મગનલાલ સાઠંબાકર**

## સ્વાનુભૂતિ અને સમ્યગ્દર્શન

પૃષ્ઠ ક્રાઉન ૫૮ કિંમત બે રૂપિયા

અમુક મત, પંથ, સંપ્રદાય કે ધાર્મિક જૂથમાં જોડાઈ જવા માત્રથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જતી નથી; જાતઅનુભવમાંથી જન્મતી સ્વ-પરના ભેદની પ્રતીતિ એનો પાયો છે. આ તથ્ય ઉપર પ્રકાશ પાથરતાં 'આત્મજ્ઞાન અને સાધનાપથ'માંનાં બે પ્રકરણો પૂજ્ય મુનિશ્રીના માર્મિક પ્રાક્કથન સાથે અહીં નવા સંદર્ભમાં નવો દેહ ધારણ કરે છે.

☐

આ પુસ્તિકા...માત્ર પુનર્મુદ્રણ જ નથી. લેખક મુનિશ્રીએ આ પુસ્તિકા માટે લખેલું પ્રાક્કથન સમ્યગ્દર્શનના રૂઢ અર્થને નવું જ સૌન્દર્ય બક્ષે છે. મુનિશ્રીના અંતરના ય અંતરતમમાં જે ક્રાન્તદર્શન ઘોળાય છે, ઘુંટાય છે તેની તેજઝલક તેમાં જોવા મળે છે. આ પ્રાક્કથન વાંચવા માટે પણ આ પુસ્તિકા ખરીદવા જેવી છે.

—ગુણવંત શાહ

'જિન સંદેશ' (પાક્ષિક), ફેબ્રુઆરી ૧૯૭૫.

## સાધનાનું હૃદય

પૃષ્ઠ ક્રાઉન : ૮૨ કિંમત : ત્રણ રૂપિયા

આ પુસ્તિકામાં, પૂજ્ય મહારાજશ્રીની ચિંતનસભર પ્રૌઢ શૈલીમાં, નિશ્ચય-વ્યવહારની તલસ્પર્શી સમીક્ષા સાથે, જ્ઞાન અને ક્રિયાનું હાર્દ સ્ફુટ થતું વાચક અનુભવશે.

☐

સાધકને ઉપયોગી થાય એવા અનેક મુદ્દાઓની આ ગ્રંથમાં લેખકે ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું છે. લેખક વિચારક અને ઊંડા ચિંતનકાર છે, અને તેમનું માત્ર આ એક જ પુસ્તક નહીં, પણ તમામ પુસ્તકો ઘરમાં વસાવવાને લાયક છે.

યોગના અભ્યાસીઓ અને સાધકો માટે તો લેખકનાં પુસ્તકો શિક્ષકની ગરજ સારે તેવાં છે.

—મનસુખલાલ તારાચંદ મહેતા

આત્માનંદ પ્રકાશ, ઓક્ટો૦ ૧૯૭૫

## ચિત્તસ્થૈર્યની કેડીએ

પૃષ્ઠ ક્રાઉન ૩૨ કિંમત રૂપિયો એક

'આત્મજ્ઞાન અને સાધનાપથ' ગ્રંથનું છઠ્ઠું પ્રકરણ સુરેખ પુસ્તિકારૂપે.

☐

ભટકતા મનને સ્થિર કરવા શું શું કરવું જોઈએ અને વ્યગ્રતાભર્યા [બીઝી લાઈફ] જીવનમાં પણ તે કેમ થઈ શકે તેનું સરળ અને સ્પષ્ટ માર્ગદર્શન તેમાં મળી રહે છે.

—ગુણવંત એ. શાહ

આ પુસ્તક

## વાચકોની નજરે

કદમાં ફક્ત એંશી પાનાનું પણ ગુણસમૃદ્ધિમાં અમૂલ્ય રત્નમાળા જેવું આ પુસ્તક વિચારની અનેક દિશાઓ ખોલી નાખે છે. ...પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે.

'જનસત્તા' દૈનિક, ૧૭ નવેમ્બર, ૧૯૭૩. — યશોધર મહેતા

વિચારભેદવાળાને પણ વાંચવાનું ગમે એવી તેની શૈલી છે.

વલ્લભવિદ્યાનગર (આણંદ). — ડૉ. છોટુભાઈ સુથાર

આજના નવા વિચાર પામેલા કૉલેજિયનો અને સૌ કોઈને તે ધર્મ–અધ્યાત્મ–યોગના માર્ગની શ્રદ્ધા કરવા માટે પ્રવેશદ્વાર સમાન છે.

બોરીવલી, મુંબઈ. — વીરેન્દ્ર ટી. દોશી

પુસ્તક વાંચીને નીચે મૂકયા પછી પણ મનનો કબજો મૂકતું નથી. મનમાં લાંબા સમય સુધી ચિંતનનાં ચક્રો ગતિમાન કરી મૂકે છે. ...'ચૈતન્ય શું રાસાયણિક પ્રક્રિયાઓની નીપજ છે?' પ્રકરણ અસાધારણ ચિંતનપૂર્ણ છે. ...એક સાત્ત્વિક કલાકૃતિ વાંચ્યાનો પરિતોષ અનુભવાય છે.

ભુજ (કચ્છ). — મહેશ્વરપ્રસાદ રે. બુચ

મારા પિતાજીના અત્યંત આગ્રહથી મેં 'વિજ્ઞાન અને અધ્યાત્મ' વાંચવા લીધું. એક વખત વાંચવાની શરૂઆત કર્યા પછી તે પૂરું કર્યા સિવાય ચેન ન પડયું. મારા મનમાં જૈન મુનિઓ પ્રત્યે અમુક જાતના જે પૂર્વગ્રહ હતા તે તથા અધ્યાત્મ વિષે જે અમુક ખોટા ખ્યાલો હતા તે પણ આ પુસ્તક ક વખત વાંચવાની શરૂઆત કર્યા

શાહીબાગ, અમદાડયું. મારા મનમાં જૈન મુનિઓ પ્ર જયેશ ટી. મહેતા

વિષયનું તે તથા અધ્યાત્મ વિષે જે અમુક ખોટા તે રસપૂર્ણ અને માહિતીપૂર્ણ બક વખત વાંચવાની શરૂઆત કર્યા વ કરીને આજની કેળવણી પામેલાં ડયું. મારા મનમાં જૈન મુનિઓ પ્રને ઘરમાં વસાવવા જેવું છે.

ભાવનગર. — 'દર્શન' માસિક, ફેબ્રુઆરી ૧૯૭૨

આવરણ • નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ • રાયપુર • અમદાવાદ